Arpan Diagnostic Centre
HEALTH CHECK UP PACKAGE
2000/- 950/-
ઘર બેઠા બ્લડ રિપોર્ટ કરવો
94283 44158

વટથી પ્રસિદ્ધ થતું દૈનિક | 27 ડિસેમ્બર - 2024 | શુક્રવાર

# કાઠિયાવાડ પોસ્ટ

ભલે ઉગ્યા ભાણ

વર્ષઃ 16 | અંકઃ 26 | પૃષ્ઠ સંખ્યાઃ 08 | કિંમતઃ રૂા.3.00 | માગશર વદ-12 | વિ.સં. 2079 | જૈન-12

Printer & Publisher: Mayursinh Aniruddhsinh Jadeja | Editor: Niraj Hargovindbhai Vyas | Address : S-57, 2nd Circle, Shashtrinagar Society, Nanamauva Main Road, Rajkot. | RNI Reg. No. GUJGUJ/2007/22977 | E-mail: kathiawadpost@gmail.com

## ન્યૂઝ ફ્લેશ

### ગુરુગ્રામ સ્થિત ફ્લેટમાંથી આર.જે. સીમરનનો મૃતદેહ મળ્યો




**ગુરુગ્રામઃ** આરજે સિમરનનું ગુરુગ્રામમાં મોત થઈ ગયું છે. તેના મોતના સમાચાર આવતા ચારેતરફ શોકનો માહોલ છવાઈ ગયો છે. સૂચના મળ્યા બાદ ગુરુગ્રામ પોલીસ તપાસમાં લાગી ગઈ છે. તેના ઈન્સ્ટાગ્રામ પર ૬ લાખથી વધારે ફોલોઅર્સ છે. તે પહેલા એક ફેમસ રેડિયો જોકી રહી ચૂકી છે. હાલમાં તે ફ્રીલાન્સર હોવાનું કહેવાતું હતું. જાણકારી અનુસાર, તેનું મોત તેના જ લેટમાં થયું છે. શરૂઆત તપાસમાં આ આત્મહત્યાનો કેસ લાગી રહ્યો છે. તેની લાશ ફાંસીના ફંદે લટકતી જોવા મળી હતી. હાલમાં તેની બોડી પરિવારને સોંપી દેવામાં આવી છે. તે જમ્મુની રહેવાસી હતી. તે તેના એક મિત્ર સાથે અહીં રહેતી હતી. તેણે જ પોલીસને સૂચના આપી હતી. સેક્ટર ૪૭માં પોતાના જ લેટમાંથી તેની લાશ મળી છે. હાલમાં પોલીસ તપાસ કરી રહી છે. મોત પાછળનું કારણ પોલીસ જાણવામાં લાગેલી છે. આરજે સિમરન રેડિયોની દુનિયાનું ફેમસ નામ હતી. તેના અવાજના લોકો દિવાના હતા અને તેણે ફેન્સના દિલોમાં ખાસ જગ્યા બનાવી હતી. તે સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ રહેતી હતી. તેના મોતના સમાચાર સામે આવતા જ લોકો

(અનુસંધાન પાના નં.૭)

# પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહનું નિધન

**શ્વાસ લેવામાં તકલીફ થયા બાદ એઈમ્સમાં દાખલ કરાયા હતાઃ રાત્રે ૯.૫૧ કલાકે ૯૨ વર્ષની વયે લીધા અંતિમ શ્વાસઃ પ્રિયંકા, રાહુલ ગાંધી, ખડગે, સહિતના દિગ્ગજ નેતાઓ હોસ્પિટલ પહોંચ્યાઃ વડાપ્રધાને શોક વ્યક્ત કર્યોઃ આર્થિક ઉદારીકરણના જનક અને બે વખત દેશના વડાપ્રધાન રહી ચૂકેલા ડો.મનમોહન સિંહને લાંબા સમયથી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ હતીઃ કોંગ્રેસે પોતાના તમામ કાર્યક્રમો રદ કરી નાખ્યાઃ દેશભરમાં શોકનો માહોલ**








**નવી દિલ્હી, તા.૨૬**

પૂર્વ વડાપ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ડો.મનમોહન સિંહનું ૯૨ વર્ષની વયે નિધન થયું છે. આજે (૨૬ ડિસેમ્બર) તેમને શ્વાસ લેવામાં તકલીફ પડ્યા બાદ તુરંત દિલ્હીની એમ્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું નિધન થયું છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કર્ણાટકના બેલગામથી કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ નેતા અને વાયનાડ બેઠક પરના સાંસદ પ્રિયંકા ગાંધી સહિતના નેતાઓ હોસ્પિટલ પહોંચી ગયા છે. મૃદુભાષી, વિદ્વાન અને વિનમ્ર મનમોહન સિંહે કોંગ્રેસના શાસન દરમિયાન ભારતના અર્થતંત્રમાં તેજીનો પવન ફંક્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક વિપક્ષી નેતાઓ પણ તેમના કામની પ્રશંસા કરતા રહ્યા છે. આ ઉપરાંત ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં પૂર્વ વડાપ્રધાન નરસિંહરાવ અને મનમોહન સિંહની જોડીએ આર્થિક ઉદારીકરણનાં પગલાં લઈને વિશ્વનું ધ્યાન ખેચ્યું હતું. સૌથી મહત્ત્વની વાત એ છે કે, અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ જાહેરમાં કહ્યું હતું કે, મનમોહન સિંહ બોલે છે, ત્યારે વિશ્વ સાંભળે છે. બીજીતરફ કર્ણાટકના બેલગામમાં આવતીકાલે કોંગ્રેસની રેલી યોજાવાની હતી, જોકે મનમોહન સિંહના નિધન બાદ આ રેલી રદ કરવામાં આવી છે. આ ઉપરાંત પાર્ટીએ તેના અનેક કાર્યક્રમો પદ રદ કરી દીધા છે.

ઉલ્લેખનીય છે કે, ભારતના અર્થતંત્રમાં તેજીનો પવન ફૂંકનાર પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ ૩૩ વર્ષ સુધી રાજ્યસભાના સાંસદ રહ્યા હતા.

દેશના અર્થતંત્રના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેનારા મનમોહન સિંહ પ્રથમ વખત ૧૯૯૧માં રાજ્યસભાના સાંસદ બન્યા હતાં. તેઓ ૧૯૯૧થી ૧૯૯૬ સુધી દેશના નાણામંત્રી અને ૨૦૦૪થી ૨૦૧૪ સુધી દેશના વડાપ્રધાન રહ્યાં હતાં. ૨૦૧૯માં બે મહિનાના ગેપ સિવાય તેઓ સતત છ ટર્મ સુધી રાજ્યસભાના સભ્ય રહ્યા હતા. ૧ ઓક્ટોબર ૧૯૯૧થી ૧૪ જૂન ૨૦૧૯ સુધી સતત તેઓ આસામમાંથી રાજ્યસભામાં ચૂંટાયા હતા. ત્યારબાદ બે મહિનાની ગેપ બાદ રાજસ્થાનથી રાજ્યસભામાં ચૂંટાયા હતા. ત્રીજી એપ્રિલે તેમની રાજ્યસભાની ટર્મ પુરી થઇ હતી.

મૃદુભાષી, વિદ્વાન અને વિનમ્ર મનમોહન સિંહની પ્રશંસા તો વિરોધ પક્ષો પણ કરે છે. તેમને મૌની બાબા કહીને વિપક્ષોએ મશ્કરી પણ ખૂબ કરી છે, પરંતુ ભારતમાં આર્થિક ઉદારીકરણ લાવનાર મનોમહન સિંહને જશ પણ ભરપૂર મળ્યો છે. ભારતમાં ઉદારીકરણ પવન ફૂંકાવો શરૂ થયો તત્કાલીન વડાપ્રધાન પી.વી. નરસિંહરાવના શાસનકાળમાં, કે જ્યારે મનમોહન સિંહ નાણાપ્રધાન હતા. ૩૩ વર્ષની રાજકીય કારકિર્દી ધરાવનાર મનમોહન સિંહનું સૌથી મહત્ત્વનું યોગદાન દેશના આર્થિક તંત્રને વિકાસના ટ્રેક પર મુકવાનું હતું.

**દિલ્હી મુખ્યમંત્રી આતિશીએ ભાજપ નેતા પ્રવેશ વર્મા પર મતના બદલામાં પૈસા વહેંચવાનો આરોપ લાગાવ્યો હતોઃ સાંસદ સંજયસિંહે ફરિયાદ કરી**

# દિલ્હીમાં ચૂંટણી પૂર્વે ભાજપના નેતા પ્રવેશ વર્મા સામે આપની ઈડીમાં ફરિયાદ

**નવી દિલ્હી, તા.૨૬**

દિલ્હી ચૂંટણી પહેલા મતના બદલામાં મહિલાઓને પૈસા આપવાના આરોપમાં ઘેરાયેલા પ્રવેશ વર્માની મુશ્કેલી વધી છે. હવે આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે ઈડી ઑફિસ પહોંચીને પ્રવેશ વર્મા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. દિલ્હી મુખ્યમંત્રી આતિશીએ ભાજપ નેતા પ્રવેશ વર્મા પર મતના બદલામાં પૈસા વહેંચવાનો આરોપ લગાવ્યો હતો.

ફરિયાદ દાખલ કરાવ્યા બાદ આપ સાંસદ સંજય સિંહે કહ્યું કે, ઈડી ઑફિસે ફરિયાદ પત્ર સ્વીકાર કરી લીધો છે. પરંતુ કોઈ અધિકારીએ અમને કાર્યવાહીનું આશ્વાસન નથી આપ્યું. ઈડી શું કરશે, આ અંગે હું ન કહી શકું. તેમણે ફરિયાદની સત્તાવાર રસીદ આપી દીધી છે.



જણાવી દઈએ કે, બુધવારથી આમ આદમી પાર્ટી આ મુદ્દાને લઈને ભાજપને ઘેરી રહી છે અને ચૂંટણીમાં રોકડની એન્ટ્રીને લઈને રાજનીતિ પણ ખૂબ થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ ભાજપ નેતા પ્રવેશ વર્મા પર કેશ વહેંચવાનો આરોપ લગાવ્યો હતો. આતિશીએ કહ્યું હતું કે, 'ભાજપ નવી દિલ્હી વિધાનસભામાં લોકોના વોટર કાર્ડ જોઈ-જોઈને રૂપિયા વહેંચી રહી છે. ભાજપના પ્રવેશ વર્મા રંગે હાથ પૈસા વહેંચતા પકડાઈ ગયા છે.' મુખ્યમંત્રી આતિશીએ એક ફોટો જાહેર કરીને દાવો કર્યો કે, 'નવી દિલ્હીમાં આવેલા ભાજપ નેતા પ્રવેશ વર્માના સરકારી આવાસ ૨૦ વિન્ડસર પ્લેસ પર મહિલાઓને ૧૧૦૦ રૂપિયા વહેંચવામાં આવી રહ્યા છે.' તો આ મુદ્દે પલટવાર કરતાં પ્રવેશ વર્માએ પણ આમ આદમી પાર્ટીને ઘેરી હતી. બુધવારે

(અનુસંધાન પાના નં.૭)

# પેપર લીકઃ આંદોલનકારી વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ મામલે રાહુલે કહ્યું, એકલવ્યની જેમ અંગૂઠો કાપ્યો

**રાહુલ ગાંધીએ બિહારની નીતિશ કુમાર સરકાર પર વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કરવાનો આક્ષેપ કર્યો**

**પટણા, તા.૨૬**

બિહાર લોક સેવા આયોગ (બીપીએસસી)ની પરીક્ષામાં પ્રશ્નપત્ર લીક થયા બાદ ભારે હોબાળો જોવા મળી રહ્યો છે. આ ઘટનાના કારણે વિદ્યાર્થીઓ અને સરકાર વચ્ચે તણાવ વધી ગયો છે. ૧૩ ડિસેમ્બરે યોજાનાર પ્રારંભિક પરીક્ષા વખતે પેપર લીકના અહેવાલો બાદ વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરા મજબૂર થયા છે. પરીક્ષાર્થીઓ પરીક્ષા રદ કરવાની અને ફરી પરીક્ષા યોજવાની માંગ કરી રહ્યા છે. ગઈકાલે (૨૫ ડિસેમ્બર) પટણામાં પોલીસે બીપીએસસી ઉમેદવારો પર લાઠીચાર્જ કર્યો હતો. હવે આ મામલાને રાહુલ ગાંધીએ ગંભીરતાથી લીધી છે અને તેમણે બિહારના



મુખ્યમંત્રી નીતિશ કુમારની સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.

વાસ્તવમાં પેપર લીક થવા મામલે વિદ્યાર્થીઓએ બીપીએસસી ઓફિસને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. સોશિયલ મીડિયા પર આ ઘટનાના અનેક વીડિયો વાયરલ થયા છે. પોલીસે માત્ર વિદ્યાર્થીઓ જ નહીં મહિલા દેખાવકારો પર પણ કડકાઈથી કાર્યવાહી કરી હતી. દેખાવકારોએ આક્ષેપ કર્યો છે કે, તેમની સાથે આતંકવાદી જેવો વ્યવહાર કરાયો. અમે અમારી માંગણીઓ માટે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યા હતા. પોલીસ કોઈપણ માહિતી વગર આવી અને અમારા પર લાઠીચાર્જ કર્યો છે. બિહારમાં પેપર લીક બાદ આંદોલન અને લાઠીચાર્જની ઘટનાથી રાજકારણ ગરમાયું છે. વિપક્ષોને નીતિશ સરકાર પર આક્ષેપો કરવાની તક મળી ગઈ છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, મેં સંસદમાં કહ્યું હતું કે, જે રીતે એકલવ્યનો અંગૂઠો કાપવામાં આવ્યો હતો, તેવી રીતે પેપર લીક કરાવી યુવાઓનો અંગૂઠો કાપવામાં આવી રહ્યો છે. તેમણે નીતિશ સરકાર પર વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેંડા

(અનુસંધાન પાના નં.૭)

# ઉત્તર ભારતમાં શિતલહેરથી જનજીવન ભારે પ્રભાવિત

**વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે પહાડો પર ભારે હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદી માહોલ**



**નવી દિલ્હી, તા.૨૬**

દેશભરમાં ઠંડી દરરોજ નવા રેકોર્ડ તોડી રહી છે. સમગ્ર ઉત્તર ભારતમાં શીતલહેરના કારણે લોકોની હાલત ખરાબ છે. આમ છતાં ધુમ્મસ બિલકુલ દેખાતો નથી. હવે હવામાન વિભાગે આનું ચોંકાવનારું કારણ આપ્યું છે. હવામાન શાસ્ત્રીઓના મતે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા વરસાદને કારણે ધુમ્મસ દેખાતો નથી અથવા તો ઓછો છે. પરંતુ આ વરસાદથી ઠંડીમાં વધારો થયો છે.

ભારતીય હવામાન વિભાગ અનુસાર સોમવાર અને મંગળવારે હળવા વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો થયો હતો અને ઠંડીમાં પણ વધારો થયો હતો. આગામી દિવસોમાં ઠંડીમાં વધુ વધારો થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

બુધવારે લખનૌમાં ૦.૫ મીમી વરસાદ નોંધાયો હતો. જેના કારણે દિવસનું તાપમાન ૧.૫ ડિગ્રી સેલ્સિયસ ઘટીને ૧૪ ડિગ્રી નોંધાયું હતું. બપોરના સમયે આછો તડકો પડતાં વાતાવરણ ખુશનુમા બની ગયું હતું. જેના કારણે લોકોએ ક્રિસમસના અવસર પર હવામાનની મજા માણી હતી. ગોમતીનગરના રહેવાસી દેવેન્દ્ર વર્માએ જણાવ્યું કે, વરસાદ પછી સૂરજ બહાર આવતાં ક્રિસમસની ઉજવણીની મજા બમણી થઈ જાય છે. પૃથ્વી પરના સ્વર્ગ ગણાતા એવા

(અનુસંધાન પાના નં.૭)



# જૂની કારના વેચાણ ઉપર ૧૮ ટકા જીએસટી તમામ માટે નહીં

**જીએસટી ખરીદ કિંમત અને વેચાણ કિંમત વચ્ચેના તફાવત પર લાગુ થશે**

**નવી દિલ્હી, તા.૨૬**

જીએસટી કાઉન્સિલ દ્વારા આ વખતની બેઠકમાં કરવામાં આવેલી જાહેરાતોથી પ્રજા સ્તબ્ધ બની છે. જેમાં સૌથી ચર્ચાસ્પદ મુદ્દો પોપકોર્નની જુદી-જુદી વેરાયટી પર જુદો-જુદો જીએસટી રહ્યો છે. પરંતુ આ સિવાય યુઝ્ડ અને જૂની કારના વેચાણ પર ૧૮ ટકા જીએસટીનો મુદ્દો પણ ચર્ચાઈ રહ્યો છે.

યુઝ્ડ-જૂની કારના વેચાણ પર પણ જીએસટી ચૂકવવા મુદ્દે સોશિયલ મીડિયા પર સરકાર પર આકરા પ્રહારો થઈ રહ્યા છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે તેના પર સ્પષ્ટતા આપતાં લોકોને રાહત થઈ છે.

જૂની અને વપરાયેલી કારના વેચાણ પર ૧૮ ટકા જીએસટી ખરીદ કિંમત અને વેચાણ કિંમત વચ્ચેના તફાવત પર લાગુ થશે. જો કે, તેમાં પણ ઘસારો બાદ મળશે. અર્થાત જો

(અનુસંધાન પાના નં.૭)

# મેલબોર્નમાં ક્રિકેટ મેદાન બહાર ભારતીય અને ખાલિસ્તાની સમર્થકો વચ્ચે ઘર્ષણ

**ખાલિસ્તાની ઝંડા લઈને ઉગ્ર સૂત્રચ્ચાર કરવા લાગતા ભારતીયોએ પણ કર્યો જોરદાર વિરોધ**

**મેલબોર્ન, તા.૨૬**

બોર્ડર-ગાવસ્કર ટ્રોફી હેઠળ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચની ટેસ્ટ શ્રેણી રમાઈ રહી છે. આ ટેસ્ટ શ્રેણીની ચોથી ટેસ્ટ મેચ મેલબોર્નમાં રમાઈ રહી છે. આ ટેસ્ટ મેચની શરૂઆત પહેલા મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડની બહાર ખાલિસ્તાની અને ભારતીય સમર્થકો વચ્ચે અથડામણ થઈ હતી. આ પહેલા મેદાનમાં કોહલી અને કાંગારૂ બેટર વચ્ચે ઝઘડો થયાનો વીડિયો સામે આવ્યો હતો.

એક ડઝન ખાલિસ્તાની લોકો ઝંડા લઈને ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા, જેનો ભારતીય સમર્થકોએ જોરદાર વિરોધ કર્યો હતો. ભારતીય સમર્થકોએ ભારત ઝિંદાબાદના નારા લગાવીને તેમને શાંત પાડ્યા હતા. આ અથડામણનો એક વીડિયો પણ વાયરલ થઈ રહ્યો



છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચોની ટેસ્ટ શ્રેણીની ચોથી ટેસ્ટ મેચ આજથી એટલે કે ૨૬ ડિસેમ્બરથી મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાઈ રહી છે. આ ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયન ટીમના કેપ્ટન પેટ કમિન્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. આ ટેસ્ટ મેચ પહેલા મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડની બહાર ખાલિસ્તાની અને ભારતીય સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું હતું. જે વીડિયો સામે આવ્યો છે તેમાં જોઈ શકાય છે કે કેવી રીતે ખાલિસ્તાન

(અનુસંધાન પાના નં.૭)

# જુનાગઢમાં પતિના આપઘાતના ૪૮ કલાકમાં પત્નીએ પણ ફાંસો ખાઈ દુનિયા છોડી દીધી

## ગૃહકલેશમાં થયેલા ક્ષણભરના ક્રોધે પરિવારનો માળો પીંખી નાખ્યો: બે બાળકોએ માતા-પિતાની છત્રછાયા ગુમાવી



**જુનાગઢ,તા.૨૬**

જીવનમાં એક ક્ષણનો ક્રોધ જ્યારે વ્યક્તિના મગજમાં પસાર થાય છે ત્યારે જો વિચાર નબળા આવી જાય તો ન થવાનું થઇ જાય છે. મોટાભાગે દરેક પતિ-પત્ની વચ્ચે નાના-મોટા ઝઘડાઓ થતા હોય છે. પરંતુ આ ઝઘડાઓથી એવા કોઈ નિર્ણય ન લેવા જોઈએ કે એ નિર્ણયથી પછી પરિવારને દુઃખ ભોગવવાનો વારો આવે.લોકોએ ક્ષણના ક્રોધ, કંકાસ કે ઝઘડામાં જીવન ટૂંકાવવું ન જોઈએ.આવી જ એક ઘટના જૂનાગઢમાંથી સામે આવી છે. ત્રણ દિવસ પહેલા(૨૩ ડિસેમ્બર, ૨૦૨૪) પતિ-પત્ની વચ્ચે થયેલા ઝઘડા બાદ પતિએ આત્મહત્યા કરી હતી.ત્યાર બાદ પત્નીએ પતિના આપઘાતના ૪૮ કલાકમાં એટલે કે ૨૫ ડિસેમ્બરે આત્મહત્યા કરી લીધી હતી. ગીતાબેન પરમારે પતિના વિરહમાં પતિની ઉત્તરક્રિયાના અને એંગેજમેન્ટ એનિવર્સરીના દિવસે જ પત્નીએ પણ ગળાફાંસો ખાઇને જીવન ટુંકાવી લીધું છે. પતિ-પત્નીના અંતિમ પગલાંથી બે બાળકો માવતર વિનાનાં થઇ ગયાં છે. જૂનાગઢના શીતલ નગરમાં રહેતા અને પ્રાઈવેટ જોબ કરતા ૩૯ વર્ષીય સતીષ પરમારના લગ્ન ૧૮ વર્ષ પહેલાં ગીતાબેન સાથે થયા હતા. આ દંપતીને એક ૧૧ વર્ષનો દીકરો અને ૧૬ વર્ષની દીકરી હતી. આ પરિવાર સુખ-શાંતિથી જિંદગી જીવતો હતો. દાંપત્ય જીવનમાં પતિ-પત્ની વચ્ચે અવારનવાર નાના-મોટા ઝઘડાઓ થતા હતા. આ દરમિયાન ૨૩ ડિસેમ્બરના રોજ સતીષે ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. જેના બે દિવસ બાદ સતીષ પરમારની ઉત્તરક્રિયા રાખવામાં આવી હતી. જે દિવસે જ સવારમાં પતિના વિરહમાં પત્ની ગીતાબેને પણ ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી.

મૃતક મહિલાના ભાઈ જિજ્ઞેશ રાઠોડે જણાવ્યું હતું કે, મારા બનેવીએ ગત ૨૩ ડિસેમ્બરમાં નાની અમથી બાબતમાં ઘરકંકાસમાં ગળાંફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. જેના બે દિવસ પછી મારા બેને પણ મારા બનેવીના વિરહમાં ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. મારા બેન અને બનેવીએ બંનેએ આત્મહત્યા કરી પણ એમણે તેમનાં બે બાળકોનું પણ ના વિચાર્યું.. બંને બાળકોએ પોતાનાં માતા-પિતા ગુમાવ્યાં છે.

આ અંગે મૃતક સતીષના ભાઈ કેતન પરમારે જણાવ્યું હતું કે, મારાં ભાઈ-ભાભીના સગાઈની આજે તારીખ છે, આ બંનેના જીવનની પણ આજે અંતિમ તારીખ હતી. મારાં ભાઈ-ભાભીએ સામાન્ય ઝઘડામાં ગળાંફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. ગત ૨૩ ડિસેમ્બરના મારા ભાઈએ ગળાફાંસો ખાઇ જીવન ટુંકાવ્યું હતું. જેના વિરહમાં તેનું દુઃખ સહન ન થતાં મારા ભાભીએ પણ બે દિવસ બાદ ઘરે ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે.





# વડિયામાં બસ પલ્ટી: ૧૫ મુસાફરોને ઈજા

## ખાખરીયા રેલવે સ્ટેશન પાસેની ગોળાઈમાં બસ પલટી ગયાની જાણ થતાં મામલતદાર, સમાજ સેવકો, પોલીસે ઈજાગ્રસ્તોને હોસ્પીટલમાં ખસેડ્યા

**(કિરીટ જોટવા)**
**વડિયા,તા.૨૬**

બગસરા -વડિયા - સુરત એસટી બસ વડિયાના ખાખરીયા પાસે પલ્ટી મારી જતા ૧૫ મુસાફરોને નાની મોટી ઇજા થતા સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જેમાં ગંભીર રીતે ઘવાયેલા બે પેસેન્જરને જેતપુર અને એક પેસેન્જરને અમરેલી રીફર કરાયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ બગસરા - વડિયા - સુરત એસટી બસ વડિયાના ખાખરીયા પાસે પલ્ટી મારી જતા ૧૫ મુસાફરોને નાની મોટી ઇજા થતા સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જો કે સદ નશીબે કોઈ મોટી દુર્ઘટના ન બનતા હાશકારો થયો હતો, ખાખરીયા રેલવે સ્ટેશન પાસેની ગોળાઈમાં બનેલા અકસ્માતની જાણ થતા ઘટના સ્થળે સ્થાનિક મામલતદાર, પીએસઆઇ સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્ત પેસેન્જર ને સારવાર અર્થે મોકલયા હતા.વડિયા સીવીલ હોસ્પિટલ ના ડો. પીઠવા અને ડો. ડોડીયા દ્વારા તાત્કાલિક સારવારની વ્યવસ્થા કરાઈ હતા. જ્યારે ગંભીર રીતે ઘવાયેલા બસ ડ્રાઈવર રાજાભાઈ નૂણને જુનાગઢ હોસ્પીટલમાં તથા રેશમાબેન આદમાણી, ઈદ્રીશભાઈ આદમાણી, સાદીયાબેન આદમાણીને વધુ સારવાર અર્થે જેતપુર રીફર કરવામાં આયા હતા જયારે વડીયાના અબ્દુલઅહદ હારુનભાઈ,હારુન અબ્દુલ મેમણ,વસીમ રહીમ,સિંકદર સિરાજ, મેરુનબેન અનીશભાઈ, ફરજાનાબેન અહેમદભાઈ,સાબિયા રીઝવાન આદબિયાણી સહીત ૧૫ ઈજાગ્રસ્તોને સારવાર અપાઈ હતી.

## હોટલો સહિતના દબાણો હટાવીને અંદાજિત ૩ કરોડની કિંમતની સરકારી જમીન ખાલી કરાવતું રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર

# લોધિકાના દેવગામ ગામ નજીકની સરકારી ખરાબાની જમીન પરથી દબાણો દુર કરાયા



**રાજકોટ,તા.૨૬**

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદે બાંધકામ કરાયેલા કોમર્શિયલ બાંધકામોનું ડિમોલીશન કરીને જગ્યાઓ દબાણમુક્ત કરવામાં આવી રહી છે. જે અન્વયે રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના દેવગામ ગામે રાજકોટ-કાલાવડ મેઈન રોડ ઉપર આવેલ સરકારી ખરાબાની જમીન રેવન્યુ સ.નં.૪૦ અને સ.નં.૮૧ ની જમીન આશરે ૨૫૦૦ ચો.મી. માં જુદી-જુદી કુલ-૪ હોટેલ કરી અનઅધિકૃત દબાણ કરવામાં આવ્યું હતું. અંદાજિત રૂ. ૩ કરોડની કિંમતની ૨૫૦૦ ચોરસ મીટર જેટલી સરકારી જમીન ખાલી કરાવવામાં આવી છે. આ જગ્યાના દબાણકર્તાઓને અગાઉ પણ નોટીસ પાઠવવામાં આવી હતી. અનઅધિકૃત કબ્જો ખાલી કરવા ૭ દિવસથી વધુ સમય પણ આપવામાં આવ્યો હતો, પરંતુ તેઓએ ધ્યાને ન લેતાં ગેરકાયદે થયેલા આ તમામ બાંધકામોને ખાલી કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું હતું. ખાલી કરાયેલી જમીન પર ફરીવાર દબાણ ના થાય તે માટે આ જમીનના ફરતે ફેન્સિંગ કરવામાં આવશે. તેમ લોધિકા મામલતદારની યાદીમાં જણાવાયું છે.

# પોરબંદર દરિયામાં જેતપુર સાડી ઉદ્યોગના ઠલવાતા પાણીની યોજનાને રદ કરવા માંગ

## કોડીનાર માઢવાડ બંદરના ખારવા સમાજ તેમજ કોળી સમાજના માછીમારોએ ફિશીંગ બંધ રાખીને વિરોધ નોંધાવ્યો: વિશાળ રેલી યોજી મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું

**(દિનેશ જોશી)**
**કોડીનાર,તા.૨૬**

કોડીનાર માઢવાડ બંદરના ખારવા સમાજ તેમજ કોળી સમાજ ના માછીમારો એ ધંધા રોજગાર બંધ પાળ્યા ફિશીંગ બંધ કરીને વિશાળ રેલી યોજી જેતપુર સાડી ઉદ્યોગના ઝેરી પાણી અને પોરબંદર સમુદ્રમાં ઠાલવવાની યોજના ને રદ કરવા અંગે કોડીનાર મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું. સામાન્ય રીતે ચોમાસા અને સાઈકલોન સમયે દરિયા માં ફિશીંગ બંધ કરવામાં આવે છે પરંતુ આજે ન તો ચોમાસા ની સીઝન છે કે ન તો સમુદ્ર મા તોફાન છતાં સમુદ્ર માં માછીમાંરો દ્વારા ફિશીંગ બંધ રાખવામાં આવ્યું છે અને માઢવાડ બંદર થી કોડીનાર ખાતે આવી માઢવાડ સમસ્ત ખારવા સમાજ પટેલ લાલજીભાઈ લખમભાઈ ગોહેલ તેમજ માઢવાડ કોળી સમાજ પટેલ કાલિદાસભાઈ ભગવાનભાઈ વંશ ની આગેવાની માં રેલી યોજી કોડીનાર મામલતદાર ને આવેદન પત્ર પાઠવ્યું છે માછીમારો એ જણાવ્યું છે કે જેતપુર માં ધમધમી રહેલી ફેકટરી ઓ નું કેમિકલ છે તે સમુદ્ર મા નાખવાનું આયોજન છે જેના કારણે અમારા ધંધા રોજગાર પર ભારે અસર પડશે આમપણ હાલ સમુદ્ર માં માછીમારો ને પૂરતી માછલી નથી મળતી અને કેમિકલ ઠાલવાસે તો માછીમારો બે રોજગાર બની જસે.અત્રે ઉલ્લેખનીય છેકે આજે રાજ્ય ભરના તમામ બંદરો પર માછીમાંરો એ બંધ પાળી આવેદન પાત્ર પાઠવયા છે જો કે માછીમાટે ની માંગ નહિ સંતોષાય તો આગામી દિવસો માં મહા આંદોલન ના ભણકારા વાગી રહ્યા છે.



### સુપ્રીમ કોર્ટના દરવાજા પણ ખખડાવીશું: જીતુભાઈ કુહાડા

**માછીમાર સમાજ નેતા** જીતુભાઈ કુહાડાએ જણાવ્યું છે કે ગુજરાત માં ૭ પ્લાન ને સમુદ્ર મા.કેમિકલ યુક્ત પાણી ઠાલવવવાની મંજૂરી ભૂતકાળ માં મળેલી છે એ સાત પલાન નાં કારણે સમુદ્ર મા ભારે નુકશાન થય રહ્યું છે હવે જેતપુર નાં ૭૦૦ પ્લાન ને મંજૂરી આપવામાંઆવી છે જો તે કેમિકલ યુક્ત પાણી છોડશે તો માછીમારો પાયમાલ થય જસે..ભારત માં ૫ હજાર કંપની ને મંજૂરી આપવાની વાત થય રહી છે જો એવું બનશે તો આખા દેશ ના સમુદ્ર ને અસર થવાની છે અમે સરકાર ને ૬૨ હજાર કરોડ હૂંડિયામણ કમાઈને આપીએ છીએ.જીડીપી માં અમારો ૨ ટકા ઉપર નો ગ્રોથ છે જેથી સરકાર એમને નજર અંદાજ ન કરે અમે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ ના દરવાજા ખટ ખટાવીશું શું પણ આં કેમિકલ યુક્ત પાણી સમુદ્ર મા નહિ છોડવા દઈએ.

# જસદણ-વિંછીયાના કોળી સમાજના વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો



**જસદણ,તા.૨૬**

જસદણ-વિંછીયા તાલુકાના તળપદા કોળી સમાજના વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ કેબિનેટ મંત્રી કુંવરજીભાઇ બાવળીયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જસદણ-વિંછીયા તાલકાના તળપદા કોળી પટેલ સમૂહલગ્ન સમિતિ તેમજ યુવા સોશિયલ ગ્રુપ દ્વારા આયોજિત વિદ્યાર્થી સન્માન સમારોહ અને ઇનામ વિતરણ કાર્યક્રમ રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજીભાઇ બાવળિયાના અધ્યક્ષ સ્થાને શ્રી અમરાપુર શૈક્ષણિક સંકુલ ખાતે યોજાયો હતો. જેમા ૧૬૫૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓ અને રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં યુવા પ્રતિભાઓને સ્કૂલબેગ, શિલ્ડ, ફાઈલો ઉપરાંત સ્ટેશનરી કીટ આપી પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા. સમારોહમાં બંને તાલુકાના વિદ્યાર્થીઓ ઉપરાંત ધાર્મિક-રાજકીય-સમાજ અગ્રણીઓ અને વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જસદણના દહીસરા ગામે સાવારાજ સંસ્થા દ્વારા ખેડુત સંમેલન યોજાયું

**જસદણ,તા.૨૬**

જસદણ તાલુકાના દહીસરા ગામે સાવારાજ સંસ્થા દ્વારા ખેડૂત દિવસની ઉજવણીના ભાગરૂપે ખેડુત સંમેલન યોજાયું હતું.રિલાયન્સ ફાઉન્ડેશનના આર્થિક સહયોગથી સાવારાજ સંસ્થા વિછીયાના અમલીકરણ દ્વારા આબોહવા પરિવર્તન સામે ટકાઉ વિકાસ કાર્યક્રમ અંતર્ગત ખેડૂત દિવસની ઉજવણીના ભાગરૂપે જસદણ તાલુકાના દહીસરા ગામે મહાકાળી માતાજીના મંદિરના પટાંગણમાં સાવારાજ સંસ્થા દ્વારા તાજેતરમાં ખેડુત સંમેલન યોજવામાં આવ્યું. જેમાં જસદણ અને વિછીયા તાલુકાના ગામડાના અંદાજિત ૫૦૦ જેટલા ખેડૂતોની મીટીંગમાં હાજર રહ્યા, જેમાં જસદણ વિછીયા તાલુકાના ખેડૂત સહલગ્ન અધિકારીઓ ફોરેસ્ટ અધિકારી બાયક સંસ્થામાંથી ડો. મનુભાઈ ચાવડા



વગેરે મહાનુભાવોએ ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિનેશભાઈ કનારા અને નારણભાઈ સોલંકીએ કરેલ હતું રિલાયન્સ ફાઉન્ડેશનમાંથી ઈનાયતભાઈ પઠાણ દ્વારા દહિંસરા ગામમાં પર્યાવરણના ભાગ રૂપે સાવારાજ સંસ્થાના સહયોગથી કરવામાં આવેલ વૃક્ષારોપણની સરાહનીય કામગીરી વિશે વાત કરતાં આભાર વિધિ કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરેલ હતી.

# જીટીયુ ખાતે રિન્યુએબલ એનર્જી પર ગોળમેજી પરિષદનું આયોજન કરાયું

**અમદાવાદ,તા.૨૬**

ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી દ્વારા ભવિષ્યના વિકાસ પર વિચારણા કરવા માટે એક ગોળમેજી પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ''ભવિષ્યનું ઘડતર, નવીનીકરણ અને રિન્યુએબલ એનર્જીમાં પડકારો, એ વિષય પર ઉદ્યોગના નિષ્ણાતોને સાથે રાખી,નવીનીકરણીય ઉર્જાના ભાવિ અને વૈશ્વિક ઉર્જા સંકટને પહોંચી વળવામાં તેની ભૂમિકા વિશે ચર્ચા કરવા સંશોધન સંસ્થાઓના શિક્ષણવિદો, સરકારી અધિકારીઓ અને વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદમાં જીટીયુ કેમ્પસમાં આયોજિત આ ઈવેન્ટે વર્કફોર્સ મેનેજમેન્ટ પર સંલગ્ન ચર્ચાઓ માટેનું પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું.જેમાં અભ્યાસક્રમનું પુનરાવર્તન, પરીક્ષણ સુવિધાઓ, નવીન ઉકેલો, તકનીકી પ્રગતિ, અનેસ્વચ્છ અને ટકાઉ ઉર્જાને અપનાવવાની પ્રક્રિયાને વેગ આપવા માટે સહયોગ વગેરે વિષયોની ચર્ચા કરવામાં આવી હતી.

# ઉમિયાધામ ખાતે માં નું તેડું મહોત્સવમાં ગીરગંગા પરિવારે માર્ગદર્શન સ્ટોલ મુકયો

## ખેડૂતોના શક્તિકરણ અને વરસાદી પાણીના જતન માટે પાંચ દિ' ખેડૂતો-ઉદ્યોગકારોને માહિતી આપવામાં આવશે

**રાજકોટ,તા.૨૬**

સીદસર ઉમિયાધામ ખાતે ૧૨૫ વર્ષની ઉજવણી માટે તારીખ ૨૫,૨૬,૨૭,૨૮ ડિસેમ્બરના રોજ ભવ્ય માં નું તેડું મહોત્સવ નું આયોજન થયેલ છે જેમાં દેશ-વિદેશના લાખો પરિવાર મુલાકાતે પધારવાના છે.તેને વરસાદી શુદ્ધ અમૃત સમાન પાણીનું જતન કરવાનો સંદેશો મળે તેવા હેતુથી આ ઉત્સવમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વરસાદી શુદ્ધ અમૃત સમાન પાણી ખેત ઉત્પાદન,સંપૂર્ણ પકૃતિની રક્ષા તેમજ સર્વે જીવશ્રુષ્ટિ માટે ખૂબ મહત્વનો ભાગ ભજવે છે તેથી સંસ્થા દ્વારા ચેકડેમ રીપેરીંગ, ઊંડા, ઉંચા તેમજ નવા બનાવવાના સંકલ્પ સાથે આ મહોત્સવમાં આવનાર દેશ-વિદેશમાંથી દરેક ખેડૂતો, ઉદ્યોગપતિ ઓ વરસાદી પાણીનું યોગ્ય જતન કરવાનો સંદેશો પહોંચે તેના માટે સ્ટોલ દ્વારા પ્રદર્શન અને કાર્યપદ્ધતિ




વિડીયો દ્વારા સમજાવવામાં આવશે તો દરેક ગામડા ના ખેડૂતો અને ઉદ્યોગપતિઓ વધુમાં વધુ આ સ્ટોલની મુલાકાત લે અને સેમિનાર નો લાભ લઈ પોતાના પરિવારના રક્ષણ માટે ખેતીમાં વિકાસ કરી અને દેશનું ભવિષ્ય ઉજળુ બનાવવા વધુમાં વધુ ભાગ લે તેવી ગીરગંગા પરિવાર ટ્રસ્ટનું અહવાન છે. આ કાર્યને વેગ મળે તેના માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા, પ્રકૃતિપ્રેમી દિનેશભાઈ પટેલ, જમનભાઈ પટેલ,પ્રતાપભાઈ પટેલ, વિરાભાઈ હુંબલ, રમેશભાઈ ઠક્કર, ભરતભાઈ ગાજીપરા, વસંતભાઈ લીંબાસીયા, સતીશભાઈ બેરા, ભરતભાઈ પરસાણા, ભરતભાઈ ભુવા, મનીષભાઈ માયાણી, રમેશભાઈ જેતાણી, લક્ષ્મણભાઈ સીંગાળા, કિશોરભાઈ કાથરોટિયા, વિઠ્ઠલભાઈ બાલધા,રતિભાઈ ઠુમ્મર વગેરે જહેમત ઉઠાવે છે.

## અવસાન નોંધ

**રાજકોટ:** શાંતાબેન માવજીભાઈ સોરઠીયા તા.૨૫-૧૨-૨૦૨૪ને બુધવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે. સદગતનું બેસણું તા.૨૭-૧૨-૨૦૨૪ને શુક્રવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬.૦૦ કલાકે તેમના નિવાસ સ્થાને જીતેન્દ્ર, બ્રાહ્મણીયાપરા, શેરી નં.૬, સંતકબીર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ.શ્રી જયંતીલાલ મૂળજીભાઈ બારડના પુત્ર જીતેન્દ્રભાઈ (ઉં.વ. ૫૧) તે મહેન્દ્રભાઈ, હિતેશભાઈ, પરેશભાઈ, અમિતભાઈ તથા મિલનભાઈના મોટાભાઈનું તા.૨૫ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદગત બેસણું તા.૨૭ને શુક્રવારના રોજ સાંજે ૪:૦૦ થી ૫.૩૦ કલાક દરમ્યાન શ્રી કૃષ્ણેશ્વર મહાદેવ મંદિર, શિવશક્તિ ડેરી સામે, માં કોમ્પ્લેક્સ પાછળ, સાધવાસવાણી કુંજ રોડ, રેલનગર રાજકોટ ખાતે રાખેલ છે.

# રેડવુપ કેમિકલ્સને મુખ્યમંત્રી હસ્તે 'ઇમજીર્ગ ગુજરાત ૨૦૨૪'નો એવોર્ડ એનાયત કરાયો

**રાજકોટ,તા.૨૬**




રેડવુપ કેમિકલ્સને ટીવી ૯ દ્વારા આયોજીત એવોર્ડ ફંકશનમાં મુખ્યમંત્રી હસ્તે ''ઇમજીર્ગ ગુજરાત ૨૦૨૪''નો એવોર્ડ એનાયત કરવામાં આવ્ય હતો. અમદાવાદ ખાતે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ હસ્તે તેમજ ટીવી ૯ નાં મનીષ રાઠોડ, વિકાસ ઉપાધ્યાયની ઉપસ્થિતીમાં રેડવુપ કેમિકલ્સનાં મેનેજીંગ ડાયરેકટર મનિષ નાકરાણી, ડાયરેકટર સુરેશ પિપળીયા તેમજ મહેશ સાવલિયાને ''ઇમજીર્ગ ગુજરાત ૨૦૨૪'' નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

## ફ્રીડમ ડે કેર સેન્ટર આયોજિત કેમ્પમાં રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર ડો. સુભાષ આપ્ટેએ માર્ગદર્શન આપ્યું

# પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીજીનાં જન્મદિન નિમિત્તે નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો

અમદાવાદ: ન્યુ વે એજ્યુકેશનલ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ સંચાલીત ફ્રિડમ ડે કેર સેન્ટર (બૌધ્ધિક અસમર્થતા,મંદબુધ્ધિ,શારીરિક અશકત દિવ્યાંગ બાળકો માટે) છેલ્લા ચૌદ વર્ષથી ચલાવી રહયા છીએ. આ ઉપરાંત દરવર્ષની જેમ આ વર્ષે પણ પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજી નાં જન્મ દિવસ અંતર્ગત મંદબુધ્ધિ, સી.પી., ઓટીઝમ દિવ્યાંગ બાળકો માટે ગુજરાત સ્પાષ્ટિક સોસાયટી અમદાવાદના નિષ્ણાંત ડોકટરની ટીમ નાં માધ્યમથી ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન તથા વાલીને મૂંઝવતા પ્રશ્નોનું



નિરાકરણ યોગ્ય માર્ગદર્શન માટેનો સેમિનાર તારીખ-૨૫/૧૨/ ૨૦૨૪ને બુધવાર ના રોજ સમય-સવારે ૯:૩૦ક લાકથી ૧:૦૦ સુધી સ્થળ:- ફ્રિડમ ડે-કેર સેન્ટર, નિલકમલ શોપિંગ સેન્ટર,સામવેદ હોસ્પિટલ સામે, કલિકુંડ, ધોળકા રાખેલ હતો જેમાં મોટી સંખ્યામાં દિવ્યાંગ બાળકોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં મહેમાન તરીકે ધોળકા નગર પાલિકા પ્રમુખ અશોકભાઇ મકવાણા , કાઉન્સિલર સાકીરભાઈ મલેક અમદાવાદનાં નિષ્ણાંત ડોકટરો ની ટીમ ડો. સુભાષ આપ્ટે રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર (ઓક્યુપેશનલ થેરાપિસ્ટ), ડો. મુંજાલ ઠાકર (એમ. ડી. હોમીયોપેથીક)દિપક ગોહિલ (ચાઈલ્ડ સાયકોલોજીસ્ટ), ડો. મેહુલ સાગર ( કાઉન્સેલર), અસ્મા શેખ (સેક્રેટરી ગુજરાત સ્પાષ્ટીક સોસાયટી), ઉપસ્થિત રહી બાળકોને સેવાનો લાભ આપ્યો હતો.

# સબ રજીસ્ટ્રારમાં દસ્તાવેજ કૌભાંડ કરનાર મુખ્ય આરોપી અમદાવાદમાંથી ઝડપાયો

## વકીલ કિશન ચાવડાના કહેવાથી જયદીપ મારફત બોગસ દસ્તાવેજો બનાવ્યાનુ આરોપી હર્ષ સોનીનું રટણઃ રિમાન્ડમાં મોટા માથાના નામ ખુલવાની શક્યતા

**રાજકોટ તા ૨૬**

શહેરની સબ રજિસ્ટ્રાર કચેરી ઝોન ૧માં કોન્ટ્રાકટ બેઝ કર્મચારી જયદીપ ઝાલા, વકીલ કિશન ચાવડા અને પૂર્વ કર્મચારી હર્ષ સોનીએ કચેરીમાં રખાયેલા ૧૯૫૬થી ૧૯૭૨ સુધીની સાલના જુના દસ્તાવેજોનો નાશ કરી તેની કોમ્પ્યુટર સ્કેનર પ્રિન્ટમાં છેડછાડ કરી કરોડોની ૧૭ મિલકતોના બોગસ દસ્તાવેજો ઉભા કરી લીધાના કૌભાંડમાં સૂત્રધાર હર્ષ સોનીને પ્ર. નગર પોલીસે અમદાવાદથી પકડી લીધો છે. ડીસીપી ઝોન-૨ની રાહબરીમાં એસીપી રાધિકા ભારાઈના માર્ગદર્શન હેઠળ પીઆઇ પી.આર. ડોબરીયા અને ટીમે તપાસ શરૂ કરી હતી. આ તપાસ માટે પોલીસ કમિશનર દ્વારા સીટની રચના પણ કરવામાં આવી છે. દરમિયાન પોલીસે હર્ષ સોનીને પકડી રિમાન્ડ મેળવવા તજવીજ કરી છે. જાણવા મળ્યા મુજબ પ્ર. નગર પોલીસની ટીમ અમદાવાદથી હર્ષ સોનીને પકડી લાવી છે. હર્ષે પ્રથમીક પુછતાછમાં વકીલ કિશન ચાવડાના કહેવાથી કોન્ટ્રાકટ બેઝ કર્મચારી જયદીપ ઝાલા સાથે મળી બોગસ દસ્તાવેજ ઉભા કર્યાનું રટણ કર્યું છે. હવે પોલીસ વકીલને શોધી રહી છે. તપાસમાં કોઈ અધીકારી કે મોટા માથા સામેલ છે કે કેમ? તેની તપાસ થશે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૭૨ પહેલાના હસ્તલિખિત દસ્તાવેજની સ્કેનિંગ કોપીમાં કચેરીના સુપરવાઇઝર અને કોન્ટ્રાકટ આ.ધારિત કર્મચારી સહિત ત્રણ શખસોએ ૧૭ દસ્તાવેજોમાં ચેડા કરી નકલી દસ્તાવેજો ઉભા કર્યા હતાં. જો કે આ દસ્તાવેજોને આધારે કોઈ મિલકત વેચી નથી.અગાઉ પોલીસે જયદીપ ઝાલાની ધરપકડ કરી હતી તેના રિમાન્ડ પુરા થતા જેલહવાલે થયો હતો.



અમદાવાદની બીએનએસ એજન્સીના કોન્ટ્રાકટ આધારિત સુપરવાઇઝર જયદીપ ઝાલા, કોન્ટ્રાકટ આધારિત પૂર્વ કર્મચારી હર્ષ સોની અને અન્ય કિશન ચાવડાએ સમગ્ર કૌભાંડ આચર્યું હતું. પોલીસે અગાઉ જયદીપ ઝાલાની ધરપકડ કરી હતી. જ્યારે કૌભાંડનો મુખ્ય સુત્રધાર હર્ષ સોની ફરાર હતો. જે હવે ઝડપાઇ જતાં વિશેષ તપાસ શરૂ થઈ છે.



(તસવીરઃ બિપીન ટંકારિયા)



## યુનાઈટેડ ક્રિશ્ચન ટ્રસ્ટ દ્વારા રેલી યોજાઈ

રાજકોટમાં યુનાઈટેડ ક્રિશ્ચન ટ્રસ્ટ દ્વારા રેલી યોજીને લોકોને ક્રીસમિસની શુભકામનાઓ પાઠવી હતી. આઈ પી સ્કુલ ખાતેથી શરુ થયેલી રેલીમા ખ્રિસ્તી સમાજના યુવક-યુવતીઓ વિવિધ પ્લેકાર્ડ સાથે જોડાયા હતા. આ બાદ ચર્ચ ખાતે તેજસ્વવી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.આ રેલીમાં સાંતા ક્લોઝ તથા ઈશુના વધામણાની પ્રતિકૃતિઓએ લોકોમાં આકર્ષણ જગાવ્યું હતું.





# મ્યુનિ.કમિશ્નરને ત્રિકોણબાગના બદલે શાસ્ત્રીમેદાન ખાતે બસ પાર્કિંગ બનાવવા સૂચન કરતી કોંગ્રેસ

## આવાસ યોજનાઓમાં રૂટ ફરી ચાલુ કરવા, સ્ટાફના ફિટનેસ સર્ટીફીકેટ સહિતનાં ૧૮ મુદ્દે અંગે લેખિત રજુઆત કરવામાં આવી

**રાજકોટ, તા. ૨૬**

રાજકોટમાં છેલ્લા થોડા સમયમાં સીટી બસના કારણે અકસ્માતની ઘટનાઓ, રસ્તા પર બેફામ ડ્રાઈવીંગ અને બેદરકારી બદલ સંપૂર્ણ કથળેલો વહીવટ સુધારવા કોંગ્રેસે માંગણી કરી છે. શહેર પ્રમુખ અતુલ રાજાણીએ આ અંગે મ્યુનિ. કમિશનરને પત્ર લખી ૧૮ મુદ્દા સાથેની રજુઆત કરી છે.

કોંગ્રેસે પત્રમાં જણાવ્યું છે કે શહેરમાં સીટી બસ સંચાલન કરતી એજન્સી ની બેદરકારી અને લાપરવાહીને પગલે શહેરીજનો પર અકસ્માતનું જોખમ વધ્યું છે. આથી સીટી બસનો કથળી ગયેલા વહીવટને સુધારવા માંગણી કરાઇ છે. આવાસ યોજનાઓમાં રૂટ ફરી ચાલુ કરવા, સ્ટાફના ફિટનેસ સર્ટીફીકેટ, ત્રિકોણબાગના બદલે શાસ્ત્રીમેદાન ખાતે બસ પાર્કિંગ બનાવવા સૂચન કરાયું છે.

(૧) શહેરમાં ચાલતી ૨૦૦ સિટી બસની સ્પીડ લિમિટ બાંધવાની આવશ્યકતા છે. (૨) ડ્રાઈવર અને કંડકટર ના વર્તનમાં ગેરવર્તન અને નજીવી બાબતે મુસાફરો પર રોફ જમાવે છે શિસ્ત ના પાઠ ભણાવવાની જરૂર છે (૩) ત્રિકોણબાગ પાસે બસોના ખડકલા જોવા મળે છે ત્યારે ફક્ત પાર્કિંગ થયેલી બસો શાસ્ત્રી મેદાન ખાતે કલેકટર ની મંજૂરી લઈ પાર્ક કરી શકાય (૪) ડ્રાઈવર અને કંડકટરની દર છ માસિક ફિટનેસ સર્ટીફીકેટ ફરજિયાત કરવાની જરૂરિયાત છે. (૫) દર વર્ષે ડ્રાઈવર કંડકટર ગુનાહિત પ્રવૃત્તિમાં સંકળાયેલ નથી તે અંગે પોલીસ રિપોર્ટ આવશ્યક અને જરૂરી બનાવો. (૬) અનેક સ્ટોપ પર મુસાફરો હાથ ઊંચો કરે છતાં બસ ઊભી રહેતી નથી તે પ્રકારની ફરિયાદો છે. (૭) સિનિયર સિટીઝન અને મહિલાઓ સાથે ગેરવર્તન કરનારને શોકોઝ નોટિસ આપી યોગ્ય ખુલાસો ન કરે તો ઘર ભેગા કરી દેવાની જરૂર છે.

(૮) ડ્રાઈવર કે કંડક્ટર માં વય મર્યાદા નક્કી થવી જોઈએ. (૯) સીટી બસની બેદરકારીને કારણે અકસ્માત નો ભોગ બનનાર વ્યક્તિએ એજન્સી દ્વારા વળતર ચૂકવવામાં આવે. (૧૦) સીટી બસના તમામ આધુનિક બસ સ્ટેન્ડો બનાવેલા છે તે બસ સ્ટેન્ડ ઉપર નિયમિત સાફ સફાઈ જરૂરી. (૧૧) બસ સ્ટેન્ડો ઉપર પડયા પાથર્યા રહેતા અસામાજિક અને લુખ્ખા તત્વો સામે સમયાંતરે પોલીસની સાથે રાખી ડ્રાઇવ યોજવી (૧૨) કંડક્ટરો ટીકીટો આપતા નથી અને રૂપિયા લઈ લે છે તે પ્રકારની ફરિયાદો હોય તે અંગે પગલાં ભરવા જોઈએ (૧૩) સીટી બસ ના સ્ટાફને માનવતા, સાદગી, સારા સંસ્કાર, સેવા, યોગ, સારા પુસ્તકોનું વાંચન અને તેમની તાલીમ શિબિર ફરજિયાત કરો.

(૧૪) દરેક બસમાં સીસીટીવી કેમેરા ફરજિયાત બનાવી બસમાં ફર્સ્ટ એડ અને જરૂરિયાત મુજબની મેડિસિન રાખવી જોઈએ. (૧૫) બસ સ્ટોપ છે તે જગ્યાએ બસ સ્ટોપ અંગેનું બોર્ડ કે બસ સ્ટેન્ડ અને સમય પત્રક ફરજિયાત મુકાવો. (૧૬) રેલ નગરના સુભાષચંદ્ર બોઝ, વીર સાવરકર, લોકમાન્ય તિલક, ઝાંસીની રાણી આવાસ યોજનામાં જે બસ આવતી તે એકાએક બંધ કરી દેવાય છે.

જે ફરી શરૂ કરવી જોઈએ. (૧૭) સીટી બસ સ્ટેન્ડોની અંદર અને બહાર લગાડેલ ટાઈમ ટેબલ ઉપર જાહેરાતોના ચોપાનિયા મારનારા સામે દંડનીય કાર્યવાહી થવી જોઈએ. (૧૮) સિટી બસોનું સંચાલન કરતી વર્તમાન એજન્સીઓને કરાયેલ દંડનીય રકમ કેટલી અને ક્યારે કરવામાં આવી અને નોટિસ આપવામાં આવી હોય તો તેની તમામ વિગતો જાહેર કરવા માંગ કરી છે.

## જુદી-જુદી કુલ-૪ હોટેલ કરી અનઅધિકૃત દબાણ દુર કરી અંદાજિત રૂ.૩ કરોડની કિંમતની ૨૫૦૦ ચોરસ મીટર જેટલી સરકારી જમીન ખાલી કરાવવામાં આવી

# લોધિકા તાલુકાના દેવગામ ગામે સરકારી જમીન પર થયેલું દબાણ દુર કરાયુ

**રાજકોટ,તા.૨૬**

રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદે બાંધકામ કરાયેલા કોમર્શિયલ બાંધકામોનું ડિમોલીશન કરીને જગ્યાઓ દબાણમુક્ત કરવામાં આવી રહી છે. જે અન્વયે રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના દેવગામ ગામે રાજકોટ-કાલાવડ મેઈન રોડ ઉપર આવેલ સરકારી ખરાબાની જમીન રેવન્યુ સ.નં.૪૦ અને સ.નં.૮૧ ની જમીન આશરે ૨૫૦૦ ચો.મી. માં જુદી-જુદી કુલ-૪ હોટેલ કરી અનઅધિકૃત દબાણ કરવામાં આવ્યું હતું. અંદાજિત રૂ.૩ કરોડની કિંમતની ૨૫૦૦ ચોરસ મીટર જેટલી સરકારી જમીન ખાલી કરાવવામાં આવી હતી.



આ જગ્યાના દબાણકર્તાઓને અગાઉ પણ નોટીસ પાઠવવામાં આવી હતી. અનઅધિકૃત કબ્જો ખાલી કરવા ૭ દિવસથી વધુ સમય પણ આપવામાં આવ્યો હતો, પરંતુ તેઓએ ધ્યાને ન લેતાં ગેરકાયદે થયેલા આ તમામ બાંધકામોને ખાલી કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું હતું. ખાલી કરાયેલી જમીન પર ફરીવાર દબાણ ના થાય તે માટે આ જમીનના ફરતે ફેન્સિંગ કરવામાં આવશે. તેમ લોધિકા મામલતદાર જણાવેલ હતું. આ સમયે નાયબ મામલતદાર, રેવન્યુ વીભાગના કર્મચારીઓ, પોલીસ, ફાયર અને પી.જી.વી.સી.એલના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હજુ પાણીના ટાંકા બનાવવા જેવી ઘણી કામગીરી બાકી હોવાથી બે મહિના તો લોકોને હોલ ઉપયોગ કરવા મળે તેવું લાગતું નથી

# મધ્યમ વર્ગ માટે આર્શિવાદ રૂપ મનપાનાં હોલ કમુહૂર્તા બાદ પણ શરૂ નહીં થાય

**રાજકોટ, તા. ૨૬**

હાલ કમુહૂર્તા ચાલી રહ્યા છે અને ૧૪ જાન્યુઆરી બાદ ફરી લગ્નગાળો શરૂ થવાનો છે ત્યારે અગ્નિકાંડ બાદ ફાયર સેફટી વસાવવા માટે બંધ કરવામાં આવેલા અને મધ્યમ વર્ગના પ્રસંગો માટે આશિર્વાદરૂપ સાબિત થયેલા કોમ્યુનિટી હોલ આ લગ્નગાળામાં પણ લોકોને કામ આવે તેવું લાગતું નથી. હજુ મોટા ભાગના હોલમાં મોટા ખર્ચે ફાયર સેફટીના સાધનો ઈન્સ્ટોલ કરવાનું કામ ચાલી રહ્યુ છે અને હજુ પાણીના ટાંકા બનાવવા જેવી ઘણી કામગીરી બાકી હોય, હજુ બે મહિના તો લોકોને આ હોલ ઉપયોગ કરવા મળે તેવું લાગતું નથી. હજુ જાન્યુઆરી માસમાં કોમ્યુનિટી હોલના બુકીંગ શરૂ થશે કે નહીં તે તંત્ર કહી શકતું નથી. છેલ્લા વર્ષોમાં બનેલા અને મોંઘા ભાડાવાળા કોમ્યુનિટી હોલ જ ચાલુ છે. વ્યાજબી ભાવના હોલ હજુ બુકીંગ માટે ખુલ્યા ન હોય, નાછુટકે ખાનગી હોલ, પાર્ટી પ્લોટમાં પ્રસંગ કરવાની નોબત આવી છે. સાંસદ રામભાઇ મોકરીયાએ પણ તાજેતરમાં લોકો માટે કોમ્યુનિટી હોલ જલ્દી ખુલે તેવી કાર્યવાહી કરવા માંગણી કરી હતી. પરંતુ હજુ હોલ ખોલવાનો સમય ફાઇનલ થતો ન હોય, ગરીબ વર્ગના અનેક લોકોએ તો પોતાની શેરીમાં માંડવા બાંધીને પ્રસંગો કરવા પડયા હતા તે ઉલ્લેખનીય છે. શહેરનો એક મોટો વર્ગ અલગ અલગ પ્રકારોના પ્રસંગો માટે કોર્પો.ના લગ્નહોલ તેમજ કોમ્યુનિટી હોલમાં બુકીંગ કરાવતા હોય છે. લગ્નગાળામાં તો ઓનલાઇન બુકીંગ ખુલતા જ પેક થઇ જાય છે. અમુક હોલની ખુબ ડિમાન્ડ હોય છે. વ્યાજબી ભાડાથી તમામ સુવિધાઓ ધરાવતા આ લગ્ન હોલના બુકીંગ માટે લગ્નની સીઝન દરમિયાન પડાપડી થતી હોય છે. પરંતુ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ ફાયર સેફ્ટી મુદ્દે મનપાના તમામ ૧૯ લગ્નહોલને તાળા લાગી જતાં છેલ્લા ૬ માસથી પરિવારો હેરાન થઈ રહ્યા છે. દરમ્યાન હવે સેન્ટ્રલઝોન અને વેસ્ટઝોનમાં આવેલા તમામ લગ્ન હોલમાં ફાયર ઈન્સ્ટોલેશનની કામગીરી પૂર્ણ થવામાં હોવાનું તંત્ર કહે છે. પરંતુ હજુ ઘણુ સિવિલ વર્ક બાકી છે. અગ્નિકાંડ બાદ ફાયર સેફ્ટી મુદ્દે મનપાના મોટાભાગના લગ્નહોલ પ્રસંગો માટે બંધકરવામાં આવ્યા હતાં. અમુક લગ્નહોલમાં જૂનું બાંધકામ હોય સુધારા-વધારા કરવાના થતાં હોવાથી તેમજ ફાયર સેફ્ટીના નિયમ મુજબના સાધનો મુકવાના હોવાથી હોલને તાળા મારી ત્યાં ફાયર સેફ્ટીના સાધનોના ઈન્સ્ટોલેશન માટે ટેન્ડર પ્રક્રિયા કરાઇ હતી. આ બાદ ફાયરના સાધનો ઈન્સ્ટોલેશન કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. છતાં દિવાળી બાદ લગ્નગાળાનો લાભ શહેરીજનોને મળી શક્યો ન હતો હવે નવા લગ્નગાળામાં પણ હોલ બુકીંગ શરૂ થવાની શકયતા ઓછી છે. આ કારણે કમુહૂર્તા બાદ અનેક પ્રસંગ ખાનગી હોલ અને પાર્ટી પ્લોટમાં નાછુટકે ગયા છે. સેન્ટ્રલ ઝોન અને વેસ્ટઝોનમાં આવેલા તમામ લગ્નહોલ અને ઓડિટોરિયમમાં ફાયરના સાધનોનું ઈન્સ્ટોલેશન પૂર્ણ થવામાં છે.

# શિયાળા બરોબર જામતાની સાથે શાકભાજીનાં ભાવ પણ તળિયે પહોંચ્યા

**લોકલ આવક શરૂ થતાં ભાવમાં ધરખમ ઘટાડો નોંધાયોઃ ૧૦૦નું કિલોએ વહેચાતું શાકભાજી હવે ૧૦ થી ૨૦નું કિલો થઇ ગયું**

**રાજકોટ, તા.૨૬**

શિયાળો હવે બરોબરનો જામ્યો છે, છેલ્લા એક સપ્તાહથી કડકડતી ઠંડી પડી રહી છે. ત્યારે શાકભાજીની પણ યાર્ડમાં ભરપુર આવક થઇ રહી છે. શિયાળાની ઋતુમાં દર વર્ષે શાકભાજી સસ્તુ હોય છે. આ ઋતુમાં દરેક શાકભાજીની ભરપુર આવક થાય છે અને લોકો આ યોગ્ય સ્વસ્થ રાખવા તાજા શાકભાજીને આરોગે છે. આ વર્ષે શિયાળો શરૂ થઇ ગયો છતાં શાકભાજીના ભાવ આસમાને હતા. છેલ્લો પાછતરો વરસાદ પડવાથી પાકને મોટું નુકશાન થયું હતું. જેને પગલે આવક પણ મોડી શરુ થઇ હતી. શાકભાજી ૧૦૦નું કિલોએ વહેંચાય રહ્યું હતું ત્યારે શિયાળો જામતા જ આવકમાં પણ વધારો થયો છે. લોકલ આવક શરુ થતાં ભાવમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. ૧૦૦નું કિલોએ વહેચાતું શાકભાજી હવે ૧૦ થી ૨૦નું કિલો થઇ ગયું છે. જેને કારણે ગૃહણીઓને મોટી રાહત મળી છે. પહેલા મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્રમાંથી શાકભાજી મંગાવવું પડતું હતું. પરંતુ હવે રાજકોટ યાર્ડની આજુબાજુના સેન્ટરોમાંથી ભરપૂર આવક શરુ થતાં હવે શાકભાજી પાણીના ભાવે વહેંચાય રહ્યુ છે. યાર્ડમાં હોલસેલમાં કોબીચ ૨-૩, ફુલાવર, દુધી રૂ.૫ થી ૬, ડુંગળી રૂ.૫ થી ૧૦ રૂપિયા કિલોએ વહેંચાય રહ્યુ છે.

હાલ યાર્ડમાં ડુંગળીની પણ મબલખ આવક થઇ રહી છે. એક સમયે લોકોને રડાવતી ડુંગળીના ભાવ તળીયે આવી ગયા છે. આ ઉપરાંત યાર્ડના નવા બટેટાની પણ આવક શરુ થઇ ચૂકી છે.

શિયાળાની સીઝન શરૂ થયા બાદ પહેલીવાર શાકભાજીના ભાવમાં રાહત મળી છે. કોબીજ, રીંગણા, ડુંગળી, ફ્લાવરની મબલખ આવક થઇ રહી છે. રૂા.૨ થી ૩ના કિલોએ નિકાલ થઇ રહયો છે. યાર્ડમાં ભરપૂર આવક સામે નિકાલ પણ થઇ રહ્યો છે. નવા બટેટા યાર્ડમાં આવવા ભાવ ૨૦ થી ૨૫ના કિલો છે. હાલ ગુજરાતના સેન્ટરોમાંથી ટમેટાની આવક થતી ન હોવાથી બેંગ્લોરથી મંગાવવામાં આવે છે. જેના કારણે ટમેટાના ભાવ હજુ પણ વધારે નવી આવક શરૂ થવાની સાથે જ ભાવ ઘટશે.

યાર્ડમાં શિયાળુ આવક એક મહિનો મોડી છે. શિયાળામાં સૌથી વધુ ખવાતું ઉંધીયું બનાવવું પણ હવે સસ્તુ બનશે. જે દરેક પ્રકારના શાકભાજીનો ઉપયોગ થઇને બને છે. તે આરોગ્યપ્રદ ઉંધીયુ બનાવવું પણ સસ્તુ થશે. શિયાળો શરૂ થતાં જ લીલોતરી ખાવાનું ખૂબ મહત્વનું હોય છે જેમાં કોથમરી, મેથી, પાલક બહોળા પ્રમાણમાં આરોગવામાં આવે છે. હાલ મેથી, કોથમરી, પાલકની પણ જંગી આવક થઇ રહી છે. યાર્ડમાં લીંબુ રૂા.૧૦ થી ૪૦, બટેટા રૂા.૧૫ થી ૩૦, ડુંગળી રૂા.૨ થી ૧૨, ટમેટા રૂા. ૨૦ થી ૩૦, કોથમરી રૂા.૨ થી ૭, રીંગણા રૂા.૫ થી ૧૦, કોબીજ રૂા.૨ થી ૪, ફુલ-ાવર રૂા.૫ થી ૬, ભીંડો રૂા.૩૦ થી ૫૦, ગુવાર રૂા.૫૦ થી ૭૦, ચોળાસીંગ રૂા.૩૦ થી ૪૦, વાલોળ રૂા.૧૫ થી ૨૦, કારેલા રૂા.૩૫ થી ૪૦, વટાણા રૂા.૫૦ થી ૬૦, બીટ રૂા.૭ થી ૧૫, મેથી રૂા.૭ થી ૧૨, લીલી ડુંગળી રૂા.૭ થી ૧૫, આદુ રૂા.૩૫-૪૦, મરચા રૂા.૨૦ થી ૩૫નું કિલોએ વહેંચાય રહ્યું છે.

# વેરા વસુલાત શાખા દ્વારા ૬ મિલકત સીલ કરવાની સાથે રૂ. ૪૨ લાખની રીકવરી કરી



**રાજકોટ, તા. ૨૬**

મનપાની વેરા વસુલાત ઝુંબેશમાં અડધો ડઝન મિલ્કત સીલ કરવાની કાર્યવાહી કરાતા ટેકસની રીકવરી થયાનું વિભાગે જણાવ્યું હતું. વોર્ડ નં.૪માં મોરબી રોડ પર નળ કનેકશન કાપતા દોઢ લાખનો ચેક આવી ગયો હતો. કુવાડવા રોડ, વોર્ડ નં.૫માં પરમેશ્વર મોટર્સ પેડક રોડ પર સીલીંગ કાર્યવાહી કરતા રીકવરી થઇ હતી.

તો મનહર સોસાયટીમાં એક નળ કનેકશન કાપતા એક લાખનો ચેક જમા થયો હતો. આ જ રીતે વોર્ડ નં.૧૬ના કોઠારીયા રોડ, વોર્ડ નં.૧૮ના પ્રગતિ સોસાયટી અને ઢેબર રોડ પર સીલની કાર્યવાહી કરતા ચેક જમા થયો હતો. આજે ત્રણ મિલ્કતને ટાંચ જપ્તી નોટીસ અપાઇ હતી.આજે બપોર સુધીમાં ૪૨.૮૨ લાખની રીકવરી સાથે ચાલુ વર્ષમાં કુલ વસુલાતનો આંકડો આજે રૂા.૩૨૮.૮૪ કરોડે પહોંચ્યો છે.

## કલેકટરનાં અધ્યક્ષતામાં યોજાયેલ કાર્યક્રમમાં નવા ૭ પ્રશ્નો તેમજ ૮ પેન્ડીંગ પ્રશ્નોની સમીક્ષા કરવામા આવી

# રાજકોટ જિલ્લાકક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

**રાજકોટ,તા.૨૬**

રાજકોટ જિલ્લાકક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ કલેકટર કચેરી ખાતે કલેકટર કચેરીના સભા ખંડમાં કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતો.નવા ૭ પ્રશ્નો તેમજ ૮ પેન્ડીંગ પ્રશ્નોની સમીક્ષા કરવામા આવી હતી. નાગરિકોના પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે, ત્યારે સ્થાનિક કક્ષાએ તાલુકા તેમજ જિલ્લા સ્વાગત ફરિયાદ



નિવારણ કાર્યક્રમ યોજાય છે. આ ઉપરાંત, રાજ્ય સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ પણ મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાય છે.ત્યારે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં ટી.પી. શાખાને લગતા પ્રશ્ન, સિંચાઈ વિભાગ માર્ગ અને મકાન વિભાગ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કચેરી, નેશનલ હાઈવે સહિતની કચેરીઓમાં રજૂ થયેલા પ્રશ્નોની સમીક્ષા જિલ્લા કલેકટરએ કરી સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના તેમજ માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમા જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે, આસિસ્ટન્ટ કલેકટર મહેક જૈન સહિત સંબંધિત સરકારી ઊઅધિકારીઓઓ તેમજ અરજદારઓ ઉપસ્થિત રહ્યા હતા.


# જાહેર નોટિસ

## ''જાહેરાત''ના વાંધા પ્રમાણ પત્ર'' (NOC) બાબને જાહેર નોટીસ

આથી જણાવવામાં આવે છે કે, અમી બાબુભાઈ નથુભાઈ મકવાણા, પ્રમુખશ્રી શ્રી જય ખોડીયાર મત્સ્યોદ્યોગ સેવા સહકારી મંડળી લી. મુ.ખેરા, તા. રાજુલા, જિ.અમરેલીનું કાર્યક્ષેત્ર અમરેલી જિલ્લાના રાજુલા અને જાફરાબાદ તાલુકા ના તમામ ગામ અને શહેરો પુરતુ રાખવા શ્રી જિલ્લા રજિસ્ટ્રારને પેટા નિયમ સુધારા દરખાસ્ત કરવામાં આવનાર હોવાથી આ મંડળીના સુચિત કાર્યવિસ્તરમાં આવેલ આવા જ પ્રકારની તમામ મત્સ્યોદ્યોગ સેવા સહકારી મંડળીઓ''ના વાંધા પ્રમાણપત્ર'' (એન.ઓ.સી) મેળવવાના થતા હોય, જેથી આ કાર્યવિસ્તાર વધારવાની દરખાસ્ત સામે જો કોઈ વાંધા સૂચનો હોયતો જાહેરાતની તારીખથી દિન-૦૭માં અમોને નીચેના સરનામે અથવા તો જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી, સહકારી મંડળીઓ, બહુમાળી ભવન, અમરેલીના સરનામે રજુ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા ઉકત સમય મર્યાદામાં કોઈપણ વાંધા સૂચનો ન રજુ થાય તો આપને કશું કહેવાનું નથી તેમ માની આપનુ''ના વાંધા પ્રમાણપત્ર- મળી ગયા સમાન માની પેટા નિયમ સુધારા દરખાસ્ત રજુ કરવામાં આવશે જેની સર્વોએ નોંધ લેવી.

**વાધા સ્વીકારવાનું સ્થળઃ-**

૧) શ્રી જય ખોડીયાર મત્સ્યોદ્યોગ સેવા સહકારી મંડળી લી. મુ.ખેરા, તા.રાજુલા, જિ.અમરેલી

૨) જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી, સહકારી મંડળીઓ, બ્લોક-સી, ત્રીજો માળ, બહુમાળી ભવન, અમરેલી''

## તંત્રી લેખ

# આતંકવાદીઓ પીલીભીતમાં શું ગયા?

પીલીભીતમાં ત્રણ ખાલિસ્તાની આતંકવાદીઓને ઠાર કરવામાં પંજાબ અને ઉત્તર પ્રદેશ પોલીસને મળેલી સફળતા એક મોટી સફળતા છે. આ વાત એ હકીકત પરથી સમજી શકાય છે કે માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી વિદેશી પિસ્તોલ સાથે બે એકે-૪૭ રાઈફલ અને મોટી માત્રામાં કારતુસ મળી આવ્યા હતા. એવું માનવામાં આવે છે કે આ જ આતંકવાદીઓ પંજાબમાં પોલીસ સ્ટેશન અને ચોકીઓ પર બોમ્બ ફેંકીને આતંકનું વાતાવરણ ઉભું કરવામાં વ્યસ્ત હતા. તે ખાલિસ્તાની ઝિંદાબાદ ફોર્સ નામના આતંકવાદી સંગઠન સાથે સંબંધિત હતો. પીલીભીતમાં માર્યા ગયેલા આતંકવાદીઓને વિદેશમાં બેઠેલા ખાલિસ્તાની તત્વોએ હથિયાર પૂરા પાડ્યા હોવાની વાત સામે આવી રહી છે ત્યારે તપાસ થવી જોઈએ કે તેઓ આવું કેવી રીતે કરી શક્યા? એ પણ તપાસ થવી જોઈએ કે પંજાબમાં પોલીસ સ્ટેશનો અને ચોકીઓને નિશાન બનાવીને માર્યા ગયેલા આતંકવાદીઓએ પીલી-ભીતમાં શું કર્યું? શું પીલીભીત તેમના માટે છુપાઈ રહેવાનું સુરક્ષિત સ્થળ હતું કે તેઓ અહીં કોઈ ગુનો કરવાની યોજના બનાવી રહ્યા હતા? એ વાતને અવગણી શકાય નહીં કે જ્યારે પંજાબમાં ખાલિસ્તાની આતંકવાદ ચરમસીમા પર હતો ત્યારે પીલીભીત અને તેની આસપાસનો તરાઈ વિસ્તાર ખાલિસ્તાની આતંકવાદીઓનો ગઢ બની ગયો હતો. તે સમયે આ આતંકીઓએ ઘણી મોટી ઘટનાઓને અંજામ આપ્યો હતો.

શીખ વસ્તીની નોંધપાત્ર સંખ્યાને કારણે, તરાઈના આ વિસ્તારને મિની પંજાબ કહેવામાં આવે છે. શું એ શક્ય છે કે ખાલિસ્તાન સમર્થકો ફરી આ વિસ્તારમાં સક્રિય થયા હોય અને તેમના કારણે માર્યા ગયેલા આતંકવાદીઓ પીલીભીતમાં આવ્યા હોય? મામલો ગમે તે હોય, પંજાબમાં ખાલિસ્તાની આતંકવાદીઓની હિંમત વધી રહી છે તે યોગ્ય નથી.

ખાલિસ્તાની આતંકવાદીઓની વધતી હિંમત એ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે છેલ્લા કેટલાક સમયથી પંજાબમાં આઠ પોલીસ સ્ટેશનો અને ચોકીઓ પર એક પછી એક બોમ્બ હુમલા થઈ રહ્યા છે. ખાલિસ્તાની આતંકવાદી સંગઠનોએ આ હુમલાની જવાબદારી લીધી છે. આ સંગઠનોમાંથી એક છે ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સ. પંજાબમાં પોલીસ સ્ટેશનો અને ચોકીઓને નિશાન બનાવવાની ઘટનાઓનું મૂલ્યાંકન કરતી નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ આશંકા વ્યક્ત કરી છે કે વિદેશથી કાર્યરત ખાલિસ્તાની આતંકવાદી સંગઠનો પંજાબમાં કોઈ મોટો ગુનો કરવા માગે છે. આ આશંકા કેટલી મજબૂત છે તે એ હકીકત પરથી જોઈ શકાય છે કે ચંદીગઢમાં પંજાબ પોલીસ હેડક્વાર્ટરની સુરક્ષા વધારી દેવામાં આવી છે.

એ વાત સાચી છે કે કેટલીક ખાલી પોલીસ ચોકીઓ પર પણ બોમ્બ ફેંકવામાં આવ્યા હતા, પરંતુ આ ઘટનાઓ જ દર્શાવે છે કે ખાલિસ્તાની આતંકવાદીઓ બેફામ રીતે દોડી રહ્યા છે. હવે જ્યારે પીલીભીતની ઘટનાથી સ્પષ્ટ થઈ ગયું છે કે ખાલિસ્તાની આતંકવાદીઓ પાડોશી રાજ્યોમાં પોતાનો પગપેસારો કરી રહ્યા છે, ત્યારે પંજાબ પોલીસે આવા તમામ રાજ્યો અને ખાસ કરીને ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણા, હિમાચલ વગેરેની પોલીસ સાથે પોતાનો સહયોગ અને સંકલન વધારવો પડશે.

# પ્રક્રિયાને સમજ્યા વિના મતદાન ટકાવારી પર સવાલ ઊભા કરવા ખોટું: EC

### ફોર્મ 17C એ કોઈપણ મતદાન મથક પર થયેલા કુલ મતોનો એક માત્ર કાનૂની સ્ત્રોત છે અને તે મતદાન મથક બંધ થાય તે પહેલાં ઉમેદવારોને ઉપલબ્ધ કરાવવામાં આવે છે

**નવી દિલ્હી, તા.૨૬**

લોકસભાની ચૂંટણીના સમયથી ચૂંટણી પંચે મતદાનની ટકાવારી અંગે મોરચો ખોલનારા વિપક્ષોને માત્ર મતદાનની ટકાવારી એકત્ર કરવાનું સંપૂર્ણ ગણિત જ સમજાવ્યું નથી, પરંતુ સમજ્યા વિના ચૂંટણી પ્રક્રિયા પર શંકા ઉભી કરવાની બાબત પણ ખોટી ગણાવી છે.

ચૂંટણી પંચે કહ્યું કે, કોઈપણ રીતે ચૂંટણી પૂરી થયા પછી તમામ બૂથ પર વર્તમાન રાજકીય પક્ષોના એજન્ટને ફોર્મ-17C આપવામાં આવે છે, જેમાં તે બૂથ પર પડેલા મતોની સંપૂર્ણ વિગતો ઉપલબ્ધ હોય છે. જેમને મતદાનની ટકાવારીમાં ગેરરીતિની શંકા હોય તેઓ ફોર્મ-17C સાથે મેચ કરી શકે છે.

પંચે લોકસભા ચૂંટણી વખતે કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષી પાર્ટીઓને પણ આ જવાબ આપ્યો હતો, પરંતુ હરિયાણા અને મહારાષ્ટ્રની ચૂંટણી દરમિયાન જ્યારે વિપક્ષે આ મુદ્દો ફરીથી ઉઠાવ્યો ત્યારે પંચે મંગળવારે માત્ર લેખિત જ જવાબ ન આપતા આયોગે પૂછેલા પ્રશ્નોની યાદીમાં આને લગતા પ્રશ્નો અને જવાબોનો પણ સમાવેશ કર્યો છે.

ચૂંટણી પંચે તાજેતરમાં પૂર્ણ થયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪માં કોંગ્રેસની ફરિયાદોનો જવાબ આપતા, ચૂંટણી દરમિયાન મતદાર યાદી અને મતદાર યાદી તૈયારીની પ્રક્રિયા વિશે વિગતવાર સમજાવ્યું.

ECએ જણાવ્યું હતું કે, ફોર્મ 17C એ કોઈપણ મતદાન મથક પર થયેલા કુલ મતોનો એક માત્ર કાનૂની સ્ત્રોત છે અને તે મતદાન મથક બંધ થાય તે પહેલાં ઉમેદવારોને ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

પંચના જણાવ્યા મુજબ, ક્યારેક મતદાનનો સમય ૬ વાગ્યા સુધી રહે છે, તો ક્યારેક લાંબી લાઈનોને કારણે, મતદાન રાત્રે ૮ વાગ્યા સુધી ચાલુ રહે છે. આવું એટલા માટે થાય છે કારણ કે પંચનો નિયમ છે કે મતદાનના સમય સુધી લાઈનમાં ઉભા રહેલા તમામ લોકોને મતદાન કરવાની તક આપવામાં આવશે. મતદાન પૂર્ણ થતાની સાથે જ મતદાન કર્મચારીઓ બૂથમાં મતદાનની સંપૂર્ણ વિગતો ફોર્મ-17C માં દાખલ કરે છે, તેની એક નકલ તમામ ઉમેદવારોના એજન્ટને આપે છે અને તેમની સામે ઈફસ સીલ કરીને જમા કરાવવ-ામાં આવે છે.સ્ટ્રોંગ રૂમમાં ઈવીએમ જમા કરાવવાનું કામ સામાન્ય રીતે સાત વાગ્યે શરૂ થાય છે, જે આખી રાત ચાલુ રહે છે. આ સમયગાળા દરમિયાન, જેમ જેમ ઈફસ મશીનો એકઠા થાય છે, તે બૂથના મતદાનની અંતિમ વિગતો પણ ઓનલાઈન અપલોડ કરવામાં આવે છે.કમિશનના જણાવ્યા અનુસાર, તે સામાન્ય રીતે ૧૧.૩૦ વાગ્યે નોંધાયેલી વિગતો જાહેર કરે છે. પરંતુ આ પછી પણ મતદાન ટીમો આવવાનું, ઈવીએમ એકત્રિત કરવાનું અને વિગતો અપલોડ કરવાનું કામ ચાલુ રહે છે, ત્યારબાદ તમામ વિગતો અપલોડ થયા પછી બીજા દિવસે મતદાનની અંતિમ ટકાવારી જાહેર કરવામાં આવે છે.

પંચે મતદાનના દિવસે અને અંતિમ આંકડામાં મતદાનની ટકાવારી વધારવા અંગે વિપક્ષના પ્રશ્નોના જવાબ પણ આપ્યા છે. જેમ કમિશને કહ્યું કે, જ્યાં સુધી દરેક બૂથ પર મતદાનની વિગતો ફોર્મ-17C સાથે મેચ કરીને રેકોર્ડ કરવામાં ન આવે ત્યાં સુધી માત્ર મતદાનની ટકાવારીના અંદાજિત આંકડા જ આપવામાં આવે છે. આની નોંધણી કરવાનું કામ સામાન્ય રીતે મતદાનના બીજા દિવસે સવાર સુધી ચાલુ રહે છે.

# ઉત્તર પ્રદેશ હજુ પણ સંપૂર્ણ રીતે સુરક્ષિત નથી

### રાજ્યપાલ આનંદીબેન પટેલે આપ્યું મોટું નિવેદન

**લખનૌ, તા. ૨૬**

ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે આજે લખનૌમાં પત્રકારો સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન, કાયદો અને વ્યવસ્થા પર પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં, તેમણે કહ્યું કે ઉત્તર પ્રદેશ યુપી હજુ પણ સંપૂર્ણ રીતે સુરક્ષિત નથી. ૧૦૦% સલામત નથી, પરંતુ પ્રયાસો ચાલુ છે. કાયદો અને વ્યવસ્થામાં સુધારા માટે હજુ ઘણો અવકાશ છે.

દરમિયાન બુલડોઝરની કાર્યવાહી અંગે આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે બુલડોઝર અંગે સુપ્રીમ કોર્ટનો નિર્ણય આવી ગયો છે અને સરકાર તે નિર્ણય મુજબ કામ કરી રહી છે. રાજ્યપાલે જ્યારે મંદિર-મસ્જિદ વિવાદ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કંઈપણ કહેવાનો ઈનકાર કર્યો હતો જે રાજ્યમાં દિવસેને દિવસે વધી રહ્યો છે. તેણીએ કહ્યું કે તે આ મામલે કોઈ અભિપ્રાય આપશે નહીં.

આ પહેલા ઉત્તર પ્રદેશમાં આવેલા ફેરફારો વિશે વાત કરતા મહામહિમ આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે થોડા વર્ષો પહેલા સુધી છોકરીઓ સાંજે ૫ વાગ્યા પછી બહાર જતી ન હતી પરંતુ હવે પરિવર્તન આવી રહ્યું છે. રાજ્યપાલે એમ પણ કહ્યું કે તેઓ રાજ્ય સરકારના કામ



પર નજર રાખતા નથી. તે કેન્દ્ર દ્વારા મહિલાઓ અને બાળકો માટે કરવામાં આવતા કામની દેખરેખ રાખે છે.

ઉલ્લેખનીય છે કે રાજ્યપાલ આનંદીબેન પટેલે ૫ વર્ષમાં પ્રથમ વખત પત્રકારો સાથે વાતચીત કરી હતી. તેમણે તેમના કાર્યકાળ દરમિયાન કરેલા કાર્યોનો હિસાબ પણ આપ્યો હતો અને રાજ્યની કોલેજો અને યુનિવર્સિટીઓ હવે જેવા ગ્રેડિંગમાં કેવી રીતે મોટી છાપ ઊભી કરી રહી છે.

### આમ આદમી પાર્ટીનું અલ્ટિમેટમ

# ૨૪ કલાકમાં કાર્યવાહી નહીં થાય તો કોંગ્રેસને I.N.D.I.Aથી બહાર કરાશે

**નવી દિલ્હી, તા.૨૬**

દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે તણાવ વધી ગયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે આમ આદમી પાર્ટી કોંગ્રેસને ઈન્ડિયા ગઠબંધનમાંથી બહાર કરવા માંગે છે.

આ માટે તે અન્ય પક્ષો સાથે વાત કરશે. દિલ્હીના મુખ્યમંત્રી આતિશી અને આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સંજય સિંહે આજે પત્રકાર પરિષદ કરીને કોંગ્રેસને ૨૪ કલાકનું અલ્ટિમેટમ આપ્યું છે. જો કોંગ્રેસ અજય માકન સામે કાર્યવાહી નહીં કરે તો AAP નેતાઓ I.N.D.I.A.ના અન્ય નેતાઓ સાથે વાત કરીને કોંગ્રેસને ગઠબંધનથી બાકાત કરવાની અપીલ કરશે.



AAPનેતાઓમાં કોંગ્રેસને લઈને ભારે નારાજગી છે.

જેના કારણે AAP કોંગ્રેસને ઈન્ડિયા ગઠબંધનમાંથી બહાર કરવા માટે અન્ય પક્ષો સાથે વાત કરશે. AAPનો આરોપ છે કે કોંગ્રેસ ભાજપ સાથે મળીને કામ કરી રહી છે.AAP નેતાઓ કોંગ્રેસ નેતાઓના સતત નિવેદનોથી નારાજ છે. તેમજ બુધવારે જ દિલ્હી યુથ કોંગ્રેસે અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ FIR દાખલ કરી હતી. જેના કારણે AAP નેતાઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

# કોંગ્રેસે સ્પષ્ટ કરવું પડશે કે તે બુંદેલખંડનો વિકાસ ઈચ્છે છે કે બુંદેલખંડના વિકાસની વિરુદ્ધ છે, મોહન યાદવ

**નવીદિલ્હી,તા.૨૬**

'કેન-બેતવા રિવર લિંકિંગ પ્રોજેક્ટ'ની શરૂઆત બાદ આ મામલે રાજકારણ પણ શરૂ થઈ ગયું છે.મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે જયરામ રમેશના નિવેદન સામે વળતો પ્રહાર કરતા કોંગ્રેસ પર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે કેન-બેતવા અંગે જયરામ રમેશે આપેલા નિવેદન પાછળની ભાવનાઓ રાહુલ ગાંધીની છે.

તેથી કોંગ્રેસે સ્પષ્ટ કરવું પડશે કે તે બુંદેલખંડનો વિકાસ ઈચ્છે છે કે બુંદેલખંડના વિકાસની વિરુદ્ધ છે. આવી સ્થિતિમાં કેન-બેતવા લિંક પ્રોજેક્ટને લઈને બુંદેલખંડથી લઈને દિલ્હી સુધી રાજકારણ શરૂ થઈ ગયું છે. કારણ કે સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અને યુપીના પૂર્વ સીએમ અખિલેશ યાદવે પણ આ મામલે મોટું નિવેદન આપ્યું છે.સીએમ મોહન યાદવે કહ્યું, 'એ વાત સાચી છે કે જ્યાં વિકાસના કામો થાય છે અને અમારા સંકલ્પો પૂરા થાય છે ત્યાં કોંગ્રેસને પેટમાં દુઃખાવો થાય છે, પરંતુ જયરામ રમેશ જે કહી રહ્યા છે તેની પાછળની લાગણી રાહુલ ગાંધી અને કોંગ્રેસ પરિવારની છે શબ્દો એકલા જયરામ રમેશના નથી. કોંગ્રેસની લાઇન જ વિકાસ વિરોધી છે. એટલા માટે કોંગ્રેસના કેટલાક નેતાએ આ પ્રોજેક્ટના વખાણ કર્યા છે. કોંગ્રેસે જણાવવું જોઈએ કે તે બુંદેલખંડના વિકાસ સાથે છે કે વિકાસની વિરુદ્ધ, કોંગ્રેસનું નિવેદન દર્શાવે છે કે તે બુંદેલખંડના વિકાસ વિરોધી છે. કોંગ્રેસે લાંબા સમયથી બુંદેલખંડને દબાવી રાખ્યું છે, પરંતુ મોદીજીના પીએમ બન્યા પછી જ આ યોજનાને પ્રાથમિકતા મળી છે.વાસ્તવમાં, કોંગ્રેસના નેતા જયરામ રમેશે કેન-બેતવા લિંક પ્રોજેક્ટ વિશે ટ્વિટ કર્યું હતું,

જેમાં તેમણે કેન-બેતવા લિંક પ્રોજેક્ટને મધ્ય પ્રદેશના પન્ના ટાઈગર રિઝર્વ માટે ખતરો ગણાવ્યો હતો. કોંગ્રેસ નેતાએ પોતાના ટ્વીટમાં લખ્યું કે, 'કેન-બેતવા નદીને જોડવાના પ્રોજેક્ટથી તે વાઘ અભયારણ્યનો ૧૦ ટકાથી વધુ મુખ્ય વિસ્તાર ડૂબી જશે,

# જળસ્રોતોના વિકાસમાં આંબેડકરના ફાળાને કોંગ્રેસે અવગણ્યો : પીએમ મોદી

### ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મદિન પ્રસંગે મોદીએ જણાવ્યું હતું કે, જળસુરક્ષા ૨૧મી સદીનો સૌથી મોટો પડકાર છે

**ખજુરાહો, તા.૨૬**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એક વાર કોંગ્રેસ પર આંબેડકરની અવગણનાનો આરોપ મૂક્યો છે. તેમણે મધ્યપ્રદેશમાં કેન-બેતવા 'રિવર લિન્કિંગ પ્રોજેક્ટના ભૂમિપૂજન પ્રસંગે જણાવ્યું હતું કે, કોંગ્રેસે જળસ્રોતોના વિકાસમાં ડો. આંબેડકરના યોગદાનની અવગણના કરી છે. ખજુરાહો ખાતેના કાર્યક્રમમાં બોલતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, ''૨૧મી સદીમાં પૂરતા અને યોગ્ય રીતે સંચાલિત જળસ્રોતો ધરાવતા દેશો જ પ્રગતિ કરી શકશે.'' ઉલ્લેખનીય છે કે, મોદીનું આંબેડકર અંગેનું નિવેદન થોડા સમય પહેલાં ગૃહમંત્રી અમિત શાહની ટિપ્પણીથી થયેલા વિવાદ પછી આવ્યું છે. મોદીએ કહ્યું હતું કે, ''દેશમાં જળસ્ત્રોતોના વિકાસ, મેનેજમેન્ટ અને બંધના નિર્માણમાં આંબેડકરના વિઝન અને દૂરંદેશીએ મહત્વનું યોગદાન આપ્યું હતું. તેમણે મોટા 'રિવર વેલી




પ્રોજેક્ટ્સ અને સેન્ટ્રલ વોટર કમિશનની રચનામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.''રિવર લિન્કિંગ કાર્યક્રમમાં બોલતી વખતે મોદીએ જણાવ્યું હતું કે, ''કોઈને પણ પૂછો કે સ્વતંત્રતા પછી દેશમાં જલશક્તિના દૂરંદેશી વિષય પર કોણે વિચાર્યું હતું? મારા પત્રકાર મિત્રો પણ આ પ્રશ્નનો જવાબ નહીં આપી શકે. કારણ કે દેશના જળસ્રોતોનો જશ એક વ્યક્તિને આપવા માટે સત્યને દબાવી દેવાયું હતું. જળસ્રોતોના વિકાસ, બંધના નિર્માણ જેવા વિષયોમાં એક મહાન વ્યક્તિનું યોગદાન હતું અને એ હતા બાબાસાહેબ આંબેડકર. જોકે, કોંગ્રેસે જળસંચય અને મોટા બંધના નિર્માણ માટે તેમને ક્યારેય શ્રેય આપ્યો નથી.''

ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મદિન પ્રસંગે મોદીએ જણાવ્યું હતું કે, ''જળસુરક્ષા ૨૧મી સદીનો સૌથી મોટો પડકાર છે. જળસ્ત્રોતોનું યોગ્ય મેનેજમેન્ટ કરનારા દેશો જ વર્તમાન સદીમાં પ્રગતિ સાધી શકશે.

રૂ.૪૪,૬૦૫ કરોડના ખર્ચે તૈયાર થનારા કેન-બેતવા પ્રોજેક્ટથી મધ્યપ્રદેશના ૧૦ જિલ્લાના લગભગ ૪૪ લાખ અને ઉત્તર પ્રદેશના ૨૧ લાખ લોકોને પીવાનું પાણી મળશે. ઉપરાંત, ૨૦૦૦ ગામના ૭.૧૮ લાખ કૃષિ પરિવારોને પ્રોજેક્ટનો લાભ મળશે.

### ડોક્ટરે કહ્યું કે હર્ષના શરીર પર કોઈ ઈજાના નિશાન નહતા, પરંતુ તેનું મોત પોલીટ્રોમા શોકના કારણે થયું છે

# ૬ વર્ષના બાળકનું કારની એરબેગના કારણે મોત થયું

**મુંબઈ, તા.૨૬**

નવી મુંબઈના વાશીમાં એક ૬ વર્ષના બાળકનું કારની એરબેગના કારણે મોત થઈ ગયું. કાર દુર્ઘટનાના કારણે અચાનક એરબેગ ખુલી ગઈ અને ઝટકો લાગવાથી બાળકનું મોત થયું હોવાનું કહેવાય છે. ત્યારબાદ હવે બાળકને કારમાં આગળ બેસાડવા અંગે સવાલ ઊભા થઈ રહ્યા છે.

બનાવની વિગત કઈક એવી છે કે માવજી અરોઠિયા મંગળવારે રાતે બાળકોને પાણીપુરી ખવડાવવા માટે લઈ જઈ રહ્યા હતા. જેમાં હર્ષ પણ સામેલ હતો. હર્ષ ડ્રાઈવર સીટની બાજુવાળી સીટ પર બેઠો હતો. રાતે લગભગ ૧૧.૩૦ વાગે વાશીના સેક્ટર ૨૮માં બ્લ્યુ ડાયમંડ હોટલ જંક્શન પાસે હતા. તેમની કારની આગળ એક જેંક કાર ચાલતી હતી. પૂર પાટ ઝડપે જઈ રહેલી કાર અચાનક ડિવાઈડર સાથે ભટકાઈ. પાછળ આવી રહેલી વેગનાર કાર કે જેમાં હર્ષ બેઠો હતો તેનું બોનેટ એસયુવી સાથે અથડાયું. ઝટકો લાગતા જ અચાનક એરબેગ ખુલી ગઈ અને હર્ષ ગંભીર રીતે ઘાયલ થયો. તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી દીધો.

મીડિયા રિપોર્ટ મુજબ ડોક્ટરે કહ્યું કે હર્ષના શરીર પર કોઈ ઈજાના નિશાન નહતા, પરંતુ તેનું મોત પોલીટ્રોમા શોકના કારણે થયું છે. પોલીટ્રોમા શરીરમાં એકથી વધુ જગ્યાએ લાગેલી આંતરિક ઈજાને કહે છે. ઈન્ટરનલ ઈન્જરીના કરાણે હર્ષના બોડીમાં અંદર લોહી વહેતુ રહ્યું અને હર્ષનું મોત થયું. પોલીસે અકસ્માત અંગે તપાસ શરૂ કરી દીધી છે. પોલીસે હાલ તો એસયુવી ચલાવતા વ્યક્તિ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. પોલીસનું કહેવું છે કે તપાસ પૂરી થયા બાદ સંપૂર્ણ જાણકારી આપવામાં આવશે.

# વકફના ઈમામો પગારની માગણી સાથે અરવિંદ કેજરીવાલના નિવાસે પહોંચ્યા

### દિલ્હી વક્ફ બોર્ડ સાથે સંકળાયેલા કુલ ૨૫૦ ઈમામ અને મુઈઝીન પગાર અંગે કેજરીવાલને મળવા માંગતા હતા

**નવી દિલ્હી, તા. ૨૬**

દિલ્હી ચૂંટણી પહેલા રાજધાનીના ઈમામોએ આજે પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મળવાનો પ્રયાસ કર્યો હતો. દિલ્હીના ઈમામોનું કહેવું છે કે તેમને છેલ્લા ૧૭ મહિનાથી ૧૬-૧૮ હજાર રૂપિયાનો માસિક પગાર જે આપવામાં આવે છે તે મળ્યો નથી. જેનાં કારણે આજે ઈમામોએ ફિરોઝશાહ રોડ પર કેજરીવાલને મળવાનો પ્રયાસ કર્યો હતો. ઈમામોએ કહ્યું,કે 'આપણે રાજકારણમાં ન ખેંચાય. અમે અહીં એટલા માટે આવ્યા છીએ કારણ કે દિલ્હીના ઈમામો અને મુઅઝીનને છેલ્લા ૧૭ મહિનાથી પગાર નથી



મળ્યો. દિલ્હીના ઈમામોનું કહેવું છે કે તેમને વક્ફ બોર્ડ તરફથી પગાર મળ્યો નથી.

દિલ્હીની અલગ-અલગ મસ્જિદોના મૌલાનાઓ અને મુઅઝીન આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલના ૫ ફિરોઝશાહ સ્થિત નિવાસસ્થાને પહોંચ્યા છે. જોકે, તેઓ અરવિંદ કેજરીવાલને મળી શક્યા ન હતા. દિલ્હી વક્ફ બોર્ડ સાથે સંકળાયેલા કુલ ૨૫૦ ઈમામ અને મુઈઝીન પગાર અંગે અરવિંદ કેજરીવાલને મળવા માંગતા હતા, જે ૧૭ મહિનાથી મળ્યા નથી. ૨૫૦માંથી ૧૮૫ ઈમામ છે.

### સંધ્યા થિયેટર નાસભાગને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે રેવન્ત રેડ્ડીએ ટોલીવુડ કલાકારોને કડક સૂચના આપી

# કાયદો અને વ્યવસ્થા સાથે કોઈ સમાધાન નહીં કરાય

**હૈદરાબાદ, તા. ૨૬**

અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા ૨ના પ્રીમિયર દરમિયાન સંધ્યા થિયેટરમાં નાસભાગના વિવાદ વચ્ચે તેલુગુ ફિલ્મ ઇન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓ ઝસ રેવન્ત રેડ્ડીને મળ્યા હતા. આ પછી રેવન્ત રેડ્ડીનું આ મામલે પહેલું નિવેદન બહાર આવ્યું છે. સંધ્યા થિયેટર નાસભાગને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે સીએમ રેવન્ત રેડ્ડીએ ટોલીવુડ કલાકારોને કડક સૂચના આપતા કહ્યું કે, ''કાયદો અને વ્યવસ્થા સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં.''સીએમ રેવન્ત રેડ્ડી અને ટોલીવુડ ઉદ્યોગના નિર્દેશકો, નિર્માતાઓ અને કલાકારો વચ્ચે ૨૬ ડિસેમ્બરે હૈદરાબાદના બંજારા હિલ્સમાં તેલંગાણા રાજ્ય પોલીસ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ફિલ્મ નિર્માતા સુરેશ બાબુ, કેએલ નારાયણ, દામોધર, અલ્લુ અરવિંદ, બીવીએસએન પ્રસાદ, ચિન્ના બાબુ, સુધાકર રેડ્ડી, ફિલ્મ દિગ્દર્શકો કોર્ટલા શિવા, અનિલ રવિપુડી, કે રાઘવેન્દ્ર રાવ, પ્રશાંત વર્મા, નાગાર્જુન, શિવા બાલાજી અને વેંકટેશ પહોંચ્યા હતા.

'પુષ્પા ૨'ના પ્રીમિયર દરમિયાન સંધ્યા થિયેટરમાં થયેલી નાસભાગ બાદ અલ્લુ અર્જુન ચર્ચામાં છે. હવે અલ્લુ અર્જુન સિવાય પણ ઘણા મોટા નામો સીએમ રેવન્તને મળ્યા અને આ બાબતે વાત કરી. ટોલીવુડ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ તેલંગાણા ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન ના પ્રમુખ દિલ રાજુ કરી રહ્યા છે.

# ગોવામાં પ્રવાસીઓની બોટ પલટી, એકનું મોત, ૨૦ ઘાયલ

### સરકાર દ્વારા નિયુક્ત જીવન રક્ષક એજન્સી દ્રષ્ટિ મરીનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે હોડી બીચથી લગભગ ૬૦ મીટર દૂર પલટી ગઈ હતી

**ગોવા, તા.૨૬**

ઉત્તર ગોવાના કૈલંગુટ બીચ પર પ્રવાસીઓથી ભરેલી બોટ પલટી ગઈ હતી. આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે. પોલીસે બોટમાં સવાર ૨૦ લોકોને બચાવી લીધા છે.ઉત્તર ગોવાના કૈલંગુટ બીચ પર પ્રવાસીઓથી ભરેલી બોટ પલટી ગઈ હતી. આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે. પોલીસે બોટમાં સવાર ૨૦ લોકોને બચાવી લીધા છે.તેમણે જણાવ્યું કે આ ઘટના લગભગ બપોરે ૧.૩૦ વાગ્યે બની હતી. ઉત્તર ગોવાના કૈલંગુટ બીચ પર બુધવારે એક પ્રવાસી બોટ પલટી જવાથી એક વ્યક્તિનું મોત થયું હતું અને લગભગ ૨૦ અન્ય ઘાયલ થયા હતા, પોલીસે જણાવ્યું હતું. બોટમાં સવાર મુસાફરોમાં છ વર્ષના બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે.એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ''જે બોટમાં તેઓ મુસાફ-રી કરી રહ્યા હતા તે ૫૪ વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને અન્ય ૨૦ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા



અને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.'' તેમણે કહ્યું કે બે મુસાફરો સિવાય બાકીના બધાએ લાઈફ સેવિંગ જેકેટ પહેર્યા હતા. સરકાર દ્વારા નિયુક્ત જીવન રક્ષક એજન્સી દ્રષ્ટિ મરીનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે હોડી બીચથી લગભગ ૬૦ મીટર દૂર પલટી ગઈ હતી, જેના પરિણામે તમામ મુસ-ાફરો દરિયાના પાણીમાં પડી ગયા હતા.

### રાજુલામાં સરકારી જમીન પર ગેરકાયદે બાંધકામ મામલો

# અરજીના ચાર મહિના બાદ પણ હજુ તપાસ પ્રક્રિયા ગોકળગાય ગતિએ

## અરજી થયાના અઠવાડિયામાં કલેકટર દ્વારા તપાસના આદેશ અપાયા છતાં તપાસ માટે તંત્ર ઉદાસીન કેમ?

## અરજીમાં રહેલી વિગતો તંત્રની અનેક મોટી પોલ ખોલી નાખશે તેવો તંત્રને ડર છે?

**અમરેલી,તા.૨૬**

અમરેલી જિલ્લામાં રાજૂલામાં સરકારી જમીનો પર દબાણ બાબતે અરજી કરવામાં આવેલ જેને લઇને હાલ તંત્રમાં ખડભળાટ મચ્યો છે. અલબત ચાર મહિના પહેલા મુખ્યમંત્રીને સંબોધીને કરેલ અરજી બાબતે અરજદારને આજ દિન સુધી કોઈ પ્રતિક્રિયા સરકારી તંત્રની મળી નથી. રાજુલાના સીટી વિસ્તારમાં આવેલ જાફરાબાદ રોડ પર સરકારી મિલ્કત પર દબાણ કરી ગેરકાયદેસર બાંધકામ કરી અને ભાડા તથા વેચાણથી આવક રળી લેવાનું કૌભાંડ આચર્યુ હોવાની અરજી થઇ હતી.અરજીમાં નગરપાલિકા વિસ્તારમાં રાજુલાના જાફરાબાદ રોડ પર આવેલ કોહીનુર હોટલ પાસે આવેલ સરકારી જમીન પર દબાણ ના આક્ષેપો કરવામાં આવેલ છે. મુખ્યમંત્રીને સંબોધી થયેલ અરજીના આક્ષેપોની ગંભીરતા જોઈને જિલ્લા કલેકટર દ્વારા અરજી થયાના ટુંક સમયમાં જ મામલતદાર-રાજુલાને યોગ્ય તપાસ કરી કાર્યવાહી કરવા અને કલેકટર કચેરીને આ બાબતની જાણ કરવા ઓગસ્ટ મહિનામાં તપાસ માટે તાકીદ કરી હતી.આમ ચાર મહિના વીતી ગયા છતાં તંત્રએ અરજદારને કોઈ જવાબ આપ્યો નથી.

કાતર ગામના પૂર્વ સરપંચ અને ભાજપ આગેવાન એવા અમરીશભાઈ દાદભાઈ વરૂએ ગત તા.૭ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને સંબોધીને કરેલી અરજીના આક્ષેપોમાં અનેક મુદ્દાઓ ટાંક્યા હતા.આ અરજી મામલે મામલતદાર કચેરીએ તપાસ કરતા ત્યાંથી જાણવા મળ્યું હતું કે સમગ્ર મામલે સીટી સરવેયરને માપણીનું કામ સોંપવામાં આવ્યું છે.તેમજ આ અંગે તપાસ સંદર્ભે અને માપણી બાબતે રાજુલાના સીટી સરવેયરને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે ટૂંક સમયમાં માપણીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ સમગ્ર હકીકત માલુમ પડશે.

આ બાબતે રાજૂલાના તાલુકા કક્ષાની કચેરીઓ, મહેસુલ મંત્રી, મહેસુલ સચિવ તેમજ જિલ્લા કલેકટરને અરજીની નકલ રવાના કરવામાં આવી હતી. અરજદારના જણાવ્યા પ્રમાણે જો તંત્ર યોગ્ય તપાસ કરશે તો જાફરાબાદ રોડ પર થયેલ દબાણ બાબતે મોટા ધડાકા થવાની શક્યતા પણ છે.ત્યારે હવે લોકોમાં પણ ચર્ચાઈ રહ્યું છે કે જો અરજદારની અરજી ખરેખર ખોટી હોય તો અત્યાર સુધીમાં અરજદારને સાચો કે ખોટો જવાબ મળી જવો જોઈએ પરંતુ ચાર મહિનામાં આજદિન સુધી હજુ સુધી કોઈ તંત્રએ જવાબ આપ્યો નથી માટે હવે તંત્ર ઉપરથી લોકોને વિશ્વાસ ઉઠવા લાગ્યો છે.તેમજ અરજીના આક્ષેપોમાં થોડી ઘણી પણ સત્યતા હોય તો તંત્ર સમગ્ર મુદ્દાઓને ઢીલી કામગીરીમાં દબાવી દેવાનો પ્રયાસ કરી રહ્યું છે?આવા પ્રશ્નો આવનારા દિવસોમાં ઉભા થઇ રહ્યા છે.અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી કલેક્ટર દ્વારા અરજી થયાના માત્ર એક અઠવાડિયામાં જ તપાસ માટે મામલતદાર કચેરી, રાજુલાને જાણ કરવામાં આવેલ હતી.

# અમરેલી જિલ્લામા ઠંડીમાં રાહત

## છેલ્લા ત્રણ દિવસથી વાતાવરણમાં પલટો, તાપમાનનો પારો ઉંચકાઈને ૨૦ ડિગ્રીએ પહોંચ્યો

**અમરેલી, તા.૨૬**

શિયાળાની ઋતુમાં ઠંડીના વાતાવરણ વચ્ચે અમરેલી જિલ્લામાં છેલ્લા ૧૦ દિવસથી ઠંડીથી લોકો ઠુઠવાતા ધીરે ધીરે ઠંડી ઘટી રહી છે આજે અમરેલી જિલ્લામા ઠંડી ૨૦ ડીગ્રી થતા સમગ્ર જિલ્લામાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. વાતાવરણ છેલ્લા ૩ દિવસથી બદલાય રહ્યું છે. ગઈ કાલે ધૂમમ્સનું વાતાવરણ થતા બેવડી ઋતુમા ફેરવાયુ હતુ. જેના કારણે ઠંડી ઘણા અંશે રાહત મળી છે ઉપરાંત આજે વરસાદની આગાહી આપી હોવાને કારણે શિયાળાની ઋતુમાં બદલાવ આવ્યો હોય તેમ વાતાવરણમાં ફેરફારો જોવા મળી રહ્યા છે.રાત્રીના સમયે નાઈટ પેટ્રોલીંગ કરતા હોમગાર્ડ જવાનો તાપણા કરી ગરમ હૂંફ મેળવતા પણ જોવા મળ્યા હતા.અમરેલી જિલ્લામાં મોડી સાંજે અને મોડી રાતે ઠંડી વધુ જોવા મળતી હોય છે તેમા ઘટાડો આવ્યો તો મધરાતે અડધી રાતે ઠંડીનો હળવો ચમકારો જોવા મળતા ઠંડીનું જોર થોડા અંશે જોવા મળ્યું ઉપરાંત વહેલી સવારે ઠંડી ઘટી રહી છે જેના કારણે લોકોને ઘણા અંશે રાહત મળી રહી છે. અમરેલી જિલ્લામાં રાજુલા જાફરાબાદ પીપાવાવ પોર્ટ કોસ્ટલ બેલ્ટ દરિયા કાંઠે ઠંડી ઘટી જવાના કારણે લોકોએ રાહત અનુભવી જિલ્લાના માત્ર વડીયા કુંકાવાવ લાઠી બાબરા દામનગર લીલીયા વિસ્તારમા ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો અન્ય વિસ્તારમાં ઠંડી ઘટી હતી.

# ભાવનગર એરપોર્ટ પર ઝીરો વિઝીબિલિટીના કારણે ફ્લાઈટ લેન્ડ ન થઈ શકી

**ભાવનગર, તા.૨૬**

ભાવનગરમાં ગાઢ ધુમ્મસના કારણે ઝીરો વિઝીબીલીટી થતા પુનાથી આવેલી ફ્લાઇટને લેન્ડ કરવામાં સમસ્યા ઉદભવી હતી. જેના કારણે એક થી દોઢ કલાક સુધી સ્પાઇસ જેટની ફ્લાઇટે ચક્કર લગાવ્યા હતા, હાલ અમદાવાદ એરપોર્ટ ઉપર ઉતરાણ થઈ ગઈ છે અને વાતાવરણ સુધરે એટલે તરત જ ભાવનગર એરપોર્ટ પર આવશે.ભાવનગર શહેરમાં સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું અને ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું, ધુમ્મસ એટલું ગાડ હતું કે નજીકના અંતરેથી પણ કોઈ પણ વસ્તુ દેખાતી ન હતી જેના કારણે ફ્લાઇટ લેન્ડિંગમાં તકલીફ પડી હતી જેના કારણે પોતાની સમય સૂચકતા વાપરી એકાદ કલાક હવામાં ચક્રો લગાવ્યા હતા છતાં પણ વાતાવરણ સ્વચ્છ ન થતા પાયલોટે કોઈના પણ જીવ જોખમમાં ન મુકાય તે માટે સમય સૂચકતા વાપરીને નિર્ણય લઈ અમદાવાદ એરપોર્ટ ખાતે ફ્લાઇટને લેન્ડિંગ કરાવ્યું હતું.



એકથી દોઢ કલાક ચક્કર લગાવ્યા બાદ અમદાવાદ એરપોર્ટ પર લેન્ડ કરાઈ

આ અંગે એરપોર્ટના ડાયરેક્ટર તપન નાયકે જણાવ્યું હતું કે, વહેલી સવારે પુનાથી ઉપડતી ભાવનગરની ફ્લાઇટ ગાઢ ધૂમમ્સના કારણે લેન્ડ ન થઇ શકી હતી, સવારે ૯.૧૫ કલાકે ભાવનગર એરપોર્ટ ઉપર લેન્ડ થતી ફ્લાઇટ ધૂમમ્સ અને ઝીરો વિઝીબિલિટી ના કારણે આકાશ માં એક થી દોઢ કલાક ચક્કર લગાવ્યા હતા, અને અને ફ્યુલના કારણે બીજા એરપોર્ટ પર લેન્ડ કરાવ્યું હતું અને અમદાવાદ એરપોર્ટ પર લેન્ડ થઈ ગયું છે અને જો વાતાવરણ માં ફેરફાર થશે તો તરત જ ભાવનગર આવવા રવાના થશે તેમ જણાવ્યું હતું.

# ખાંભાના માંનકેશ્વર મંદિર જવાના માર્ગે શિકારની શોધમાં એક સાથે ૪ સિંહની દોડધામ

**અમરેલી,તા.૨૬**

અમરેલીમાં ખાંભા શહેરમાં છેલ્લા ૭ થી ૮ દિવસથી સિંહોએ ધામ નાખ્યા હોય તેમ જોવા મળી રહ્યું છે. ખાંભામાં માનકેશ્વર મંદિર જવાના માર્ગે સિંહબાળ સાથે ૪ વન્યપ્રાણી શિકારની શોધમાં આવી પહોંચ્યા હતા. રાત્રે બજારમાં સિંહ પરિવારની લટાર જોવા મળી હતી.

મોડી રાતે સિંહોની અવર જવર અહીં સતત વધી રહી છે. અહિં રહેણાંક વિસ્તાર હોવાથી રહિશોમાં ડરનો માહોલ પર સર્જાયો છે. ગત રાતે એક સિંહ પરિવાર બજારમાં લટાર મારી રહ્યો હતો, જે ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.રાત્રીના સમયે સિંહો રેવન્યુ વિસ્તાર છોડી રહેણાંક વિસ્તારમાં લટાર મારી રહ્યા છે. જેને પગલે વનવિભાગના કર્મચારીઓમાં પણ દોડધામ જોવા મળી રહી છે. આજથી ૨ દિવસ પહેલા ખાંભા શહેરમાં સિંહોએ એક ઘોડીનો શિકાર કર્યો હતો. સિંહોની લટાર સતત વધતા લોકોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. વનવિભાગ પેટ્રોલીંગ વધારી સિંહોને જંગલ વિસ્તારમાં ખસેડે તેવી સ્થાનિકોની માંગ છે.



સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ

# રાજુલાની વડનગર- છતડીયા ગામની પ્રા.શાળામાં વીર બાળ દિવસની ઉજવણી




**રાજુલા તા ૨૬**

રાજુલા ખાતે આવેલ વડનગર પ્રાથમિક શાળા નંબર ૨ ખાતે વીર બાળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી આ વીર બાળ દિનની ઉજવણી અંતર્ગત બાળકોએ નિબંધ સ્પર્ધા વકૃત્વ સ્પર્ધા વેશભૂષા જેવી પ્રવૃત્તિઓ કરી હતી ;આ ઉપરાંત રાજુલાના છતડીયા મુકામે પ્રાથમિક શાળામાં પણ બાળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં બાળકો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવી હતી આ બંને કાર્યક્રમમાં ધારાસભ્ય સહિતના આગેવાનોએ ઉપસ્થિત રહ્યા હતા.આ તકે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી આ બાળ દિવસની ઉજવણીમાં હાજરી આપી હતી અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા ; આ તકે માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ; ટીંબી માર્કેટિંગ યાર્ડના ચેરમેન ચેતનભાઇ શિયાળ; વડનગર પ્રાથમિક શાળાના આચાર્ય ગીતાબેન પટેલ; રવુંભાઈ ખુમાણ; વનરાજભાઈ વરુ; મહેન્દ્રભાઈ ધાખડા; વીરભદ્રભાઈ ડાભીયા; અરજણભાઈ વાઘ; રમેશભાઈ ડોબરીયા; તાલુકા ભાજપ પ્રમુખ ધીરજભાઈ નકુમ; સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

# ખાંભાના બાળકને દીપડો ઉઠાવી ગયાની ઘટનામાં પરિવારજનોને મળતા ધારાસભ્ય



**રાજુલા તા ૨૬**

ખાંભા મુકામે ગઈકાલે ૧૦ વર્ષના બાળકને દીપડાએ ફાડી ખાજો હતો જેમાં તેનું મોત થવા પામ્યું હતું આ વિસ્તારમાં જંગલી જાનવરોની રંજાળ દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે આવા બનાવો અનેક વખત બનતા રહે છે.આજરોજ વન વિભાગના અધિકારી ઓ અને સાથે રાખી ધારાસભ્ય હીરાભાઈ સોલંકી વખતે રૂબરૂ સ્થળ મુલાકાત કરી હતી તેમજ પરિવાર જનોને સાંત્વના આપી હતી.આ તકે ભાવેશભાઈ જાદવ,મુકેશભાઈ માંગરોલિયા, હમીર ભાઈ ભરવાડ, રમેશભાઈ જાદવ,રસિકભાઈ ભંડેરી, ભાર્ગવ ભાઈ પંડ્યા,વિઠ્ઠલભાઈ રાઠોડ સહિતના ઉપસ્થિત રહ્યા હતા

# ભાવનગરના તળાજાના મથાવડા ગામે ખેતરમાં ધોરીયો કરવાની ના પાડતા પિતા-પુત્રનો વૃદ્ધ ખેડૂત પર હુમલો

**ભાવનગર, તા.૨૬**

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના મથાવડા ગામે એક વૃદ્ધ ખેડૂતે તેના ખેતરમાં પડોશી ખેડૂતને પાણીનો ધોરીઓ કરવાની ના પાડતા ઉશ્કેરાયેલ ખેડૂતે તેના પુત્ર સાથે મળીને વૃદ્ધ ખેડૂત પર હથિયાર વડે હુમલો કરી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ઈજાગ્રસ્ત વૃદ્ધને સારવાર અર્થે ભાવનગર સર ટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

સમગ્ર બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર મથાવડા ગામે રહેતા અને ગામની સીમમાં વાડી ધરાવતા નાનજી નરસિંહ શિયાળ ઉ.વ.૬૦ ની વાડી પાસે કાના હાતા ભરવાડ નામનો ખેડૂત વાડી ધરાવે છે આ કાના ને નાનુંની વાડી માંથી પાણીનો ધોરીયો કરવો હોય આ ધોરીયો કરવાની નાનજીએ ના પાડતા કાના ને આ વાતનું ખોટું લાગ્યું હતું અને બદલો લેવાની મનોમન દાઝ રાખી હતી.

# સાવરકુંડલા વીડી કાણકિયા કોલેજમાં વીર બાળ દિવસની ભવ્ય ઉજવણી

## કોલેજના બાળકોમાં દેશભક્તિનો જુવાળ



**(યશપાલ વ્યાસ)**
**સાવરકુંડલા, તા.૨૬**

તા. ૨૬ ડિસેમ્બર ના સાવરકુંડલાની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા, વીડી કાણકિયા કોલેજમાં વીર બાળ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ દિવસે શીખ ધર્મના દસમા ગુરુ, ગુરુ ગોવિંદસિંહ ના બે નાના સાહિબજાદા, બાબા જોરાવરસિંહ અને બાબા ફતેહસિંહ ના બલિદાનને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. સૌ પ્રથમ નવ નિયુક્ત પ્રમુખ અનિરુદ્ધ સિંહ રાઠોડ નું સન્માન કરવામાં આવ્યું હતું ત્યારબાદ શીખ ગુરુઓના જીવન અને બલિદાનની વાર્તાઓ વિદ્યાર્થીઓને સમજાવવામાં આવી. વિદ્યાર્થીઓને વીર બાળ દિવસ ના મહત્વ વિશે પૂર્વ શહેર ભાજપ પ્રમુખ પ્રવિણભાઈ સાવજ વિસ્તૃત માહિતી આપી અને તેમને દેશભક્ત બનવા માટે પ્રેરિત કર્યા કર્યા હતા. કોલેજના આચાર્ય એસ.સી.રવિયા એ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે, ‘‘વીર બાળ દિવસ આપણને દેશપ્રેમ અને બલિદાનની ભાવના જગાવે છે. આપણે આપણા વીરોના બલિદાનને ક્યારેય ભૂલી શકીએ નહીં‘‘. આ કાર્યક્રમનું આયોજન શહેર ભાજપ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના વધશે તેવી આશા રાખવામાં આવે છે.

આ કાર્યક્રમમાં શહેરના પ્રથમ નાગરિક નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, કારોબારી ચેરમેન અશોકભાઈ ચૌહાણ, દંડક અજયભાઈ ખુમાણ, નવ નિયુક્ત ભાજપ પ્રમુખ અનિરુદ્ધસિંહ રાઠોડ પૂર્વ તાલુકા પ્રમુખ જીવનભાઈ વેકરીયા, પૂર્વ શહેર પ્રમુખ પ્રવીણભાઈ સાવજ,મહામંત્રી વિજય સિંહ વાઘેલા, કાર્યક્રમ ઇન્ચાર્જ સંજયભાઈ કામળીયા, નગરપાલિકા સદસ્ય કેશુભાઈ બગડા, મંજુલાબેન ચિત્રોડા, જયાબેન કારેણા, સદસ્ય હેમાંગભાઈ ગઢિયા,યુવા ભાજપ મહામંત્રી કિશનભાઈ ત્રિવેદી, ભાવેશભાઈ વિકમા, અમરસિંહ રાઠોડ, મયુર ભાઈ ખાચર,રણછોડભાઈ, અનિલ ગોહિલ ,શહેરના ભાજપના કાર્યકર્તા, કોલેજના પ્રિન્સિપાલ પ્રોફેસર એસ.સી.રવિયા તેમજ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# રામપરા પ્રા. શાળામાં ભૂતપૂર્વ શિક્ષિકાએ બાળકોને પેન, પેન્સિલ સહિતની ભેટ આપી

**બોટાદ તા ૨૬**



ગઢડા તાલુકાની રામપરા પ્રા. શાળાના દક્ષાબેન પરમારની અન્ય શાળામાં બદલી થતાં. હાલ અન્ય શાળામાં ફરજ બજાવી રહ્યા છે. આમ છતાં તેઓને પોતાની મૂળ શાળાના બાળકોનો પ્રેમ શાળામાં ખેચી લાવ્યા હતા. આમ લાગણી વશ થઈ શાળાના ભૂતપૂર્વ શિક્ષિકા દક્ષાબેન પરમારે તા. ૨૬/ ૧૨ /૨૦૨૪ ના રોજ શાળામાં આવી દરેક બાળકોને પેન, પેન્સિલ અને ચોકલેટ આપી બાળકો સાથે આખો દિવસ ગાળ્યો હતો. તથા શાળાને મંદિરની ભેટ આપી શાળાનું ઋણ અદા કર્યુ હતું.ભેટ સ્વીકારતા શાળાના આચાર્ય અને શિક્ષકોએ દક્ષાબેનને અભિનંદન પાઠવ્યા હતા.


॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ®
Stock Market Trading Consultancy
www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ
Research Analyst
+91 99390 80808

નિફ્ટી ફ્યુચર ૨૪૦૦૬ પોઈન્ટ ઉપર તેજી યથાવત રહેશે..!!

રોકાણકાર મિત્રો, આનંદ ને...!! તા.૨૬.૧૨.૨૦૨૪ ના રોજ...

બીએસઇ સેન્સેક્સ :- ઇન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે બીએસઇ સેન્સેક્સ આગલા બંધ ૭૮૪૭૨ સામે ૭૮૫૫૭ પોઈન્ટના મથાળેથી ખુલીને નફારૂપી વેચવાલી દ્વારા ૭૮૧૭૩ પોઈન્ટના નીચા મથાળે જોવા મળેલ. સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો...દિવસ દરમ્યાન સરેરાશ ૭૨૪ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૦.૩૯ પોઈન્ટના ઘટાડા સાથે ૭૮૪૭૨ પોઈન્ટ બંધ થયેલ..!!!

નિફ્ટી ફ્યુચર :- ઇન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે નિફ્ટી ફ્યુચર આગલા બંધ ૨૩૭૭૦ સામે ૨૩૮૦૬ પોઈન્ટના મથાળેથી ખુલીને સ્ટોક સ્પેશીફીક ઘટાડો નોંધાવી ૨૩૬૩૩ પોઈન્ટના નીચા મથાળા સુધી જોવા મળેલ. નિફ્ટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો...સરેરાશ ૨૩૬ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફ્ટી ફ્યુચર ૨૧ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩૭૪૮ પોઈન્ટ બંધ થયેલ..!!!

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો...

વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેરબજાર પણ વેકેશન મૂડમાં હોવાની સાથે ગત સપ્તાહોમાં મોટાપાયે કરેક્શન બાદ કેલેન્ડર વર્ષના અંતિમ સપ્તાહમાં દરેક ઉછાળે ઈન્ડેક્સ બેઝડ સાવચેતી જોવા મળી રહી છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો, ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની ભારતીય શેરબજારમાં વેચવાલી સામે લોકલ ફંડો - સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની ખરીદી છતાં ગત સપ્તાહે યુ.એસ. ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ૦.૨૫% સાથે આગામી વર્ષ ૨૦૨૫માં માત્ર બે વખત વ્યાજ દર ઘટાડો કરવાના સંકેત અને ફુગાવા સાથે ડોનાલ્ડ ટ્રમ્પની નીતિ મામલે અનિશ્ચિતતા અને વૈશ્વિક મોરચે જીઓપોલિટીકલ ટેન્શનને લઈ વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેરબજારમાં આજે બે તરફી મૂવમેન્ટ જોવા મળી હતી.

ઉપરાંત વૈશ્વિક બજારમાં યુએસના બોન્ડની યીલ્ડ વધતાં તેની અસર એશિયાની વિવિધ કરન્સી બજારો પર દેખાઈ હતી. રૂપિયા સામે ડોલરના ભાવમાં રેકોર્ડ તેજી આગળ વધતાં ડોલરનો આઉટફ્લો વધતાં તથા દેશની વેપાર ખાધ વધવા ઉપરાંત ફોરેક્સ રિઝર્વમાં ઘટાડાના પગલે રૂપિયામાં સતત ધોવાણ જોવા મળ્યું હતું. સાથે સાથે રશિયાથી થતી ક્રૂડની આયાત ઘટતાં ક્રૂડતેલના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો.

બીએસઇ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૧૧% વધીને અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૨૪% ઘટીને બંધ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર માત્ર એફએમસીજી, કોમોડિટીઝ, ટેલિકોમ્યુનિકેશન, મેટલ, ઈન્ડસ્ટ્રીયલ, બેન્કેક્સ અને ફોકસ્ડ આઈટી શેરોમાં વેચવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઉછાળા સાથે બંધ રહ્યા હતા.

બીએસઈમાં કુલ ટ્રેડીંગ થયેલી ૪૦૭૪ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૨૩૨૯ અને વધનારની સંખ્યા ૧૬૩૯ રહી હતી, ૧૦૬ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૨ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૫ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં અદાણી પોર્ટ ૫.૧૯%, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૧.૫૭%, મારુતિ સુઝુકી ૧.૪૯%, સન ફાર્મા ૧.૩૧%, ભારતી એરટેલ ૦.૭૭%, ટાટા મોટર્સ ૦.૬૦%, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૩૦%, કોટક મહિન્દ્રા બેન્ક ૦.૨૬% અને એચસીએલ ટેકનોલોજી ૦.૨૪% વધ્યા હતા, જ્યારે ટાઈટન કંપની લિ. ૧.૦૫%, એશિયન પેઈન્ટ ૧.૦૦%, નેસલે ઈન્ડિયા ૦.૭૫%, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૦.૫૬%, ઝોમેટો લિ. ૦.૫૬%, ટેક મહિન્દ્ર ૦.૪૪%, લાર્સન એન્ડ ટૂબ્રો ૦.૩૯%, બજાજ ફિનસર્વ ૦.૩૪% ઘટ્યા હતા.

બજારની ભાવિ દિશા...

મિત્રો, વર્ષ ૨૦૨૪ જીઓપોલિટીકલ ટેન્શન સહિતના પડકારોનું રહ્યા બાદ વર્ષ ૨૦૨૫માં પણ પરિસ્થિતિ અનિશ્ચિત જોવાઈ રહી છે. અમેરિકામાં સત્તાનું સુકાન હવે ડોનાલ્ડ ટ્રમ્પના હાથમાં આવવાની તૈયારી અને ટ્રમ્પ મજબૂત ડોલરની તરફેણમાં હોઈ એના ભાગરૂપ અત્યારે જાણે ભારતીય શેરબજારમાંથી વિદેશી ફંડો રોકાણ સતત પાછું ખેંચવા લાગ્યાના સંકેતે શેરોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ટ્રમ્પની નીતિ અને એના પર વિદેશી ફંડોનું ભારત સહિતના બજારોમાં ફંડ એલોકેશન વર્ષ ૨૦૨૫માં કેટલું રહેશે એ નિર્ભર હોઈ અત્યારે વર્ષાંતે દરેક ઉછાળે સાવચેતી જરૂરી બની રહેશે.

ટ્રમ્પ સરકારની નીતિ ચાઈના વિરૂધ્ધ અને ભારતની તરફેણમાં રહેવાની શક્યતા જોવાઈ રહી છે, પરંતુ પાછલા દિવસોમાં ટ્રમ્પના નવા નીતિ ઘડવૈયાઓ દ્વારા ભારતને પણ નિકાસો પર વધુ આકરી ડ્યુટી ચૂકવવા તૈયાર રહેવાની ચીમકી સહિતના નેગેટીવ નિવેદનોએ શેરોમાં રોકાણકારોફંડો નવા કમિટમેન્ટ, ખરીદીથી દૂર થવા લાગ્યા છે ત્યારે વૈશ્વિક મોરચે વિદેશી ફંડોની ઓછી સક્રિયતાના પગલે બજારની ચાલ સ્ટોક સ્પેસિફિક જોવા શકે છે.

તા.૨૭.૧૨.૨૦૨૪ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

- તા.૨૬.૧૨.૨૦૨૪ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ @ ૨૩૭૪૮ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૨૩૭૭૯ પોઈન્ટના પ્રથમ અને ૨૪૦૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૩૬૭૬ પોઈન્ટ થી ૨૩૬૦૬ પોઈન્ટ,૨૩૫૭૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૨૪૦૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!
- તા.૨૬.૧૨.૨૦૨૪ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ @ ૫૧૫૭૪ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૫૧૩૦૩ પોઈન્ટ પ્રથમ અને ૫૧૧૮૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૫૧૮૦૮ પોઈન્ટ થી ૫૧૯૩૯ પોઈન્ટ,૫૨૦૦૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. બેન્ક નિફ્ટી ફ્યુચરમાં ૫૧૩૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

- ટાટા કોમ્યુનિકેશન ( ૧૭૩૭ ) :- ટાટા ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૦૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૮૬ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૭૫૩ થી રૂ.૧૭૬૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૭૭૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!
- ભારતી એરટેલ ( ૧૬૦૧ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૫૮૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ...!! રૂ.૧૫૬૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૬૨૩ થી રૂ.૧૬૩૦ ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!
- બાટા ઈન્ડિયા ( ૧૩૪૯ ):- રૂ.૧૩૨૦ નો પ્રથમ તેમજ રૂ.૧૩૦૩ બીજા સપોર્ટથી ફૂટ વેર સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૩૬૬ થી રૂ.૧૩૮૦ સુધીની તેજી તરફી રુખ નોંધાવશે...!!
- આઈસીઆઈસીઆઈ બેન્ક ( ૧૨૯૭ ) :- પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૩૧૩ થી રૂ.૧૩૨૦ ના ભાવની સંભાવના ધરાવે છે...!! અંદાજીત રૂ.૧૨૭૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!
- રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ( ૧૨૧૫ ) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૧૯૦ સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક રિફાયનરી એન્ડ માર્કેટિંગ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૨૩૩ થી રૂ.૧૨૪૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ...!!!
- લ્યુપીન લીમીટેડ ( ૨૧૮૫ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્માસ્યુટિકલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૨૦૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૧૬૭ થી રૂ.૨૧૩૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૨૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો..!!
- એચસીએલ ટેક્નોલોજી ( ૧૮૯૨ ):- રૂ.૧૯૧૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૯૨૪ ના સ્ટોપલોસે વેચવાલાયક..!! તબક્કાવાર રૂ.૧૮૭૭ થી રૂ.૧૮૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૯૩૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!
- એસબીઆઈ લાઈફ ( ૧૪૦૫ ) :- લાઈફ ઈન્સ્યુરન્સ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૪૫૦ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૩૮૮ થી રૂ.૧૩૭૩ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો...!!
- ઓરબિંદો ફાર્મા ( ૧૨૫૬ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્માસ્યુટિકલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૨૮૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૨૩૩ થી રૂ.૧૨૧૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૩૦૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!
- અદાણી પોર્ટસ ( ૧૨૪૦ ) :- રૂ.૧૨૬૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૭૦ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક રૂ.૧૨૨૩ થી રૂ.૧૨૦૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૨૭૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

Past Performance is not an Indicator of Future Returns.
The securities quoted are for illustration only and are not recommendatory.
Investment in securities market are subject to market risks. Read all the related documents carefully before investing.
ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!! લેખક સેબી રજીસ્ટર્ડ રીસર્ચ એનાલીસ્ટ અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ ના પ્રોપરાઈટર છે.

# મોઝામ્બિકમાં ચૂંટણી બાદ હિંસક દેખાવ, ૧૫૦૦ કેદી જેલથી ફરાર

## હારેલા ઉમેદવારના સમર્થકોએ ભડકાવી હિંસાઃ અનેક ગુજરાતી લૂંટાયા, હિંસામાં ૧૫૦ લોકોનાં મોત નિપજયા

**મોઝામ્બિકા,તા.૨૬**

આફ્રિકાના મોઝામ્બિકાની સુપ્રીમ કોર્ટના એક નિર્ણયના કારણે દેશમાં ઉથલપાથલ મચી ગઈ છે. દેશમાં અનેક જગ્યાએ હિંસા ફાટી નીકળી છે, જેમાં અત્યાર સુધીમાં કુલ ૧૫૦થી વધુ લોકોના મોત થયા હોવાના અહેવાલો સામે આવ્યા છે. હિંસા દરમિયાન અનેક ગુજરાતીઓના મોલ અને વેરહાઉસમાં લૂંટફાટ કરવામાં આવી છે. ભીડે કેટલાક મોલમાં આંગ ચંપી કરી સળગાવી દીધા છે. વાસ્તવમાં ૯મી ઓક્ટોબર-૨૦૨૪માં દેશમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાઈ હતી, જેમાં ઘણો વિવાદ થતા મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા હતો. ત્યાર-બાદ સુપ્રીમ કોર્ટે પોતાના ચૂકાદામાં સત્તાધારી ફ્રીલીમો પાર્ટીમાંથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ડેનિયલ ચૈપોને વિવાદાસ્પદ ચૂંટણીના વિજેતા જાહેર કર્યા છે, જેના કારણે ત્યાં હિંસા ભડકી ગઈ છે.



પોલીસ અધિકારીઓએ મંગળવારે કહ્યું કે, તાજેતરની હિંસામાં બે પોલીસ અધિકારીઓ સહિત ઓછામાં ઓછા ૨૧ લોકોના મોત થયા છે. મોઝામ્બિકાના ગૃહમંત્રી પાસ્કોલ રોંડાએ આજે મોડી રાત્રે માપુતો શહેરમાં એક પત્રકાર પરિષદ યોજી હતી, જેમાં તેમણે કહ્યું કે, 'સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ હિંસા અને લૂંટફાટ શરૂ થઈ ગઈ છે. આ હિંસા ચૈપોના પ્રતિસ્પર્ધી અને ચૂંટણીમાં હારી ગયેલા ઉમેદવાર વેનાંસિયો મોંડલેનના યુવા સમર્થકોએ ભડકાવી છે. આ ચૂંટણીમાં ચૈપોને ૬૫ ટકા મત મળ્યા હતા, જ્યારે મોંડલેનને ૨૪ ટકા મત મળ્યા હતા. રોંડાએ કહ્યું કે, પ્રાથમિક સર્વેમાં એવી માહિતી સામે આવી છે કે, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં હિંસાની ૨૩૬ ઘટનાઓ નોંધાઈ છે.

ગૃહમંત્રીએ કહ્યું કે, અત્યાર સુધીમાં ૭૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને સમગ્ર દેશમાં સુરક્ષા કડક કરવામાં આવી છે. રાષ્ટ્રીય પોલીસ કમિશનરના જણાવ્યા મુજબ તાજેતરની હિંસાની ઘટનામાં ૩૩ લોકોના મોત થયા છે અને ૧૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઉપરાંત હિંસા દરમિયાન મોઝામ્બિકાના માપુટોમાં આવેલી જેલમાં ૧૫૩૪ કેદીઓ ફરાર થઈ ગયા છે. જેલમાં કુલ ૨,૫૦૦થી વધુઓ કેદીઓ અથવા આરોપીઓ હતા. ગૃહમંત્રીએ કહ્યું કે, પોલીસના બે વાહનો સહિત ૨૫ વાહનોને આંગ ચાંપવામાં આવી છે. જ્યારે ભીડે ૧૧ પોલીસ ચોકીઓ અને એક જેલ પર હુમલો કરી તોડફોડ કરી છે, જેમાં ૧૫૩૪ કેદીઓ ફરાર થઈ ગયા છે. મોંડલેનાના સમર્થકોએ શુક્રવારે બંધની જાહેરાત કરી છે. દેશમાં અગાઉ પણ હિંસા થઈ હતી અને મંગળવારે રાત્રે રાજધાનીમાં પણ તણાવપૂર્ણ સ્થિતિ હતી.

## બોલિવૂડ હોલિવૂડ

### ઐશ્વર્યાના જોધાબાઈ કોસ્ચ્યુમ્સને ઓસ્કાર એકેડેમીનાં મ્યુઝિયમમાં સ્થાન



**મુંબઈ:** એક તરફ ઓસ્કારની રેસમાંથી ભારતની ફિલ્મો બહાર થવાની વાતથી ઓસ્કારની ચર્ચા છે, ત્યારે ઓસ્કારના એકેડેમી ઓફ ધ મોશન પિક્સર આર્ટ્સ એન્ડ સાયન્સીસ દ્વારા ઐશ્વર્યાની તસવીર અને વીડિયો શેર કરવામાં આવી છે. તેમના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર ઐશ્વર્યાની ૨૦૦૮ની ફિલ્મ જોધા અકબરના વીડિયો સાથે એક ખાસ જાહેરાત કરી છે. એકેડેમી દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે જોધાબાઈના લગ્નના દૃશ્યમાં ઐશ્વર્યાએ પહેરેલાં ચણિયાચોળી એકેડેમી મ્યુઝિયમના એક્ઝિબીશનનો ભાગ હશે. એક એવા ચણિયાચોળી જે એક રાણીને શોભે, જે મોટા પડદા માટે ડિઝાઇન કરવામાં આવ્યા હતા. ૨૦૦૮માં જોધા અકબરમાં ઐશ્વર્યા રાય બચ્ચને લાલ ચણિયાચોળી પહેર્યા હતાં જે જોઈને જ આંખને ગમી જાય. ઝરદોસી એમ્બ્રોઇડરી, સદીઓ જૂની કારીગરી અને ખરેખર છૂપા રત્ન સમાન. જો નજીકથી જોશો તો તમને એક મોર જોવા મળશે, ભારતનું રાષ્ટ્રિય પક્ષી, જે સંપુર્ણ ઘરેણાથી બન્યો છે. નીતા લીલાએએ માત્ર એક ચણિયાચોળી નહીં પણ એક પરંપરા ડિઝાઇન કરી છે. એકેડેમી મ્યુઝિયમના કલર ઇન મોશન એક્શિબિશનમ ાં ઇતિહાસમાં પ્રવેશ કરો. આ પોસ્ટ સાથે એકેડમી દ્વારા જે વીડિયો શેર કરવામાં આવ્યો, તે આશુતોષ ગોવારીકરની ફિલ્મનો છે, જેમાં મુઘલ બાદશાહનો રોલ કરી રહેલો હ્રિતિક રોશન પણ દેખાય છે. જેમાં મ્યુઝિયમમાં પૂતળાને પહેરાવેલાં ચણિયાચોળી ઐશ્વર્યાએ પહેરેલાં જોઈ શકાય છે.

### બેબી જહોન પર છવાયો સલમાન ખાનનો જાદુ



**મુંબઈ:** ક્રિસમસના અવસર પર ૨૫મી ડિસેમ્બરે રિલીઝ થયેલી 'બેબી જોનમાં સલમાન ખાનના કેમિયોએ ધૂમ મચાવી હતી. તેની એન્ટ્રી અને એક્શન સીન વાયરલ થયા છે. લોકો ફિલ્મમાં વરુણ ધવન અને જેકી શ્રોફની વાત નથી કરી રહ્યા પરંતુ સલમાન ખાનના વખાણ કરી રહ્યા છે.વરુણ ધવન, વામિકા ગબ્બી, જેકી શ્રોફ અને કીર્તિ સુરેશ અભિનીત ફિલ્મ 'બેબી જોન ૨૫મી ડિસેમ્બરે ક્રિસમસના અવસર પર સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. કાલિસ દ્વારા નિર્દેશિત અને એટલા અને જ્યોતિ દેશપાંડે દ્વારા નિર્મિત આ ફિલ્મે બહાર આવતાની સાથે જ સ્ક્રીન પર હલચલ મચાવી દીધી હતી. જો કે લોકો તેમાં સ્ટાર કાસ્ટ વિશે પણ વાત નથી કરી રહ્યા. ચર્ચા માત્ર એક જ વ્યક્તિની છે અને તે છે સલમાન ખાન.સોશિયલ મીડિયા પર સલમાન ખાનના કેમિયોની ચર્ચા છે. તેના એક્શન સીનની ક્લિપ વાયરલ થઈ રહી છે. લોકો તેના લુક અને તેની એન્ટ્રીના દીવાના બની રહ્યા છે. જેકી શ્રોફ અને વરુણ ધવનના કામ વિશે કોઈ વાત નથી કરી રહ્યું. એક્સ હેન્ડલ પર માત્ર ભાઈજાનના વખાણ થઈ રહ્યા છે.એક યુઝરે લખ્યું કે બેબી જહોનમાં સલમાન ખાનનો શાનદાર કેમિયો છે. તેણે અભિનેતાની એન્ટ્રી સીનનો આખો વીડિયો રેકોર્ડ કર્યો અને તેને સોશિયલ મીડિયા પર શેર કર્યો, જે હવે વાયરલ થઈ રહ્યો છે. જેમાં તેના મોઢા પર કપડું બાંધેલું છે અને હાથમાં દોરડું બાંધેલું છે. આ હોવા છતાં, તે ઉડતો અને તેના દુશ્મનોને મારતો જોવા મળે છે.

### 'પરમ સુંદરી'માં નોર્થનો સ્વેગ અને સાઉથની ગ્રેસ



**મુંબઈ:** ભારતીય ફિલ્મ જગતમાં એક્શન અને હોરર ફિલ્મો બાદ હવે રોમેન્ટિક કોમેડીનું આગમન થઈ રહ્યું છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સાઉથ અને નોર્થની ટેલેન્ટ એકબીજાની પૂરક બનીને કામ કરી રહી છે ત્યારે ફિલ્મની સ્ટોરીમાં પણ સાઉથ અને નોર્થનો પ્રેમ છલકાવા માંડ્યો છે. દાયકાઓ સુધી ઓડિયન્સ અને ફિલ્મ મેકર્સની પસંદગી રહેલી રોમ-કોમ જોનરને અજમાવવાની સાથે નોર્થના સ્વેગ અને સાઉથની ગ્રેસ ધરાવતી 'પરમ સુંદરી એનાઉન્સ થઈ છે. પ્રોડક્શન હાઉસ મેડ્ડોક ફિલ્મ્સે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરી આ ફિલ્મનો પરિચય આપ્યો હતો. જેમાં જણાવાયુ હતું કે, નોર્થ કા સ્વેગ, સાઉથ કી ગ્રેસ- બે દુનિયા અથડાઈ અને રાખ ઊડી. દિનેશ વિજાન રજૂ કરે છે-પરમ સુંદરી. તુષાર જલોટાના ડાયરેક્શનમાં બની રહેલી ફિલ્મ ૨૫ જુલાઈ, ૨૦૨૫ના રોજ રિલીઝ થશે. અત્યંત શિષ્ટ સિદ્ધાર્થ મલહોત્રા પરમ બન્યો છે અને ચંચળ જાન્હવીએ સુંદરીનો રોલ કર્યો છે. સિદ્ધાર્થને નોર્થના યુવક તરીકે દર્શાવાયો છે, જેની પોતાની અલગ સ્ટાઈલ છે. જ્યારે સાઉથની સુંદરીની નજાકત મન પીગળાવી દે તેવી છે. સિદ્ધાર્થ મલહોત્રા છેલ્લે પ્રાઈમ વીડિયોની સિરીઝ 'ઈન્ડિયન પોલીસ ફોર્સમાં જોવા મળ્યો હતો. રાશિ ખન્ના, શિલ્પા શેટ્ટી અને વિવેક ઓબેરોય સાથેની આ સિરીઝને રોહિત શેટ્ટીએ ડાયરેક્ટ કરી હતી. જાન્હવીની છેલ્લી ફિલ્મ દેવરાઃ પાર્ટ ૧ હતી. જુનિયર એનટીઆરનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મ બોક્સઓફિસ પર ખાસ ચાલી ન હતી.



બોલિવુડ અભિનેત્રી બિપાશા બાશુએ ક્રિસમસની ઉજવણી પોતાની લિટેલ ચિલ્ડ્રન સાથે કરી હતી.

## ગાઝામાંથી સૈન્ય નહીં હટાવીએ, હમાસને ફરી ક્યારેય સત્તા નહીં મળે

**ગાઝા,તા.૨૬**

ઈઝરાયલના રક્ષા મંત્રી ઈઝરાયલ કાટ્ઝે જણાવ્યું હતું કે, ગાઝામાં તેના સૈનિક તૈનાત રહેશે અને પેલેસ્ટાઈન ક્ષેત્ર પર સુરક્ષા નિયંત્રણ જળવાઈ રહેશે. તેમના નિવેદનથી ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ વિરામ માટે ચાલી રહેલી ચર્ચાઓ સફળ થશે. ગાઝા-મિસ્ર સરહદ પર એક બફર જોનની મુલાકાત દરમિયાન કાટ્ઝે કહ્યું કે, ગાઝામાં સુરક્ષા નિયંત્રણ આઈડીએફ (ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસ)ના હાથમાં જ રહેશે. ઈઝરાયલના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ગાઝા પટ્ટીમાં જ સુરક્ષા ક્ષેત્રો, બફર ક્ષેત્રો નિયંત્રણની સ્થિતિ-માં રહેશે. અહીં કોઈ હમાસની સરકાર કે હમાસની સેના આવશે નહીં. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલય અને હમાસે એક-બીજા પર ગાઝા યુદ્ધ વિરામ કરારમાં વિલંબ કરવાનો આરોપ મૂક્યો છે. જો કે, બંને દેશો અમુક શરતો સાથે યુદ્ધ વિરામ ઈચ્છે છે. કતર અને મિસ્રની મધ્યસ્થીમાં દોહામાં થયેલી વાતચીત બાદ હમાસે જણાવ્યું હતું કે, ચર્ચા પ્રગતિશીલ રહી છે. પરંતુ ઈઝરાયલે ગાઝામાંથી સેના પરત બોલાવવા, કેદીઓને અને વિસ્થાપિતોના પુનઃસ્થાપન, યુદ્ધ વિરામ જેવી કેટલીક શરતો મૂકી છે. આ શરતોના લીધે યુદ્ધ વિરામમાં વિલંબ આવી રહ્યો છે.

ઈઝરાયલે યુદ્ધ વિરામ માટે યોજાયેલી બેઠકો અધવચ્ચે અટકાવી હતી. આમ કરવા પાછળનું કારણ આપતાં ઈઝરાયલ સરકારે જણાવ્યું કે, અમારા બંધકોની મુક્તિ માટે ચર્ચા કરવા ઈઝરાયલ આંતરિક વિચારવિમર્શ કરવા માગે છે. જેથી તેણે પોતાની ટીમ પાછી બોલાવી હતી. વિચારવિમર્શ બાદ યુદ્ધ વિરામ મુદ્દે ફરી ચર્ચાઓ કરીશું. આ ટીમમાં મોસાદના વરિષ્ઠ અધિકારી, શિન બેત સુરક્ષા એજન્સી અને ઈઝરાયલ ડિફેન્સ ફોર્સના વડા સામેલ હતા.




બોલિવુડ અભિનેત્રી આલિયા ભટ્ટે ક્રિસમસ ઉજવણી અંતર્ગત રેડ આઉટફીટમાં ફોટોશુટ કરાવ્યું હતું.

## ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીન લેન્ડ ખરીદવાની વાત કરતાં ડેન્માર્કે સલામતી મજબૂત કરી

**વોશિંગ્ટન,તા.૨૬**

અમેરિકાના નવનિર્વાચિત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વધુ એક વખત વિવાદમાં ફસાયા છે. પહેલાં તેઓએ કેનેડાને યુ.એસ. સાથે જોડી દેવાની વ્યંગમાં વાત કરી, પછી પનામા-કેનાલ ફરી હાથ કરવાની ગંભીર રીતે રજૂઆત કરી અને હવે ડેન્માર્ક પાસેથી ગ્રીન લેન્ડ 'ખરીદી લેવાની વાત વહેતી મુકી તેઓ એક વધુ વિવાદમાં ફસાયા છે.જાન્યુઆરી ૨૦ તારીખના રોજ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ પદના શપથગ્રહણ કરવાના છે. પદગ્રહણ કર્યા પછી તેઓ ગ્રીન લેન્ડ હસ્તગત કરવા પ્રયત્ન પણ કરશ તેવી આશંકાથી ડેન્માર્કે ત્યાં વધુ સૈનિકો ગોઠવી દેવાનું શરૂ કર્યુ છે. ગ્રીન લેન્ડ સ્થિત ત્રણ વિમાનગૃહો પર હ્વ-૩૫ પ્રકારનાં વિમાનો મુક્યાં છે. સૈનિકોની આવ-જા માટે સ્લેજ આ બર્ફીલા ધ્રુવીય દેશમાં અનિર્વાય છે. તેથી સ્લેજ પણ વધારી છે અને સ્લેજ ડોગ્સ પણ વધાર્યા છે. તેમજ ડેન્માર્કે તેનો સંરક્ષણ ખર્ચ ત્રણ ગણો કરી અમેરિકન ડોલર ૧.૫ બિલિયન સુધી ઉંચે લઈ ગયું છે.વાસ્તવિકતા તે છે કે, દુનિયાનો સૌથી મોટો ટાપુ ગ્રીન લેન્ડ ડેન્માર્કનો છે તેને સંપૂર્ણ આંતરિક સ્વાયત્તતા અપાઈ છે. માત્ર વિદેશનીતિ અને સંરક્ષણનીતિ ડેન્માર્કના હાથમાં છે. ડેનીશ ડિફેન્સ મિનિસ્ટર ટ્રોએલ્સ એલ. પૌબસેને બીવીસીને જણાવ્યું હતું કે, 'અમે સંરક્ષણ ખર્ચ તો વધાર્યો જ છે, પરંતુ ટ્રમ્પ દ્વારા કરાયેલાં આ વિધાનો માત્ર વિધિની વક્રતા જ દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે ટાપુનો કબ્જો લેવો અને તેની માલિકી હોવી તે અમેરિકા માટે અનિવાર્ય જરૂરિયાત છે.પૌલસેને વધુમાં જણાવ્યું હતું કે, અમારાં નવા સંરક્ષણ બજેટમાં બે નવા ઈન્સ્પેકશન શિપ્સ, બે લોન્ગરેન્જ ડ્રોન્સ અને બે વધારાની 'સ્લેજ ડોગ ટુકડીઓ સમાવિષ્ટ છે. આ ઉપરાંત અમે ગ્રીન લેન્ડનાં પાટનગર 'નુકમાં અમારા આર્ટિક કમાન્ડના સૈનિકોની પણ સંખ્યા વધારવામાં આવી છે.



લવેબલ કપલ કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાએ ક્રિસમસની ઉજવણી તરીકે એકબીજાને હગ કરી પોઝ આપ્યો હતો.

## મોસ્ટ વોન્ટેડ આતંકી મસૂદ અઝહરને હાર્ટએટેક આવ્યો

**કરાંચી,તા.૨૬**

ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદી અને જૈશના નેતા મૌલાના મસૂદ અઝહરને હાર્ટ એટેક આવ્યો છે. તે અફઘાનિસ્તાનના ખોસ્ત પ્રાંતમાં છુપાયેલો હતો. અહીં જ તેમને હાર્ટ એટેક આવ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હુમલા બાદ તરત જ મસૂદ અઝહરને અફઘાનિસ્તાનથી પાકિસ્તાન લઈ જવામાં આવ્યો હતો. તેમને કરાચીની સંયુક્ત સૈન્ય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, કાર્ડિયોલોજિસ્ટ ઈસ્લામા બાદથી કરાચી પહોંચી રહ્યા છે. મસૂદ અઝહરને ખોસ્ત પ્રાંતના ગોરબાઝ વિસ્તારમાંથી પાકિસ્તાન મોકલવામાં આવ્યો હતો. તેમને ટૂંક સમયમાં રાવલપિંડીની મોટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી શકે છે. પાકિસ્તાનની આ કાર્યવાહી સ્પષ્ટપણે દર્શાવે છે કે તેણે આતંકવાદી મસૂદ અઝહરને મુક્તિ આપી દીધી છે. તમને જણાવી દઈએ કે આતંકી મૌલાના મસૂદ અઝહર આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદનો સંસ્થાપક છે. તે ભારતનો મોસ્ટ વોન્ટેડ આતંકવાદી છે. સપ્ટેમ્બર ૨૦૧૯માં ભારતે છઁછ હેઠળ અઝહર અને લશ્કર-એ-તૈયબાના સ્થાપક અને પાકિસ્તાની આતંકવાદી હાફિઝ મુહમ્મદ સઈદને 'આતંકવાદી' જાહેર કર્યો હતો. તમને જણાવી દઈએ કે ડિસેમ્બર ૧૯૯૯માં કાઠમંડુથી કંદહાર જતી લાઈટને હાઈજેક કરવામાં આવી હતી, જેમાં મુસાફરોના બદલામાં આતંકી મસૂદને મુક્ત કરવામાં આવ્યો હતો.વર્ષ ૧૯૬૮માં જન્મેલા આતંકવાદી મસૂદ અઝહરે પાકિસ્તાનમાં બેસીને ઘણી ભારત વિરોધી ગતિવિધિઓ કરી છે. તેના જૈશ-એ-મોહમ્મદ નામના આતંકી સંગઠને માત્ર ભારતમાં જ નહીં પરંતુ ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં પણ આતંકી હુમલા કર્યા છે. પાકિસ્તાન વર્ષોથી મસૂદ અઝહર દેશમાં હોવાની વાત સ્વીકારવાનો ઈકનાર કરી રહ્યું હતું.

# પાકે. અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઈક કર્યા બાદ ભારેલા અગ્નિ જેવી સ્થિતિ

## અફઘાનિસ્તાનની સત્તા પર કબજો જમાવનાર તાલિબાની સત્તાના ૧૫૦૦૦ લડવૈયાઓ પાકિસ્તાન તરફ આગળ વધી રહ્યા હોવાના અહેવાલ

**ઈસ્લામાબાદ,તા.૨૬**

પાકિસ્તાને અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઇક કર્યા બાદ બંને દેશો વચ્ચે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ ઊભી થઈ ગઈ છે. હાલની સ્થિતિ એવી છે કે, બંને દેશો વચ્ચે હવે યુદ્ધના ભણકારા શરુ થઈ ગયા છે. અફઘાનિસ્તાનની સત્તા પર કબજો જમાવનાર તાલિબાની સત્તાના ૧૫૦૦૦ લડવૈયાઓ પાકિસ્તાન તરફ આગળ વધી રહ્યા હોવાના અહેવાલ સામે આવ્યા છે. પાકિસ્તાને મંગળવારે અફઘાનિસ્તાનના પૂર્વ પક્તિકા પ્રાંત પર એરસ્ટ્રાઇક કરી હતી, જેમાં ૧૫ નાગરિકોના મોત થયા છે. આ ઘટનાની સૌથી મોટી વાત એ છે કે, પાકિસ્તાને અફઘાનિસ્તાનની સરહદમાં ઘૂસીને હુમલો કર્યો છે, જેના કારણે તાલિબાનીઓ ભડકે બળ્યા છે. આ હુમલા બાદ તાલિબાને બદલો લેવાની ધમકી આપી છે. આવી સ્થિતિમાં આપણે જાણીએ કે, જો પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે યુદ્ધ થાય તો કોની જીત થઈ શકે છે અને કોણ સૌથી વધુ શક્તિશાળી છે?



બંને દેશની સેનાની તાકાતની વાત કરીએ તો પાકિસ્તાન સામે અફઘાનિસ્તાનની સેના તમામ મોરચા પર નબળી દેખાઈ રહી છે. રિપોર્ટ મુજબ પાકિસ્તાન પાસે ૬ લાખથી વધુ સૈનિકો છે, એરક્રાટ મામલે પણ પાકિસ્તાનનું પલડું ભારે છે, તેની પાસે ૧૪૦૦થી વધુ વિમાનો, ૩૦૦૦થી વધુ ટેકન્રો, ૫૦,૦૦૦થી વધુ આર્મ્ડ વ્હીકલ છે. પાકિસ્તાન નેવીની તાકાત પણ અફઘાનિસ્તાનથી ઘણી શ્રેષ્ઠ છે. પાકિસ્તાન પાસે ૩૮૭ એરક્રાટ વિમાનો પણ છે. અફઘાનિસ્તાનની સેનાની વાત કરીએ તો તેની પાસે અફઘાન આર્મી, એરફૉર્સ અને પોલીસ બળ સહિત ત્રણ લાખથી વધુ સૈનિકો છે. તેની વાયુ સેના પાસે કોઈ વિશેષ તાકાત નથી. અફઘાનિસ્તાન માટે સૌથી મોટો પડકાર તેના સૈનિકો જ છે, કારણ કે તેના સૈનિકો ટ્રેઈન નથી. આ ઉપરાંત તેની પાસે વાયુસેનાની તાકાત પણ ઓછી છે. રિપોર્ટ મુજબ અમેરિકી સેનાના લગભગ સાત બિલિયન ડૉલરની કિંમતના હથિયારો અફઘાનિસ્તાનમાં પડ્યા છે. આમાં એમ ૪ કાર્બાઇન, ૮૨ એમએમ મોર્ટાર લોન્ચર, એમ૧૬ રાઈફલ અને સેનાના હથિયારો ઉપરાંત સૈન્ય વાહનો, નાઈટ વિઝન, બ્લૈક હૉક હેલિકોપ્ટર, એ૨૯ એરક્રાટ વિમાન, દેખરેખ રાખતાં ઉપકરણો સામેલ છે. રિપોર્ટ મુજબ અફઘાનિસ્તાન પાસે રશિયન હથિયારોનો મોટો જથ્થો છે, જે હવે તાલિબાની લડવૈયાઓના કબજામાં છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકા અને રશિયાએ લાંબા સમય સુધી અફઘાનિસ્તાનમાં બેઝ ઊભો કર્યો હતો. જોકે નિષ્ણાતોના મત મુજબ અફઘાનિસ્તાનની સેના પાસે આ અત્યાધુનિક હથિયારો ચલાવવાની આવડત જ નથી, જેના કારણે આ હથિયારો બરબાદ થઈ રહ્યા છે.

પાકિસ્તાનની સરખામણીમાં અફઘાનિસ્તાન દરેક મોરચે નબળું છે. પરંતુ જો યુદ્ધ થાય તો પાકિસ્તાનને ભારે નુકસાન થઈ શકે છે. વાસ્તવમાં તાલિબાન લડવૈયાઓ હુમલાઓ કરવામાં માહિર છે, પાકિસ્તાન માટે આ સૌથી મોટો ચિંતાનો વિષય છે.

# મહાપાલિકા અને રૂડામાં NOC, બિનખેતી હેતુફેર સહિતની પ્રક્રિયા અતિ જટિલ

## ટીપી વિભાગના વિવિધ પ્રશ્નોનો ઉકેલ લાવવા રીયલ રાજકોટ ડેવલપર્સ એસો. દ્વારા કમિશ્નરને રજૂઆત કરવામાં આવી



**રાજકોટ, તા. ૨૬**
રાજકોટ મહાનગરમાં રીયલ એસ્ટેટ બાંધકામ ક્ષેત્રમાં લાંબા સમયથી ડેવલપર્સ અને બિલ્ડર્સને પડતી મુશ્કેલીઓનો ઉકેલ લાવવા અને ટીપી વિભાગના વિવિધ પ્રશ્નોનો ઉકેલ લાવવા રીયલ રાજકોટ ડેવલપર્સ એસો. દ્વારા કમિશ્નરને રજૂઆત કરવામાં આવી છે.

એસો.ના પ્રદીપભાઇ ત્રિવેદી સહિતના હોદ્દેદારો નવનિયુક્ત મ્યુનિ. કમિશ્નર તુષાર સુમેરાને મળ્યા હતા અને શુભેચ્છા સાથે સ્વાગત કર્યુ હતું. આ સાથે રોજિંદી કામગીરીમાં પડતી મુશ્કેલી અંગે આવેદનપત્ર પણ પાઠવ્યું હતું. એસો.એ આ રજુઆતમાં જણાવ્યું હતું કે, રિઅલ રાજકોટ ડેવલોપર્સ એસોસિએશન (આરઆરડીએ)ના તમામ કોર્પો. અને રૂડા સાથે જોડાયેલા સભ્યો વર્ષોથી બિલ્ડીંગ પ્લાન મંજુરીની પ્રક્રિયા સાથે જોડાયેલા છે. હાલ ટાઉન પ્લાનિંગ વિભાગમાં વિવિધ મુશ્કેલીઓ પડી રહી છે જે બાબતે ઉકેલ લાવવા મહત્વના સૂચનો પણ કર્યા છે.

રાજકોટ જીલ્લામાં નવા આંતરરાષ્ટ્રીય એરપોર્ટના લોકાર્પણ બાદ ઘણા માસથી સી.સી.ઝેડ.એમ. મેપ ડીકલેર થઇ ગયેલ હોવા છતાં આર.એલ. (રોડ લેવલ) સર્ટીફીકેટ બંને ઓથોરીટીસમાં બિનજરૂરી માંગવામાં આવે છે, રાજકોટ શહેર તથા અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટી હેઠળ આવતા વિસ્તારોમાં એવરેજ હાઈટ ૧૧૦ મીટર મળે છે, જે અન્વયે આ પ્રકારના સર્ટીફીકેટ ફરજિયાત માંગવા એ બિનજરૂરી જણાતું હોય તેવું લાગે છે. વધુમાં એસો.ના પ્રદીપભાઇ ત્રિવેદીએ જણાવ્યું હતુ કે, મહાનગરપાલિકા અને રૂડામાં ફાયર એન.ઓ.સી., રેલ્વે એન.ઓ.સી., બિનખેતી હેતુફેર તથા વિવિધ એન.ઓ.સી., મેળવવાની પ્રક્રિયા અતિ જટિલ છે. સામાન્ય અરજદારને સમય મર્યાદામાં એન.ઓ.સી. મળતી ન હોય કોર્પો. અને રૂડા દ્વારા જ આ એન.ઓ.સી.ની પ્રક્રિયા કરવામાં આવે તો સરળતા મળે તેમ છે.

ઈમ્પેક્ટ હેઠળ રજુ થયેલ પ્લાનમાં ફાયર એન.ઓ.સી.ની જરૂરિયાત રહેતી હોઈ જેમાં ફાયર વિભાગ પહેલા ઈમ્પેક્ટ હેઠળનો પ્લાન મંજુર થયેલો માંગતા હોય અને ટી.પી. શાખા ફાયર એન.ઓ.સી. માંગતા હોય ત્યારે આ બંને વિભાગમાં વહીવટી સંકલન કરવું અત્યંત જરૂરી છે જેથી ઈમ્પેક્ટ હેઠળના કેસ ઈનવર્ડ થાય તથા સરકારની તિજોરીમાં માતબર આવક થાય તે માટે ઝડપી ઉકેલ આવવો જોઇએ.

મહાનગરપાલિકામાં નવા બિલ્ડીંગ પ્લાન મંજુરી, કમ્પ્લીશન તથા વિવિધ કામગીરીમાં હાલ જે મહેકમની નિમણુંક કરેલ છે એ સ્ટાફ વિભાગના વિવિધ કાર્યમાં અનુભવી નથી. આથી સમય બગડે છે. તે કારણે ટીપી વિભાગમાં નીવડેલ મહેકમની નિમણુંક કરવામાં આવે અને તેઓને સમયાંતરે ટ્રેનીંગ સેશન કરવામાં આવે તથા દર માસાંતે એન્જીનીયરો સાથે પડતી મુશ્કેલીઓ નિવારણ અન્વયે મીટીંગ કરવા મહત્વનું સૂચન કર્યુ છે.

રાજકોટમાં બિલ્ડીંગ પ્લાન પાસ કરવા પહેલા જે સમય નિરર્થક જતો હોય અને બિલ્ડીંગ પ્લાન પાસ થયા બાદ કમ્પ્લીશન મેળવવા સમયે યોગ્ય સમયમર્યાદામાં કામગીરી થતી ન હોય, ગતિ લાવવાની રજૂઆત કરી છે. આ મુલાકાતમાં પ્રદીપભાઈ ત્રિવેદી, ડો. વિરલ ભટ્ટ, જેન્તીભાઈ ગોધાત, વિશાલ ટાતમિયા, ચિરાગ સવાણી, હિતેશભાઈ તાલસાનિયા, કિરીટભાઇ ઉંજીયા, અશોકસિંહ ચૌહાણ જોડાયા હતા.

# થર્ટી ફર્સ્ટની ઉજવણી કાયદાના દાયરામાં રહીને કરજોઃ ડીસીપી જગદીશ બાંગરવા

## દારૂ પાર્ટી કરનાર જેલમાં જવા તૈયાર રહેજો, ડ્રોનની મદદથી ફાર્મહાઉસ પર બાજનજર રહેશેઃ પોલીસ દ્વારા રસ્તા પર સઘન વાહનચેકીંગ કરાશે,'ખાસ ટુકડી' હોટેલમાં કરશે ચેકીંગ



**રાજકોટ,તા.૨૬**
થર્ટી ફર્સ્ટની ઉજવણી એટલે ડાન્સ, મસ્તી અને પાર્ટીના દ્રશ્યો આપણી નજર સામે આવી જાય.ગાંધીનગરના ગીફ્ટ સિટીમાં ભલે દારૂની છૂટ હોય. પરંતુ હજુ ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે. એટલા માટે જ થર્ટી ફસ્ટની ઉજવણીમાં દારૂપાર્ટીને રોકવા પોલીસ એક્શનમાં આવી ગઈ છે. જો તમારે પણ દારૂપાર્ટી કરવી હોય તો પછી નવા વર્ષની ઉજવણી જેલમાં કરવાની તૈયારી રાખવી પડશે.

રાજકોટ શહેર પોલીસના ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે,રાજકોટ શહેરમાં પોલીસે નવા વર્ષની ઉજવણીમાં કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે એક્શન પ્લાન તૈયાર કર્યો છે.શાંતિપૂર્વક ઉજવણી થાય તે માટે પોલીસ દ્વારા વ્યાપક બંદોબસ્તની યોજના ઘડવામાં આવી છે.જેમાં મોટી સંખ્યામાં કર્મચારીઓની નિમણૂક,નશામાં વાહન ચલાવવાથી રોકવા માટે ચેકપોસ્ટ તેમજ મહિલાઓની સુરક્ષા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અટકાવવા માટે વિશેષ ટીમોની રચના કરવામાં આવી છે.શહેરમાં ૫૦થી વધુ પોઇન્ટ પર પોલીસે વાહન ચેકીંગ કરવા ટિમો ઉતારી દેવામાં આવી છે.તેમજ રાજકોટ શહેરના એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ્સ પર વાહન ચાલક પર નજર રાખવામાં આવશે અને નશામાં વાહન ચલાવનારા પર કાર્યવાહી કરવામાં આવશે.તેમજ તેઓએ વધુમાં જણાવ્યું હતું કે,થર્ટી ફર્સ્ટના દિવસે પોલીસની ટુકડીઓ હોટેલમાં ચેકીંગ કરશે તેમજ ફાર્મહાઉસ પર પણ ડ્રોન ઉડાવી બાજનજર રાખવામાં આવી રહી છે.રાજકોટમાં ૧૨૦૦થી વધુ પોલીસ કર્મચારીઓને બંદોબસ્ત માટે તહેનાત કરવામાં આવશે.જેમાં સિનિયર પોલીસ અધિકારી, પોલીસ ઈન્સ્પેક્ટર, સબ-ઈન્સ્પેક્ટર, હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલ સામેલ છે. સંવેદનશીલ વિસ્તારોમાં સીસીટીવી કેમેરા લગાવ્યા છે,સાથો સાથ પોલીસ કર્મચારીઓ બોડી કેમેરા સાથે તહેનાત રહેશે તેમજ ખાનગી ડ્રેસમાં અધિકારીઓ મોલ, ક્લબ, હોટેલ અને પ્રાઈવેટ પાર્ટી સ્થળોએ મોનિટરિંગ કરશે.

### દારૂડિયાઓને પકડવા બ્રેથ એનાલાઈઝર્સ ફાળવાયાઃ મહિલાઓની સુરક્ષા માટે વિશેષ બંદોબસ્ત

ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે,નવા વર્ષમાં બંદોબસ્ત દરમિયાન નશામાં વાહન ચલાવનારાને ઝડપી લેવા માટે બ્રેથ એનાલાઈઝર્સ પોલીસને ફાળવવામાં આવ્યા છે.૨૨ તારીખથી ૩૧ ડિસેમ્બર સુધી બુટલેગર્સ પર ખાસ નજર રાખવામાં આવી છે.મહિલાઓની સુરક્ષા માટે વિશેષ બંદોબસ્ત ગોઠવ્યો છે.૧૩ પોલીસ સ્ટેશનોમાંથી 'શી'-ટીમ સ્કવોડ'ની ખાનગી ડ્રેસમાં એન્ટી-રોમિયો સ્કવોડની રચના કરી છે.જે પાર્ટીઓમાં અને ભીડભાડવાળા વિસ્તારોમાં મહિલાઓને સુરક્ષા આપશે.આ ઉપરાંત ક્વિક રિસ્પોન્સ ટીમ અને બેકઅપ સપોર્ટ ટીમ તૈનાત રહેશે.



# રાજકોટ ST વિભાગને વધુ ૧૫ નવી વોલ્વો બસોની ફાળવણી કરવામાં આવી

## હજુ એકાદ માસ દરમ્યાન જ વધુ ૧૦ જેટલી નવી વોલ્વો બસો રાજકોટ એસ.ટી. વિભાગને ફાળવવામાં આવશે

**રાજકોટ, તા.૨૬**
રાજકોટ એસ.ટી. વિભાગમાં સમયાંતરે નવી બસોની ફાળવણી કરવામાં આવી રહી છે. ત્યારે છેલ્લા એક માસ દરમ્યાન જ રાજકોટ એસ.ટી. વિભાગને સેન્ટ્રલ ઓફિસ દ્વારા વધુ ૧૫ નવી વોલ્વો બસોની ફાળવણી કરવામાં આવી છે અને હજુ એકાદ માસ દરમ્યાન જ વધુ ૧૦ જેટલી નવી વોલ્વો બસો રાજકોટ એસ.ટી. વિભાગને ફાળવવામાં આવનાર હોવાનું વિભાગના અધિકારી સૂત્રોએ જણાવેલ હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં રાજકોટ એસ.ટી. વિભાગની પ્રિમિયમ બસ સર્વિસમાં ૨૧ ઈલેક્ટ્રીક-એ.સી., અને ૨૮ વોલ્વો બસો દોડે છે. આ તમામ બસો અમદાવાદ-વડોદરા-નાથદ્વારા અને ભૂજ રૂટો ઉપર દોડાવવામાં આવી રહી છે અને હવે જ્યારે એકાદ માસમાં જ વધુ ૧૦ નવી વોલ્વો બસો આવી રહી છે.

અને હવે જ્યારે એકાદ માસમાં જ વધુ ૧૦ નવી વોલ્વો બસો આવી રહી છે ત્યારે વોલ્વોમાં નવા રૂટો પણ ઉમેરવામાં આવે તેવી શક્યતા એસ.ટી. વિભાગના સૂત્રોએ દર્શાવી છે.

## પાણી પુરવઠા બોર્ડની ગ્રેચ્યુઈટી પર વ્યાજ ચુકવવાની તમામ SCA અને LPA રદ કરી : હસુભાઇ દવે

# હાઇકોર્ટ તરફથી ગુજરાત પાણી પુરવઠા બોર્ડને ફટકો

**રાજકોટ તા ૨૬**
ભારતીય મજદુર સંઘની યાદી જણાવે છે કે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડમાં નોકરી કરતા અને વય નિવ્રુત થતા કર્મચારી - અધીકારીઓને આ બોર્ડ દ્વારા નિવૃતી બાદ ઘણાજ વિલંબથી ગ્રેચ્યુઈટીની રકમ ચુકવવામાં આવતી હતી બોર્ડની આવી નિતી સામે ભારતીય મજદુર સંઘ રાજકોટ દ્વારા આ વિલંબથી ચુકવેલ ગ્રેચ્યુઇટી પર ૨૦ થી ૨૫ કર્મચારીને વ્યાજ ચુકવવા રાજ્યના લગભગ તમામ જીલ્લાઓમાં વ્યાજ ચુકવવા મદદનિશ મજુર કમીશ્નર સમક્ષ કેસ દાખલ કરવામા આવેલ હતા. આ તમામ ગ્રેચ્યુઇટી અરજીઓમાં નિયંત્રણ અધીકારીઓએ અરજીઓ મંજુર કરી વિલંબથી ચુકવાયેલ ગ્રેચ્યુઇટીની રકમો પર કર્મચારીની નિવતીની તારીખથી ૩૦ દીવસ બાદથી ખરેખર ગ્રેચ્યુઇટીની રકમનું ચુકવણુ થયા તારીખ સુધીના સમયગાળા માટે ૧૦ ટકા સાદુ વ્યાજ ચુકવવા હુકમો કરવામા આવેલ હતા અને તેની સામે બોર્ડ દ્વારા દાખલ કરવામા આવેલ તમામ અપિલો એપેલેન્ટ ઓથોરેટીએ રદ કરેલ હતી. એપેલીટ ઓથોરેટી અને નાયબ શ્રમ આયુક્તો દ્વારા બોર્ડની બધીજ અપિલો રદ કરવાના હુકમો સામે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા અપિલના હુકમો સામે ગુજરાત હાઇકોર્ટમા ૨૦ થી ૨૫ એસ.સી.એ. દાખલ કરવામા આવેલ હતી બોર્ડ દ્વારા દાખલ કરેલ બધીજ એસ.સી.એ ગુજરાત હાઇકોર્ટ દ્વારા રદ કરી કંટ્રોલિંગ ઓથોરેટી તથા એપેલેટ ઓથોરેટીના કાયમ રાખી બોર્ડની અપિલ્પ રદ કરેલ ફરીથી આ બોર્ડ દ્વારા પોતાની રદ થયેલ એસ.સી.એ.ના હુકમો સામે નામ. ગુજરાત હાઇકોર્ટમા ડબલ બેન્ચ સમક્ષ ૨૦ થી ૨૨ એલ.પી.એ. કરેલ હતી આ એલપી.એ.પૈકી ૮થી૯ એલ.પી.એ.ની સુનવણી થઇ જતા હાઇકોર્ટ બધીજ એલ.પી.એ. રદ કરેલ હતી. આમ આ બોર્ડ કર્મચારીઓના હક્કના ચુકવણામા પોતાના અધીકારીઓની જવાબદારી ટાળવા નામ.ગુજરાત હાઇકોર્ટમા બીન જરુરી કેસો કરીને સરકારની લીટીગેશં પોલીસીનો ભંગ કરે છે અને પ્રજાના કરવેરાના પૈસાનો વ્યય કરે છે.

## અનુસંધાન...

## પહેલા પાનાનું...

### આર.જે. સીમરન

ઈન્સ્ટાગ્રામ પર તેને શોધવા લાગ્યા, હાલમાં તેની અંતિમ પોસ્ટ વાયરલ થઈ રહી છે. આ પોસ્ટમાં એક વીડિયો છે, જેમાં તે પોતાના વિચાર પંજાબીમાં શેર કરતી દેખાઈ રહી છે. વીડિયોમાં આરજે સિમરન કહે છે કે, તૂ અચ્છા લગતા હૈ પર કહેતી નહીં, તેરી બાતો પર ભી ખૂબ હંસી આતી હૈ, લેકિન જાનકર હંસતી નહીં, મેરે પર ચાંસ મારને કી જરુર નહીં હૈ. સોશિયલ મીડિયા પર આ પોસ્ટ જોઈ તેના ચાહનારા લોકો ખૂબ ભાવુક થઈ રહ્યા છે. ફેન્સ તેનો વીડિયો જોઈ તેને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે.

### પેપર લીક

કરવાનો આક્ષેપ કર્યો છે.૧૩ ડિસેમ્બરે યોજાયેલી પ્રારંભિક પરીક્ષામાં અનેક ગોટાળાના આક્ષેપ લાગ્યા છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે, તેમને મોડા પ્રશ્નપત્રો આપવામાં આવ્યા અને અનેક જગ્યાએ પ્રશ્નપત્રો ફાટેલા હતા. જેના કારણે પેપર લીક થયું હોવાની પ્રબળ આશંકા થઈ. બીજીતરફ બીપીએસસીના ચેરમેન પરમાર રવિ મનુભાઈએ પરીક્ષા રદ કરવાનો ઈકનાર કરી દીધો હતો. તેમણે માત્ર પટણાના બાબુ પરીક્ષા કેન્દ્રમાં ચાર જાન્યુઆરી-૨૦૨૫ના રોજ ફરી પરીક્ષા યોજવાની જાહેરાત કરી.

### આપની ફરિયાદ

પ્રવેશ વર્માએ કહ્યું હતું કે, 'મારા પિતાજીએ રાષ્ટ્રીય સ્વાભિમાન સંસ્થાનું નિર્માણ ૨૫ વર્ષ પહેલા કર્યું હતું. ગુજરાતમાં જે બે ભૂકંપ આવ્યા હતા, ત્યારબાદ અમે બે ગામડાંઓનું નિર્માણ કર્યું હતું. અમે ત્યાં બે હજારથી વધુ મકાન બનાવ્યા હતા.'

### શિતલહેર

જમ્મુ કાશ્મીરમાં ક્રિસમસની પૂર્વસંધ્યા પર મંગળવારે ભદ્રવાહમાં એટલો બરફ વરસ્યો કે રજાઓનો આનંદ માણવા આવેલાં લોકો માટે આ પૈસા વસૂલ ટ્રીપ બની ગઈ. બરફવર્ષા જોઈને તેઓ બોલી ઉઠ્યા કે અમારી બરફ જોવાની ઈચ્છા પૂરી થઈ ગઈ.

જમ્મુ કાશ્મીરના ભદ્રવાહ વિસ્તારના પહાડી વિસ્તારમાં ભારે હિમવર્ષાના પગલે નયનરમ્ય દ્રશ્યો જોવા મળ્યા હતા. પહાડો બરફમય બની ગયા છે અને આજુબાજુ જ્યાં નજર કરો ત્યાં સફેદ બરફની ચાદર છવાઈ ગઈ છે. જેને જોઈને પ્રવાસીઓના દિલ ગાર્ડન ગાર્ડન થઈ ગયા છે. પહાડો પર સતત હિમવર્ષાથી ઠંડીમાં પણ વધારો થયો છે. જેના કારણે પહાડોથી લઈને મેદાની પ્રદેશ સુધી ઠંડા પવનો લોકોને ધ્રૂજાવી રહ્યા છે.

હવામાન શાસ્ત્રી અતુલ કુમાર સિંહે જણાવ્યું કે, ઉત્તરપ્રદેશમાં ૨૭ ડિસેમ્બરથી ફરી વરસાદ શરૂ થવાની સંભાવના છે. આ સાથે તાપમાનમાં વધુ ઘટાડો જોવા મળી શકે છે. તેમણે કહ્યું કે, ૨૯ ડિસેમ્બર પછી ઠંડી વધુ તીવ્ર બની શકે છે. જેના કારણે દિવસ દરમિયાન શીત લહેરની અસર જોવા મળી શકે છે. હવામાન વિભાગે ખેડૂતોને સતર્ક રહેવાની સલાહ આપી છે. સંભવિત વરસાદ અને બરફ વર્ષાના કારણે પાકને નુકસાન થઈ શકે છે. વિભાગે ખેડૂતોને તેમના પાકને બચાવવા માટે જરૂરી પગલાં લેવાની ચેતવણી આપી છે.

### જૂની કાર

૧૨ લાખની કિંમતમાં ખરીદેલી ગાડી રૂ. ૯ લાખમાં વેચવામાં આવે તો તેનુ માર્જિન રૂ. ૩ લાખ થશે. આ માર્જિનમાં પણ જો ઘસારા માટે અપીલ કરશો તો, કોઈપણ ટેક્સ ચૂકવવો પડશે નહીં. સામાન્ય રીતે જૂની અને યુઝ્ડ કાર ખરીદ કિંમત કરતાં ઓછા ભાવે જ વેચાતી હોય છે. કારણકે તેના પર ઘસારો લાગુ પડે છે.

આ ઘસારો મોંઘવારી અને વપરાશના વર્ષના આધારે નક્કી થાય છે. વધુમાં વ્યક્તિગત ધોરણે વેચવામાં આવેલી કાર પર કોઈ જીએસટી લાગુ થશે નહીં. અર્થાત જીએસટી રજિસ્ટર્ડ સેલર પર જ આ ટેક્સ લાગુ થશે.

જીએસટી કાઉન્સિલની ૫૫મી બેઠકમાં જૂની કારના વેચાણ પર જીએસટી ૧૨ ટકાથી વધારી ૧૮ ટકા કરવામાં આવ્યો છે. આ ટેક્સ માત્ર જીએસટી રજિસ્ટર્ડ યુઝ્ડ કારનો બિઝનેસ કરતાં લોકો પર જ લાગુ છે. સામાન્ય વ્યક્તિ પર તેનો બોજો પડશે નહીં. તેમાં પણ જીએસટી રજિસ્ટર્ડ ડીલર્સે પ્રોફિટ માર્જિનમાં જ ટેક્સ ચૂકવવો પડશે આ સિવાય નુકસાનમાં ટેક્સ લાગુ થશે નહીં.

ધારો કે, જૂની કારની લે-વેચ કરતાં વેપારીને રૂ. ૫ લાખમાં કાર વેચી હોય અને તેણે તેમાં રૂ. ૫૦૦૦૦નો ખર્ચ કરી કાર અન્યને રૂ. ૬ લાખમાં વેચી દીધી હોય તો તેને રૂ. ૫૦૦૦૦ બાદ મળશે. પરંતુ રૂ. ૫૦૦૦૦ના નફા પર ૧૮ ટકા ટેક્સ અર્થાત રૂ. ૯૦૦૦ ટેક્સ પેટે ચૂકવવા પડશે.

### મેલબોર્ન ક્રિકેટ મેદાન

સમર્થકો અને ભારતીય ચાહકો હાથમાં ઝંડા લઈને સતત નારા લગાવતા એકબીજા સાથે લડી રહ્યાં છે.આ ઘટના આજે સવારે બની હતી, જ્યારે ભારતીય ચાહકોની ખાલિસ્તાની સમર્થકો સાથે ઘર્ષણ થયું હતું, જેમને પાછળથી વિક્ટોરિયા પોલીસે વિખેરી નાખ્યા હતા.

મેલબોર્ન ટેસ્ટ મેચની ટિકિટ ન હોવા છતાં ખાલિસ્તાની સમર્થકો માત્ર હંગામો કરવા માટે સવારે પહોંચ્યા હતા. જો કે ટૂંક સમયમાં જ પરિસ્થિતિ કાબુમાં આવી ગઈ હતી. આ સમગ્ર ઘટનાનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

## છેલ્લા પાનાનું...

### શતાબ્દી મહોત્સવ

વિદ્યાદાન હેતુ રાજકોટ, અમદાવાદમાં વિવિધ શૈક્ષણિક સંકુલો સ્થાપિત કરવામાં આવી રહ્યા છે, ત્યારે આ ઉત્સવ નિમિત્તે આયોજિત સંમેલનોમાં વિચાર-વિમર્શ દ્વારા કુરીવાજ નિર્મૂલન અને સમાજ ઉત્કર્ષ માટે આ સમાજની પ્રતિબદ્ધતા જોવા મળે છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, અનેક ધાર્મિક, સામાજિક સંસ્થાઓના પરિશ્રમથી ગુજરાતમાં સદભાવના, વ્યસનમુક્તિ, મદદની ભાવનાનું વાતાવરણ જોવા મળે છે. આ શ્રેષ્ઠ કર્મોથી જ સમાજ આગળ આવશે. હાલના સમયમાં આ મૂલ્યો જાળવવા અને વિસ્તારવા માટે આધ્યાત્મિકતા તરફ વળવું જરૂરી બન્યું છે. માત્ર શાસ્ત્ર વાંચન નહીં પરંતુ આધ્યાત્મિકતાને જીવનમાં ઉતારવી વધારે આવશ્યક છે. ધનની દાન, ભોગ અને નાશ એમ ત્રણ પ્રકારની ગતિ પૈકી દાન ગતિ શ્રેષ્ઠ છે. તેમા પણ વિદ્યા દાન શ્રેષ્ઠ છે, તે ધનને પવિત્ર કરનારું છે. દાન આ જન્મમાં સારું કર્મ કર્યાના સંતોષનો અનુભવ કરાવે છે અને આવતા જન્મમાં આ પુણ્ય સુખ આપે છે. વિદ્યા સંકુલો માટે કરોડો રૂપિયાનું દાન કરનાર દાતાઓને મારા નમન છે. પાટીદાર સમાજે શ્રી૧૧ શતાબ્દી મહોત્સવની ઉજવણીની સાથે શિક્ષણધામ સહિત સમાજ ઉપયોગી કાર્યના સંકલ્પો થકી નવી પેઢી માટે શિક્ષણ, ઉન્નતિ અને પ્રગતિનાં દ્વાર ખોલશે.

પ્રાકૃતિક કૃષિ અભિયાનને રાજ્ય સરકારે વિશેષ ઝુંબેશના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં અમલી બનાવ્યું છે તેમ જણાવતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, નિરોગી કાયા એ ઈશ્વરના આશીર્વાદ છે. જો શરીર જ સ્વસ્થ નહીં હોય તો સંપત્તિ, વૈભવ બધું નિરર્થક છે. આજે જંતુનાશક દવાઓના પરિણામે ખેત ઉત્પાદનો કેન્સર, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર જેવા અનેક રોગોનું કારણ બન્યા છે. જેઓને કોઈ જ વ્યસન નથી તેવા લોકો પણ આજે કેન્સર જેવા ગંભીર રોગોના ભોગ બની રહ્યા છે. આ તમામ રોગોના મૂળમાં ખોરાકના માધ્યમથી શરીરમાં જતા ઝેરી પદાર્થો છે. આજે જંતુનાશક દવાઓથી ધરતી ઝેરયુક્ત અને તેના ઉત્પાદનો બિનઆરોગ્યપ્રદ બન્યા છે. ધાન્યોમાંથી પોષક તત્વો વિલુપ્ત થયા છે, ત્યારે જો આવનારી પેઢીને સશક્ત અને નિરોગી રાખવી હશે તો પ્રાકૃતિક કૃષિ જ એકમાત્ર વિકલ્પ છે.પ્રાકૃતિક કૃષિના પાંચ સિદ્ધાંતો અપનાવવાથી પાક ઉત્પાદનમાં કોઈ જ ઘટાડો થતો નથી કે કોઈ પણ પ્રકારનું નુકશાન થતું નથી પરંતુ જમીન ફળદ્રુપ બને છે અને ઉત્પાદનોમાં નોંધપાત્ર વધારો થાય છે, તેમ જણાવી કાર્યક્રમમાં લોકો સમક્ષ વીડિયો સંદેશના માધ્યમથી રાજયપાલએ પોતાનો કૃષિ અનુભવ રજૂ કર્યો હતો.

### વાહનો અથડાયા

અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં, જ્યાં હાલમાં તેમની સારવાર ચાલી રહી છે. તેઓને માથાના ભાગે ઈજા પહોંચી છે અને નાકમાંથી સતત લોહી વહી રહ્યું હોવાથી સીટી સ્કેન સહિતની તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં તેમની સ્થિતિ સ્પષ્ટ થઈ હતી. તેઓને ફક્ત બંને હાથમાં ફ્રેક્ચર થયું હોવાથી સર્જીકલ વિભાગમાંથી ઓર્થોપેડિક વિભાગમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. વધુ ગંભીર ફ્રેક્ચર હશે તો તેમની આવતીકાલે સર્જરી કરવામાં આવશે. આ મામલે પોલીસે જણાવ્યું હતું કે રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે નં. ૪૭ પર બાવળા નજીક ભમાસર ગામની સીમ પાસે અકસ્માત થયો હતો, જેમાં કોઇ ડીઝલ ટેન્કર હતું નહિ. બગોદરા તરફથી એક કાપડના રોલ ભરેલ આઇસર ગાડીના ચાલક કમલસિંગ હરીસિંગ (રહે. પટેલ કા વાડીયા, રાજવા, જિ. રાજસમંદ બીલીયાવાસ, રાજસ્થાન) દ્વારા આઇસર ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ડિવાઇડર કુદાવી સામેની સાઈડ જઇ સામે બાવળા તરફથી આવતી આઇસરને ટક્કર મારી હતી. જેની પાછળ આવતી બીજી આઇસર તથા તેની પાછળ સિમેન્ટનુ બલ્કર સાથે અથડાઇ પલટી ખાઇ જતા અકસ્માત કરનાર આઇસર તથા બાવળા તરફથી આવતી બે આઇસર તથા એક બલ્કરમાં આગ લાગી હતી.

આ મામલે પોલીસ તથા ફાયર બ્રિગેડને ફોન કરતાં બાવળા તથા ધોળકા નગરપાલિકાથી ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડે આગ બુઝાવી હતી. આ અકસ્માત કરનાર આઇસર ચાલક તથા તેની કેબીનમા બેઠેલા બીજા એક માણસ સહિત ૨ લોકોના મૃત્યુ થયા છે. અન્ય આઇરસના ચાલક જીગ્નેશભાઈ દિલીપભાઈ વાજા (ઉં.વ.૩૨ રહે. જુનાગઢ, મધુરમ સોસાયટી સાકર રેસિડન્સી, બ્લોક નં.૩ જિ. જુનાગઢ ).ને ઈજા થતા ૧૦૮ મારફતે સોલા સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે લઇ ગયાં હતાં.અમદાવાદમાં બાવળા-બગોદરા હાઈવે પર ભમાસરા ગામ પાસે રાજસ્થાનના જયપુર અકસ્માત જેવી ઘટના બની છે. વાસ્તવમાં અહીં કાપડ ભરેલી ટ્રક અને અન્ય એક ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો. જોકે અકસ્માત બાદ ટ્રકમાં આગ લાગી જતાં ત્યાંથી પસાર થતાં અન્ય વાહનો પણ અસરગ્રસ્ત થયા હતા. આ સમગ્ર ઘટનામાં ૨ ટ્રકના ૨ લોકો ઘાયલ થતા હોસ્પિટલમાં ખસેડાયા છે. અકસ્માતમાં ૧ ટ્રકમાં સવાર ૨ લોકોના મોત થયા છે. મળતી માહિતી મુજબ, બાવળા તરફથી બગોદરા તરફ જતા ટ્રકોમાં ઘઉં અને ચોખાની બોરીઓ ભરેલી હતી. મોડી રાત્રે સર્જાયેલા અકસ્માતમાં કલાકો સુધી રાત્રે ટ્રાફિકજામ રહ્યો હતો. આ તરફ ઘટનામાં ફાયર બ્રિગેડે આગ પર કાબૂ મેળવ્યો તો પોલીસે ટ્રાફિકજામને હળવો કર્યો હતો.

### ગેસલાઈનમાં ભંગાણ

ત્યાં આવેલી ૬ જેટલી દુકાનો આગની ઝપેટમાં આવી ગઈ હતી.આ ઉપરાંત દુકાનની ઉપર લોકો રહેતા હોય તેઓ પણ ગભરાઈ ગયા હતા. આ ઘટનામાં એક જ પરિવારના બે બાળકો સહિત ચાર લોકો દાજી ગયા હતા. પતિ પત્ની અને તેમની ૪ વર્ષની દીકરી અને ૧ વર્ષનો દીકરો દાઝી ગયો હતો. તેઓને સારવાર અર્થે ૧૦૮ની મદદથી સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા હતા.

આ બનાવની જાણ થતાં ગુજરાત ગેસ કંપનીના અધિકારીઓ અને ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ગુજરાત ગેસ કંપનીના અધિકારીઓએ તાત્કાલિક ગેસ લાઇનને બંધ કરી હતી અને બાદમાં ફાયર વિભાગની ટીમે પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો.આ આગના કારણે ૬ જેટલી દુકાનો નુકસાન પહોંચ્યું હતુ જેમાં બે મોબાઈલની કટલરી અને કપડાની દુકાનો હતી, જેના પરિણામે દુકાનદારને મોટું નુકસાન થયું છે. અહીં સ્થાનિકો દ્વારા રસ્તા પર આડશ કરીને વિરોધ પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### હૃદય થીજી ગયા

હતાં અને પ્રાઈવેટ નોકરી કરતાં હતાં. બીજા બનાવમાં રાજનગર ચોક કરણ પાર્ક પાસે કૈલાસ સોસાયટીમાં રહેતાં જયેશભાઇ દેવજીભાઇ રત્નોતર (ઉ.વ.૫૧) નામના રિક્ષાચાલક ઘરે ઉલ્ટી થયા બાદ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેઓ ત્રણ ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં બે પુત્ર છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું.

ત્રીજા બનાવમાં કોઠારીયા સોલવન્ટ ગુ.હા. બોર્ડ કવાર્ટરમાં રહેતાં અજીતભાઇ લક્ષ્મીદાસ મેસવાણીયા (ઉ.વ.૫૫) ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ દમ તોડી દીધો હતો. તેઓ વાયરમેન તરીકે કામ રતાં હતાં અને બે ભાઇમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર છે.

ચોથા બનાવમાં ગાંધીગ્રામ જીવંતીકાનગરમાં રહેતાં સુરેશભાઇ મેઘજીભાઇ પિત્રોડા (ઉ.વ.૫૫) રામાપીર ચોકડીએ શાષીનગર-૧૦ના ખુણે મકાનનું કલર કામ કરતાં હતાં ત્યારે છાતીમાં દુઃખાવો ચાલુ થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેઓ બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. હોસ્પિટલ પોલીસ ચોકીના એએસઆઇ રામશીભાઇ વરૂ, ભાવેશભાઇ મકવાણા, તૌફિકભાઇ જુણાચ, ધર્મેન્દ્રભાઇ હુદડે જે તે પોલીસ સ્ટેશનને બનાવોની જાણ કરી હતી. ચારેય બનાવોમાં સ્વજનને ગુમાવવાને કારણે પરિવારજનોમાં ગમગીની છવાઇ ગઇ હતી.

### પત્નીની હત્યા

સમયથી રાની ફરિયાદી પિતા અર્જુનસિંહ સાથે રાજસ્થાન રહેતી હતી. જેમાં એકાદ મહિના પૂર્વે રાહુલ રાજસ્થાન ગયો હતો અને હવે રાની સાથે ઝઘડો નહિ કરે તેમ કહી રાની અને રેવાલીને બન્નેને પત્ની તરીકે સાથે રાખશે તેમ કહી મોરબી લાવ્યો હતો. વધુમાં અર્જુનસિંહે જણાવ્યું હતું કે, આરોપી રાહુલ તેમની દીકરી રાની ઉર્ફે પાયલને ફરી મોરબી લાવ્યા બાદ ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું અને ગત તા.૨૩ના રોજ રાહુલ અને રેવાલીએ રાની ઉર્ફે પાયલનો કાંટો કાઢી નાખવા પોતાની ઓરડીમાં ગળેટુપો આપી બાદમાં લાશને ઓરડીમાંથી બહાર નીચે ઉતારી દઈ ઠંડા કલેજે રાની બેભાન હાલતમાં મળી આવ્યાનું જાહેર કર્યું હોવાનું જણાવ્યું હતું. પતિ, પત્ની ઔર વો જેવા ચોંકાવનારા આ કિસ્સામાં પોલીસે હત્યા અંગેનો ગુંન્હો નોંધી પતિ અને સૌતનને ગિરફતમાં લેવા તજવીજ શરૂ કરી છે.

# શ્રી૧ા શતાબ્દી મહોત્સવ નવી પેઢી માટે શિક્ષણ, ઉન્નતિ, પ્રગતિનાં દ્વાર ખોલશેઃ રાજ્યપાલ દેવવ્રત

## ઉમિયાધામ સિદસર મહોત્સવમાં રાજયપાલની ઉપસ્થિતિમાં કૃષિ સંમેલન યોજાયુંઃ ખેતી સાથે જોડાયેલા પાટીદાર સમાજે કૃષિ ક્ષેત્રે અનેક ક્રાંતિઓ સર્જી છેઃ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ

### વેણુ કાંઠે હજારો દીવડાઓ મશાલની સહસ્ત્રદીપ આરતીથી ગંગાઘાટ જેવા દશ્યો સર્જાયા, મહોત્સવનાં પ્રથમ દિવસે ૪૪ કરોડથી વધુ રકમનું દાન















**રાજકોટ,તા.૨૬**

વેણુ નદીના કાંઠે વસેલા સિદસર ખાતે પંચદિવસીય શ્રી૧ા શતાબ્દી મહોત્સવમ ઉમીયા માતાજી મંદિર સિદસર દ્વારા અમલી બનાવાયેલ ઉમીયા સમૃધ્ધી યોજના-૩ અંતર્ગત ગઈકાલે પ્રથમ દિવસે ૪૪ કરોડ થી વધુના દાનની જાહેરાત દાતાઓ દ્વારા કરવામાં આવી છે. વેણુ નદીના કાંઠે સાંજે યોજાયેલી સહસ્ત્રદિપ આરતીમાં પાટીદારોએ હજારો દિવડા મસાલ સાથે જોડાયા હતા.લેસર શો માઁ વેણુ નદીમાં ખાસ ઉભા કરવામાં આવેલ પ્રતિબીંબ દ્વારા માઁ ઉમીયાના પ્રાગટયની ગાથા દર્શાવવામાં આવેલ હતી. આજે કૃષિ સંમેલનમાં ઉપસ્થિત રાજયપાલ દેવવ્રત આચાર્યજીએ પ્રાકૃતિક ખેતી વિશે માર્ગદર્શન આપ્યુ.

પાટીદારોના કુળદેવી માઁ ઉમીયાના સાનિધ્યમાં ગઈકાલે વેણુ નદીના કાંઠે યોજાયેલ સહસ્ત્રદિપ મહા આરતીમાં હજારો દિવડા મશાલના સથવારે રંગારંગ દ્રશ્યો સર્જાયા હતા. માઁ ઉમીયાના મંદિર સામે વેણુ નદીમાં લેસર શો દ્વારા માઁ ઉમીયાની ગાથા દર્શાવવામાં આવી હતી. ઉમીયા માતાજી મંદિર સિદસર દ્વારા અમલી ઉમીયા સમૃધ્ધિ યોજના-૩ અંતર્ગત રૂા.૪૯૯ કરોડના સામાજિક વિકાસ કાર્ય માટે ગઈકાલે મહોત્સવના પ્રથમ દિવસે દાતાઓએ રૂા.૪૪ કરોડના દાતાની જાહેરાત થઈ હતી. પાટીદાર દાતાઓ વરસી પડયા હતા.

મહોત્સવના બીજા દિવસે કૃષિ સંમેલનમાં રાજયના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલએ જણાવ્યું હતું કે ખેતી સાથે જોડાયેલ પાટીદાર સમાજે કૃષિ ક્ષેત્ર અનેક ક્રાંતીઓ સર્જી છે. કૃષિ સંમેલનમાં મહોત્સવના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણીએ ઉમિયા માતાજી મંદિર સિદસરની ઉમીયા સમૃધ્ધિ યોજના-૩ માં પાટીદાર સમાજના દિલેર દાતાઓના સહયોગથી સામાજિક વિકાસના ભગીરથ કાર્ય થશે. પંચદિવસીય મહોત્સવની ૧૯૨ જેટલી સમિતીમાં દિવસ રાત ફરજ બજાવી મહોત્સવને ચાર ચાંદ લગાવી દેનાર ૫૯૯ થી વધુ સ્વયંસેવકોની સેવાને બિરદાવી હતી.

સવા શતાબ્દી મહોત્સવની ઉજવણી અંતર્ગત યોજાયેલા વિરાટ કૃષિ સંમેલનમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આજે જણાવ્યું હતું કે, આપણી સંસ્કૃતિમાં માતૃશક્તિનું અનેરું સ્થાન છે. વીરતા, વિદ્યા અને ધનના આદર્શ માતા દુર્ગા, સરસ્વતી અને લક્ષ્મીજી છે. 'માતૃદેવો ભવઃ' ની આપણી સંસ્કૃતિ સંદેશ આપે છે કે, માતાનું સાંન્નિધ્ય, આશીર્વાદ અને કૃપા સંતાનની તમામ ઈચ્છાઓ પૂર્ણ કરે છે અને તેને સુખથી સંતૃપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે. સિદસર ખાતે માતાજીના પ્રાગટ્યના ૧૨૫ વર્ષ થયા છે ત્યારે આ માત્ર જન્મોત્સવ નહીં પરંતુ સમાજોત્કર્ષનું પર્વ છે. સમાજની આવનાર પેઢીઓમાં સંસ્કાર સિંચન અને

(અનુસંધાન પાના નં.૭)

### કૃષિ સંમેલનમાં મહેમાન બનેલા મહાનુભાવો

**સિદસર** ખાતે તા.૨૬ને ગુરૂવારના રોજ સવારે ૯ કલાકે યોજાયેલ કૃષિ સંમેલનમાં અતિથિવિશેષ તરીકે વિશ્વ ગુજરાતી સમાજના પ્રમુખ સી.કે. પટેલ,ધારાસભ્યો દુર્લભજીભાઇ દેથરીયા, મહેન્દ્રભાઇ પાડલીયા, પ્રકાશભાઇ વરમોરા, ઉપાટીદાર સમાજ અમદાવાદના પ્રમુખ મગનભાઇ જાવીયા, પાટીદાર સમાજ વડોદરાના પ્રમુખ મણીભાઇ વાછાણી, પાટીદાર સમાજ સુરતના પ્રમુખ વજુભાઇ માણાવદરીયા, પાટીદાર સમાજ મુંબઈના પ્રમુખ ગીરીશભાઈ ગોવાણી, સુરેન્દ્રનગરના પરસોતમભાઈ વરમોરા, ઉમીયાધામ ખાતે બપોરબાદ યોજાયેલા સામાજીક સંમેલનમાં સમારોહના અધ્યક્ષ તરીકે ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝાના પ્રમુખ બાબુભાઈ જમનાદાસ પટેલ, ઉમિયામાતાજી મંદિર સિદસરના પ્રમુખ જેરામભાઈ વાંસજાલીયા મહોત્સવના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી, મહામંત્રી જયેશભાઈ પટેલ, સહ મહામંત્રી કૌશિકભાઈ રાબડીયા, મહોત્સવની આયોજન સમિતિના પ્રમુખ ચીમનભાઈ સાપરીયા, કન્વીનરો ગોવિંદભાઈ વરમોરા, મનસુખભાઈ પાણ, મહોત્સવના મુખ્ય યજમાન જગદિશભાઇ કોટડીયા, પુનીતભાઈ ચોવટીયા ઉમીયા સમૃધ્ધિ યોજનાના બી.એચ.ઘોડાસરા સમુધ્ધિ યોજના-૨ ના મહાપદ્મ દાતા જીવનભાઈ ગોવાણી, સરદારધામ અમદાવાદના ગગજીભાઈ સુતરીયા, ઉમાધામ ગાંઠીલાના પ્રમુખ નિલેશભાઈ ધુલેશીયા, ઉમિયાધામ નાગપુરના પ્રમુખ જીવરાજભાઈ પટેલ, રાજકોટના મુળજીભાઈ ભીમાણી, ગીંગણીના રમેશભાઈ સાપરીયા, અમેરીકાથી અશ્વિનભાઈ જાવીયા, દિપકભાઈ ગોવાણી ઉપસ્થિત રહયા હતા.

### આવતીકાલે કેન્દ્રીય મંત્રી, મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે

**મુખ્યમંત્રી** ભુપેન્દભાઈ પટેલ મહોત્સવમાં ઉદઘાટક તરીકે ઉપસ્થિત રહયા ન હતા. પરંતુ ૨૮ તારીખે શનિવારે ઉદ્યોગિક સંમેલનમાં કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા તથા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ ઉપસ્થિત રહેશે. મહોત્સવમાં પ્રથમ દિવસે બ્લડ ડોનેશન કેમ્પ દ્વારા ૭૪૫ બોટલ જેટલું રકત એકત્રીતકૃષિ સંમેલનમાં પાટીદારોએ રાજયપાલ શ્રી દેવવ્રત આચાર્યનું હળ આપી સન્માન કરાયું.૧૯૯૯ તથા ૨૦૧૨ ના મહોત્સવ બાદ શ્રી ૧ા શતાબ્દી મહોત્સવમાં તમામ યાત્રીકોને વરીયાળી સરબતની અવિરત સેવા આપતુ હાઇબોન્ડ ગ્રુપ. જળકાંતિ ટ્રસ્ટ દ્વારા ગૌ-વંશ ના પુસ્તકની હાથી અંબાડી પર શોભાયાત્રા યોજી ગાય એ જીવનનો સંદેશ આપ્યો હતો.

# અમદાવાદ-રાજકોટ હાઇ-વે ઉપર ચાર વાહનો અથડાયા બાદ બ્લાસ્ટઃ ૨નાં મોત

## થોડા દિવસો પૂર્વે જયપુર હાઈવે પર બનેલી ઘટના જેવો અકસ્માતઃ ટ્રકમાં ભરેલા કપડાથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું



**અમદાવાદ,તા.૨૬**

ગત ૨૦ ડિસેમ્બરની સવારે જયપુરમાં અજમેર-હાઇવે પર એવો અકસ્માત થયો કે જે દેશભરમાં ચર્ચાનો વિષય બન્યો. એલપીજી ગેસથી ભરેલા ટેન્કરને ટ્રકે ટક્કર મારતા જોરદાર વિસ્ફોટ થયો હતો. અકસ્માતમાં ૧૧ લોકો જીવતા ભૂંજાયા અને ૩૩ લોકો દાઝી ગયા હતા. અમદાવાદ-રાજકોટ હાઈવે પર આવો જ અકસ્માત થયો છે. અમદાવાદના બાવળા અને બગોદરા વચ્ચે ભમાસરા ગામ પાસે અકસ્માત થયો હતો. બગોદરાથી અમદાવાદ તરફ જતી કાપડની ટ્રકનું ટાયર ફાટતા બાવળા તરફથી બગોદરા તરફ જતી ટ્રક સાથે અથડાઈ હતી. આ ઘટનામાં કુલ ૪ ભારે વાહનો અથડાતા મોટો અકસ્માત થયો હતો.

આ અંગે મળતી વિગતો મુજબ, ટ્રક અથડાતા બ્લાસ્ટ થઈને આગ લાગી હતી. આ અકસ્માત અને આગની ઘટનામાં ૧ ટ્રકમાં સવાર ૨ લોકોના મોત થયા છે, જ્યારે બે લોકોને ઈજા પહોંચી છે. ઘટનાની જાણ થતા બાવળા, બગોદરા અને કોઠ પોલીસ સ્થળે પહોંચી હતી. ધોળકા, સાણંદ સહિતના ફાયર બ્રિગેડની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબુ મેળવ્યો હતો. હાલ પોલીસ દ્વારા આ મામલે તપાસ શરૂ કરાઇ છે.

રાજકોટ- અમદાવાદ હાઈવે પર મધરાત્રે સર્જાયેલા અકસ્માતમાં ઘાયલ જીગ્નેશભાઈ દિલીપભાઈ વાજાને સવારે ૨:૪૫ કલાકે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તેમની સ્થિતિ વધુ ગંભીર હોવાથી સવારે ૭ વાગ્યે તેમને

(અનુસંધાન પાના નં.૭)

## પોસ્ટ મેટ્રિક સ્કોલરશિપ બંધ કરવા અંગેના પરિપત્રને રદ કરવાની માગણી સાથે ઉગ્ર દેખાવો

# ગાંધીનગરમાં સ્કોલરશિપ મામલે વિદ્યાર્થીઓનો હલ્લાબોલ

**ગાંધીનગર,તા.૨૬**

આદિવાસી સમાજનાં બાળકોને ઉચ્ચ અભ્યાસ માટેની પોસ્ટ મેટ્રિક સ્કોલરશિપ સરકારે બંધ કરી દેતા વિદ્યાર્થીઓ અને વાલીઓ મુશ્કેલીમાં મુકાયા છે. આદિજાતિ સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટેની પોસ્ટ મેટ્રિક સ્કોલરશિપ પુનઃ શરૂ કરવા અગાઉ પણ બીરસા મુંડા ભવન ખાતે વિરોધ પ્રદર્શન કરાયો હતો.





પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિના પરિપત્રના વિરોધમાં વિદ્યાર્થીઓ અને એબીવીપીએ ગાંધીનગર ખાતે દેખાવો કર્યો છે. એબીવીપી અને વિદ્યાર્થીઓ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિના પરિપત્રના વિરોધમાં ગાંધીનગરના બિરસા મુંડા ભવન ખાતે પહોંચ્યા હતા. પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિમાં મેનેજમેન્ટ ક્વોટાને શિષ્યવૃતિ મળવા પાત્ર ન હોવાના સરકારના પરિપત્ર સામે વિરોધ કરવામાં આવ્યો છે. પ્રવેશ પ્રક્રિયા બાદ સરકારના પરિપત્રના કારણે વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા હોવાનો પણ આક્ષેપ કરાયો છે.

પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિમાં મેનેજમેન્ટ ક્વોટાના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ ન આપવાના કારણે ૬૦ હજાર વિદ્યાર્થીઓને સીધી અસર થઈ હોવાનો વિદ્યાર્થીઓ અને એબીવીપીએ આક્ષેપ કર્યો છે. વિદ્યાર્થીઓ અને એબીવીપીએ અત્યારે વિરોધ પ્રદર્શન કરીને આ પરિપત્રને રદ કરવા અને શિષ્યવૃતિ આપવા રજૂઆત કરી છે. હવે જોવાનું એ રહે છે કે, સરકાર દ્વારા આ મામલે કેવો નિર્ણય લેવામાં આવે છે. સરકાર પરિપત્રને રદ કરે છે કે પછી યથાવત રાખે છે તે જોવું રહ્યું!

એબીવીપીના પ્રાંત સહમંત્રી દીપ દેસાઈએ જણાવ્યું કે, ગુજરાતના જનજાતિ ગરીબ-મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ જેમણે કોલેજોમાં એડમિશન લઈ લીધું છે. તેમના વાલીઓને એવું હતું કે, વિદ્યાર્થીઓની ફી સરકાર ભરશે. હવે બિરસા મુંડા ભવનના અધિકારીઓ દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે કે, વિદ્યાર્થીઓની ફી અને તેમને લીધેલું એડિમિશન હવે મેનેજમેન્ટ કોટામાં ગણાશે. તેમની ફી સરકાર નહીં ભરે. આ મામલે વિદ્યાર્થી પરિષદે કલેક્ટરને આવેદન આપ્યું. મંત્રીને રજૂઆત કરી. પરંતુ કોઈ ઉકેલ ન આવતા આજે એબીવીપી દ્વારા અહીં મોટી સંખ્યામાં વિરોધ કરવામાં આવી રહ્યો છે અને આ તો હજુ ટ્રેલર છે, સાંજ પડતાં પડતાં પિક્ચર હજુ બાકી છે. તો પરિસરમાં બેઠેલા અધિકારીઓ માટે સ્પષ્ટપણે ચેતવણી કે પરિપત્ર રદ કરો.

# સુરતમાં ગેસ લાઈનમાં ભંગાણ બાદ આગ ભભૂકીઃ ૪ દાઝયા

## ખોદકામ વેળાએ ભંગાણ થયા બાદ આગની લપેટમાં ૬ દુકાન ખાક



**સુરત,તા.૨૬**

સુરતના ગોડાદરા સુપર સિનેમા પાસે ખોદકામ દરમિયાન ગેસ લાઈનમાં ભંગાણ સર્જાતા આગ ભભૂકી ઉઠી હતી. આગ પ્રસરી જતાં ત્યાં આવેલી ૬ જેટલી દુકાનો આગની ઝપેટમાં આવી ગયી હતી, તેમજ ત્યાં રહેણાક વિસ્તાર હોય એક જ પરિવારના બે બાળકો સહિત ચાર દાઝી ગયા હતા.

બીજી તરફ બનાવની જાણ થતાં ગેસ કંપનીનાઅધિકારીઓ અને ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. જ્યારે આ ઘટનામાં ચાર લોકો દાજી ગયા હતા તેઓને સારવાર રહેશે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, સુરતના ગોડાદરા વિસ્તારમાં સુપર સિનેમાની પાસે ખોદકામની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થતી ગુજરાત ગેસની લાઈનમાં ભંગાણ સર્જાયું હતું. જે બાદ ગેસ લીકેજ થતા આગ ભભૂકી ઊઠી હતી. આ આગે મોટું સ્વરૂપ ધારણ કરી લેતા

(અનુસંધાન પાના નં.૭)



## રેલનગર, કૈલાસ સોસાયટી, કોઠારીયા સોલવન્ટ અને જીવંતીકાનગરમાં રહેતાં મૃતકોના પરિવારજનોમાં ગમગીની

# કડકડતી ઠંડી વચ્ચે રાજકોટમાં ચાર લોકોના હૃદય થીજી ગયા

**રાજકોટ,તા.૨૬**

વધી રહેલી ઠંડી વચ્ચે હૃદય રોગથી હુમલાના બનાવો પણ વધી ગયા છે. આ સિલસિલો આજે પણ ચાલુ રહ્યો હતો. અલગ અલગ બનાવમાં પચાસથી પંચાવન વર્ષની વયના ચાર પ્રોઢના હૃદય બેસી જવાથી બેભાન થઇ ગયા બાદ સિવિલ હોસ્પિટલમાં મોત થયા હતાં.

જાણવા મળ્યા મુજબ રેલનગરમાં રહેતાં જીતેન્દ્રભાઇ જેન્તીભાઇ બારડ (ઉ.વ.૫૧) ઘરે બેભાન થઇ જતાં મોત થયું હતું. તેમને હાર્ટએટેક આવી ગયાનું જાહેર થયું હતું. મૃત્યુ પામનાર જીતેન્દ્રભાઇ બે ભાઇ અને બે બહેનમાં ત્રીજા તથા અપરિણીત

(અનુસંધાન પાના નં.૭)

# મોરબીના જાંબુડિયામાં પતિએ પ્રેમિકા સાથે મળી પત્નીની હત્યા નીપજાવી

## સીમમાં બેભાન હાલતમાં મળેલા પરિણીતાના મૃતદેહની તપાસમાં હત્યા થયાનો ઘટસ્ફોટ





**મોરબી,તા.૨૬**

મોરબીના જાંબુડિયા ગામની સીમમાં આવેલ જાજરૂ ગયા બાદ બેભાન હાલતમાં પરિણીતાના મળત્યુના કિસ્સામાં પતિ અને સૌતને મળી પત્નીને મોતને ઘાટ ઉતારી નાખી હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. પતિ, પત્ની ઔર વો જેવા આ કિસ્સામાં મળતક પરિણીતાના પિતાની ફરિયાદને આધારે પતિ અને સૌતને વિરૂદ્ધ ફરિયાદ નોંધાઇ છે.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ મોરબી તાલુકાના જાંબુડિયા ગામની સીમમાં આવેલ ઓલ્વિન સિરામિક ફેકટરીમાં રહેતા મૂળ મધ્યપ્રદેશના વતની રાહુલ રોડુમલ નાયકે ગઈકાલે મોરબી તાલુકા પોલીસ મથકમાં પોતાની પત્ની રાની ઉર્ફે પાયલ જાજરૂ ગયા બાદ પરત ન આવતા તપાસ કરતા બેભાન હાલત-માં મળી આવ્યાનું તાલુકા પોલીસ સમક્ષ જાહેર કર્યું હતું. બીજી તરફ પોલીસને બનાવ શંકાસ્પદ જણાતા મળતક રાની ઉર્ફે પાયલનું રાજકોટ ફોરેન્સિક પીએમ કરાવતા ગળાના ભાગે દોરડાના નિશાન હોવાનું સામે આવ્યું હતું તેમજ ઇજાના નિશાન જોવા મળ્યા હતા.

દરમિયાન મળતક રાનીના જેઠે રાનીના પિતા અર્જુનસિંહ મોડાજી નાયકને રાની મળત્યુ પામી હોવાની જાણ કરતા તેઓ મોરબી દોડી આવ્યા હતા અને પોલીસ સમક્ષ ચોંકાવનારી હકીકત જાહેર કરતા જણાવ્યું હતું કે, રાનીના પતિ આરોપી રાહુલ રોડુલાલા નાયકને તેના જ કારખાનામાં કામ કરતી રેવાલી સાથે પ્રેમ સંબંધ હોય બન્ને પતિ પત્નીની જેમ જ રહેતા હતા અને રાનીને રસ્તામાંથી હટાવી દેવા ત્રાસ આપતા હોવાથી છેલ્લા ઘણા

(અનુસંધાન પાના નં.૭)

વર્ષઃ ૧૬, અંકઃ ૨૬, પ્રિન્ટર અને પ્રકાશક મયુરસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા દ્વારા માલિક સિદ્ધિવિનાયક કોમ્યુનિકેશન્સ પ્રા.લિ. વતી દૈનિક 'કાઠિયાવાડ પોસ્ટ', 'નિધિરેશ પ્રિન્ટરી' (યુનિટ-૨), ૫૦-કૈલાશધામ સોસાયટી, રૂડા ટ્રાન્સપોર્ટનગર, સાત હનુમાન પાછળ, નવાગામ, રાજકોટ ખાતેથી છાપ્યું અને એસ-૫૭, બીજું સર્કલ, શાસ્ત્રીનગર સોસાયટી, નાનામવા મેઈન રોડ, રાજકોટ ખાતેથી તા. ૨૭/૧૨/૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ થયું. તંત્રીઃ નીરજ હરગોવિંદભાઈ વ્યાસ.
Year: 16, Issue: 26, Printed and Published by Mayursinh Aniruddhsinh Jadeja on behalf of Siddhi Vinayak Communications Pvt. Ltd. printed at Nidhiresh Printery (Unit-2), 50-Kailashdham Society, Nr. Ruda Transportnagar, B/H. Sat Hanuman Temple, Navagam, Rajkot and Published at S-57, 2nd Circle, Shashtrinagar Society, Nanamauva Main Road, Rajkot. on dated: 27/12/2024. Editor: Niraj Hargovindbhai Vyas.